સળંગ અંક ૪૦ ★ ઓગસ્ટ-૨૦૧૦

શ્રી સ્વામિનારાયણ

માસિક

કિંમત રૂા. ૫-૦૦



પ.પૂ. લાલજી મહારાજશ્રીનો
૧૩મો પ્રાકટ્યોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧













૧. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવ સમક્ષ ભવ્ય હિંડોળા દર્શન

૨. ગુરુ પૂર્ણિમા પ્રસંગે સભામાં દર્શન આપતાં પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રી.

૩. ગુરુ પૂર્ણિમા પ્રસંગે અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં પૂ.ધ્યાનિ સ્વામી ધર્મવંશી ગુરુનું માહાત્મય સમજાવતાં.

૪. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુરમાં ભવ્ય નૂતન વી.આઈ.પી. ઉતારાની શિલાન્યાસ વિધિ પ.પૂ.મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં પ.પૂ.લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ. સાથે મહંત શા.સ્વા.હરિકૃષ્ણદાસજી, નારણઘાટ મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને કોઠારી દિંગમ્બર ભગત,પ.ભ. રતિભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી)

૫. ઉવારસદ મંદિરના પ્રસાદીના દરવાજા શ્રી સ્વા. મ્યુઝિયમ માટે પ.પૂ.મોટા મહારાજશ્રીને અર્પણ કરતાં હરિભક્તો



શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૪ | અંકઃ ૪૦ | ઓગસ્ટ-૨૦૧૦

સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞાથી
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.in
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	શ્રી નરનારાયણદેવ માહાત્મ્ય	૪
૪.	આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (૧૩ મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે)	૫
૫.	માંસ ન ખાવત	૬
૬.	"ૐ શ્રી જ્ઞાનિને નમઃ"	૮
૭.	સિંહસમા શૂરવીર પાર્ષદ ભગુજી	૧૦
૮.	શ્રી ઠાકોરજીની સેવા રીતિમાં ઉપયોગી મહત્વની વિગતો	૧૧
૯.	"ધર્મકુળવંશી આચાર્યોના નામ પૂર્વે ધર્મધુરંધર પરમ પૂજ્ય ૧૦૦૮ શ્રી" કેમ લાગે છે ?	૧૩
૧૦.	આનંદની હેલી	૧૫
૧૧.	સત્સંગ સુરભિ	૧૬
૧૨.	સત્સંગ બાલવાટિકા	૧૮
૧૩.	ભક્તિ સુધા	૨૦
૧૪.	સત્સંગ સમાચાર	૨૪

અસ્મદીયમ

સમગ્ર દેશમાં વર્ષાઋતુ પુરજોશમાં ચાલુ થઈ ગઈ અને જગતનો તાત ખેડૂત ધનધાન્યની વાવણીમાં લાગી ગયો છે. આપણો દેશતો ૮૦ ટકા ખેતી આધારિત છે. જેથી સારુ ચોમાસું હોય તો ખેત પેદાશ ખૂબજ પાકે, જેથી સામાન્ય માણસનું જીવન ધોરણ કાંઈક અંશે વ્યવસ્થિત ચાલે. ભગવાને જીવન આપ્યું છે એટલે પેટ અર્થે પણ કાંઈક ઉધમ કરવો પડે. ગૃહસ્થોને જીવન વ્યવહાર ચલાવવો ઘણો અઘરો અને કપરો હોય છે. માણસ જન્મથી લઈ છેક છેલ્લા શ્વાસ સુધી ઝઝુમતો અને મથતો રહે છે. તૃષ્ણાનો કોઈ પાર નથી. નાનો માણસ એક પોતાનો માળો નાનામાં નાનું ઘર કરવું એ એનું દુસ્વપ્ન હોય છે. જે મળતા મોટો ફલેટ, આલિશાન સુખ સગવડ વાળો બંગલો, ટુવ્હીલરથી લઈ ફોર વ્હીલર ઉંચામાં ઉંચી મોડલની મોટર કાર, એ.સી., મોટુ પદ, મોભો, વડો, આ બધું મેળવવા આખી જીંદગી વહી જાય છે. તોય સંતોષની પરિસીમા ના કોઈ ચિન્હ જણાતા નથી. અને છેવટે તૃષ્ણાની વધુને વધુ પ્રાપ્ત કરવાની લાહ્યમાં જીવન પુરું થઈ જાય છે અને ફરી લખચોરાસીના ફેરામાં ભટકવાનો સમય આવે છે. આ બધું આપણે જાણીએ છીએ સમજીએ છીએ છતાં ઠેરના ઠેર. માટે સુજ્ઞજનો ! આ મહામૂલો મનુષ્ય જન્મ એળે ન જાય તે માટે ખૂબજ સાવધાન થઈને જીવનું આત્માનું શ્રેય થાય તેવું કરશો તો ફરી ફરી લખ ચોરાશીની યોનિમાં ભટકવું નહીં પડે. આપણા તો કેવા ભાગ્ય છે ! આ અદ્‌ભુત અને અલૌકિક સંપ્રદાયમાં ભગવાને આપણને જન્મ આપ્યો છે. આવા સાક્ષાત્ સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના સ્થાપેલ દેવ, આચાર્યશ્રી, સંતો, સત્તશાસ્ત્રો આ બધું આપણને સુલભ અને સરળતાથી પ્રાપ્ત થયું છે. તેમ છતાં પણ જો આપણે ચેતીશું નહીં તો .....?

જગતના બીજા મનુષ્યોને ભકિત, જ્ઞાન, મોક્ષ કે કલ્યાણ આ કાંઈજ ખબર નથી તેની ડિક્ષનરીમાં આ સુંદર શબ્દો ક્યારેય જોયા નથી એટલે એના જેવું આપણે નથી. આપણને આ દુર્લભમાં દુર્લભ સત્સંગ મળ્યો છે જેથી જેટલું થાય તેટલું ભગવાનનું ભજન ભક્તિ કરી લેવી. આ જીવ માટે કરવાનું છે. કોઈ દેખાડવા કરવાનું નથી તેનું ખાસ અનુસંધાન રાખવું. અત્યારે આપણા દરેક મંદિરોમાં ભગવાનને હિંડોળામાં ઝુલાવતા સુંદર અલૌકિક દર્શન થાય છે. ચાતુર્માસમાં આવા અદ્‌ભુત દર્શન અને વિશેષ કથા શ્રવણ આદિ વિશેષને વિશેષ થાય એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જુલાઈ-૨૦૧૦)



૧. ઈટાદરા ગામે પ.ભ. ગોરધનભાઈ પટેલ અને માણસા ગામે પ.ભ. ઈશ્વરભાઈ પટેલને ત્યાં પધરામણી.

૪. પ.ભ. દિપકભાઈ પટેલને ત્યાં પધરામણી, નવરંગપુરા.
પ.ભ. દશરથભાઈ નાયકને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ચાંદલોડીયા.

૬. પ.ભ. હેમલભાઈ રાવજીભાઈ પટેલને ત્યાં પધરામણી, નવા વાડજ.

૯. શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ખોખરા મહેમદાવાદ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા પ.ભ. કાંતિભાઈ પટેલ (દલાલ) દ્વારા આયોજીત પારાયણ પ્રસંગે પધરામણી.
પ.ભ. નટુભાઈ સોનીના સુવર્ણ સૃષ્ટિ જ્વેલર્સના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, નવરંગપુરા.

૨૩. પ.ભ. માધવલાલ સોમદાસ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ન્યુ રાણીપ.

૨૫. ગુરુ પૂર્ણિમા પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ખાતે સંત-હરિભક્તો દ્વારા ગુરુ પૂજન.

૨૬. સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્‌ હસ્તે સંપન્ન થઈ.

૨૮. કડી ગામે પ.ભ. અંબાલાલ ડાહ્યાભાઈ પટેલને ત્યાં પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર જમીયતપુરા હિંડોળા પ્રસંગે પધરામણી.


શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ

www.swaminarayan.in

ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

શ્રી નરનારાયણદેવ માહાત્મ્ય

- શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી
ગુરુ મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી



(ગતાંકથી ચાલું)

હે ભક્તો અમદાવાદમાં વિરાજતા શ્રીનરનારાયણદેવ એમણે જ બદ્રીકાશ્રમમાં પોતે તપ કરી ભરતખંડના ભક્તોને સુખીયા કરે છે. અને આ જગતનું સર્જન પણ શ્રી નરનારાયણદેવે જ કર્યું છે. જગતના બીજ રૂપ જળને સર્જનારા આ જ ભગવાન છે. અને જળનું સર્જન કરીને વિશાળ જળ રાશિમાં મહા સમુદ્રમાં શેષ ઉપર પોઢી ગયા. આ રીતે જળનો આશ્રય કરવાથી ભગવાન શેષશાયી નારાયણ કહેવાયા એમની સેવામાં સાક્ષાત્ દેવી લક્ષ્મીજી ભગવાનના ચરણની સેવા કરે છે. આ ઘટના આદિ કાળમાં થયેલી તેથી તેઓ આદિનારાયણ પણ કહેવાય છે.

ભક્તો ! શ્રીજી મહારાજની આજ્ઞાથી જેમણે શાસ્ત્રોની રચના કરી છે. એવા શતાનંદ સ્વામી સ્વરચિત ગ્રંથ કે જે ગ્રંથમાં શ્રીજી મહારાજના લીલાચરિત્રો થી ભરપુર છે. એ "સત્સંગિજીવન"માં "નરનારાયણ" શબ્દનો બહું સુંદર પ્રમાણિત અર્થ કરે છે.

ભગવાન જ્યારે ચાર સ્વરૂપે ધર્મ અને તેમની પત્ની મૂર્તિ દેવી થકી પ્રગટ્યા ત્યારે બ્રહ્માજી સાર્થક અર્થવાળા તેઓના નામ પાડે છે. સર્વનું કલ્યાણ કરનારા એવા એક સ્વરૂપનું નામ "નારાયણ" પાડ્યું. શતાનંદ સ્વામી અર્થ કરી સમજાવે છે. નાર એટલે નરનો સમૂહ અયન એટલે મોક્ષ જેનાથી થાય તેનું નામ "નારાયણ" વળી જગતના કલ્યાણ માટે તપ કરવાથી અને નર સાથે બદરિકાશ્રમમાં નિવાસ કરવાથી નારાયણ નામ યોગ્ય થશે. બીજા પુત્ર ત્રિલોકમાં કાળ, માયા આદિના નિયામક અને માયામા કોઈ દિવસ આસક્ત ન થનારા હોવાથી બ્રહ્માજીએ એમનું નામ નર રાખ્યું છે. મોટા મોટા રાજાઓને પોતાની શક્તિથી વશ કરશે તેથી નર સંજ્ઞાને યોગ્ય છે. બાકીના બે પુત્રોના નામ"હરિ" અને "કૃષ્ણ" પાડ્યા છે.

ભક્તો આ રીતે નારાયણ ભગવાનનો શાસ્ત્રોમાં ઘણો બધો પરિચય અને મહિમા લખાયેલો છે. પરંતુ નરનારાયણ ભગવાન એક સ્વતંત્ર અવતાર છે. એ પૂર્ણ પુરૂષોત્તમસ્વામિનારાયણ ભગવાનનો જ અવતાર છે. એમા બે મત નથી. સ્વામિનારાયણ ભગવાનના સ્વમુખના જ વચનો એની શાખ પૂરે છે.

"શ્રી પુરૂષોત્તમનારાયણ તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિને વિષે શ્રી નરનારાયણરૂપે પ્રગટ થઈને બદરિકાશ્રમને વિષે તપ કરે છે. અને વળી તે નરનારાયણ તે પૃથ્વીને વિષે કોઈના કાર્યને અર્થે મત્સ્ય, કચ્છ, વરાહ, વામન, રામકૃષ્ણાદિક જે દેહ તેને ગ્રહણ કરીને નટની પેઠે ત્યાગ કરે છે. અને તે શ્રી નરનારાયણ સર્વે અવતારના કારણ છે." (વચ. અમદાવાદ-૪)

આ રીતે પુરૂષોત્તમનારાયણ નરનારાયણદેવ રૂપે પ્રગટ થયા. તેથી નરનારાયણ દેવનો તો એમનો અવતાર છે. સાક્ષાત્ પુરૂષોત્તમનારાયણ તો સ્વામિનારાયણ ભગવાન સ્વરૂપે પ્રગટ્યા. શ્રી નરનારાયણદેવને ડંકો વગાડીને શ્રીજી મહારાજે પોતાનું જ સ્વરૂપ જણાવ્યું છે. "માટે આ શ્રી નરનારાયણને અમે અમારૂ રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વથી પ્રથમ આ શ્રીનગર (અમદાવાદને) વિષે પધરાવ્યા છે."

માટે આ શ્રી નરનારાયણને વિષે ને અમારે વિષે લગારે ભેદ સમજવો નહિ. ને બ્રહ્મધામના નિવાસી પણ એજ છે. (વચ. અમદાવાદ-૬)

માટે ભક્તો શ્રી નરનારાયણદેવ એ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું જ સ્વરૂપ હોવાથી એમાં ગૌણતા કે અંશનું આરોપણ કરવું તે અયોગ્ય છે. એટલું જ નહી પણ શ્રીહરિએ વચનામૃતમાં આપણા "ઈષ્ટદેવ" શ્રી નરનારાયણદેવ એમ કહીને અતિશે મહિમા બતાવ્યો છે. અને જ્યારે પણ વાત કરે ત્યારે મારૂ સ્વરૂપ શ્રી નરનારાયણ એમ કહીને દેવનો તથા શ્રીનગરનો મહિમા વધાર્યો છે. ભક્તો આવા ભગવાન ક્યાં મળે ! માટે ભક્તો જીવનું કલ્યાણ કરવા માટે શ્રીજી મહારાજે નરનારાયણદેવના કહેતા અક્ષરધામના જે દ્વાર ખુલ્લા મુક્યા છે. તે સમય જોઈ અને પોતાનું કલ્યાણ સાધજો નહી તો સમય જ્યારે વિતશે પછીથી સમય આવતો નથી.

માટે ભક્તો નરનારાયણદેવનું સ્મરણ અને ભજનથી જીવોને શાંતિ મળે છે. ભક્તો અમને ઘણો જ અનુભવ થયો છે. તમે પણ દર્શન કરી અને શાંતિ અનુભવશો એવી અમને પુરેપુરી શ્રધ્ધા છે. (ક્રમશઃ)

આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (૧૩ મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે)

અષાઢ વદ-૧૦ એ આપણા સંપ્રદાયમાં ખૂબજ મહત્વનો અને પવિત્ર દિવસ છે. આ પુણ્ય પવિત્ર દિવસ એટલે આપણા પોતાના લાલજી મહારાજ અને ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ દિન છે.

સ્વભાવ છે સ્વામીનો પર દુઃખ હારી રે,
વારી બહુ નામીનો કોઈને દુઃખીયો રે.
દેખી ન ખમાય દયા આણી રે.



આપણા બાલ સ્વરૂપ શ્રી લાલજી મહારાજ ખૂબજ દયાળુ છે. તેઓ જ્યારે કોઈ દિન દુઃખીયાને જુએ છે ત્યારે તેઓ દ્રવિત થઈ જાય છે. તેઓ તેનું દુઃખ દૂર કરવાના કે ગરીબી દૂર કરવાના રસ્તાઓ બતાવે છે અને તેને જમવાનું કે અન્ય જરૂરી વસ્તુ આપીને તેનું દુઃખ દૂર કરે છે.

એક સમયે તેમના ધર્મપ્રવાસ વખતે તેઓ એક બાળકને રોડ ઉપર "બડી ના બાલ" એક પ્રકારની ચોકલેટ વેચતો જુએ છે. તરત જ પોતાની ગાડી ઉભી રાખે છે. અને બાળકની દરિદ્રતા જોઈને તેની બધીજ ચોકલેટ ખરીદી લે છે. અને તે દ્વારા તેને મદદ કરે છે. આથી બાળક ખુશ થઈ જાય છે. બાળકને મનોમન આશ્ચર્ય થયું કે આ ચોકલેટ વેચતા પાંચ-છ દિવસ થઈ જાય તેને બદલે ચોકલેટ માત્ર થોડી જ ક્ષણમાં વેચાઈ ગઈ!

આપણા પ.પૂ. લાલજી મહારાજની અમિદ્રષ્ટિ માત્ર મનુષ્યો જ નહીં પરંતુ પશુ પંખી અને વનસ્પતિ પ્રત્યે પણ એટલી જ લાગણી સભર છે. એટલે જ તેઓશ્રી અવાર-નવાર તેમના બગીચામાં (સ્વા. બાગમાં) છોડ-વેલીને પાણી પાતાં જોવા મળે છે.

બગીચામાંથી જૂઈ-મોગરો, કરણ, હજારી અને મધુ માલતીના ફુલો પાર્ષદો સાથે જાતે ચૂંટીને શ્રી નરનારાયણદેવ અને રંગ મહોલ અને અક્ષર ભુવન ઘનશ્યામમહારાજ માટે સુંદર મજાના હાર બનાવીને શણગારમાં પહેરાવે છે. આ અલૌકિક હાર સાંજના સમયે પાર્ષદો અને સેવકો સાથે બનાવતા હોય છે. આ એક અદ્‌ભુત અને અલૌકિક દર્શનનો લાભ લેવા જેવો છે.

પ.પૂ. લાલજી મહારાજ વહેલી સવારે ઉઠીને પૂજાપાઠ નિત્ય ક્રમ પતાવી ને બાળ સ્વરૂપ ઘનશ્યામમહારાજની જેમ જ તેમના બાળ મિત્રો સાથે રમતાં અને સત્સંગીઓને દર્શન આપતા જોવા મળે છે.

(અનુસંધાન પેજ નં. ૯ પર)

માંસ ન ખાવત

- શાસ્ત્રી અભયપ્રકાશદાસજી
ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

સ.ગુ. પ્રેમાનંદ સ્વામી હવે "માંસ ન ખાવત" એવો ત્રીજો નિયમ આપણને સૌને બતાવે છે. અને આ નિયમ લગભગ ધર્મના શાસ્ત્રોમાં વર્ણવાયેલો છે. એ પછી હિન્દુ હોય, મુસ્લિમ હોય ઈસાઈ હોય કે પછી ખ્રિસ્તી હોય. સર્વને માંસ ભક્ષણનો પોત પોતાના શાસ્ત્રોમાં નિષેધ ફરમાવવામાં આવ્યો છે. ભગવાન સ્વામિનારાયણ શિક્ષાપત્રીના ૧૫ માં શ્લોકમાં તો ત્યાં સુધી લખે કે, "न भक्ष्यं सर्वथा मांसं, यज्ञशिष्टमपिकूचित" અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું. ભગવાન સ્વામિનારાયણના સમયમાં યજ્ઞાદિક કાર્યોમાં પશુઓને મારી હોમવામાં આવતા અને વધેલ માંસને પ્રસાદ કહી સૌ પ્રસાદના નામે માંસ ભક્ષણ કરતા. કોઈક સજ્જન ના કહે તો કહે પ્રસાદનો અનાદર ન કરાય. આમાં પાપ ન લાગે એમ કહી ભ્રષ્ટ કરતા. આજના સમયમાં પણ દારૂ માંસને ઘણી જગ્યાએ પ્રસાદનું નામ દઈ લોકો ખાતા-પીતા હોય છે. એમાં ભગવાનનો ભક્ત ભ્રષ્ટ ન થાય માટે ભગવાને સ્પષ્ટ આજ્ઞા કરી દીધી. ત્યારબાદ "૩૧" માં શ્લોકમાં કહ્યું કે અને જે ઔષધ દારૂ તથા માંસ તેણે યુક્ત હોય તે ઔષધ ક્યારેય ન ખાવું.

આ સૃષ્ટિમાં બે પ્રકારના પ્રાણીઓ રહે છે. એક શાકાહારી અને બીજા માંસાહારી, શાકાહારી પ્રાણીઓમાં ગાય, ભેંસ, ઘેટા, બકરા, ઘોડા, ગધેડા, હાથી, ઉંટ વગેરે અને માંસાહારી પ્રાણીઓમાં વાઘ, સિંહ, દિપડો, ચિત્તો, વરૂ વગેરે આ બધા પ્રાણીઓમાં જે શાકાહારી પ્રાણી છે તે શાકાહાર જ કરે છે. અને જે માંસાહારી પ્રાણી છે તે માંસાહાર જ કરે છે. પણ માણસ એક એવું પ્રાણી છે. જે શાકાહાર અને માંસાહાર બન્ને કરે છે. આ જોઈ વૈજ્ઞાનિકોના મનમાં પ્રશ્ન જાગ્યો કે માણસ એ શાકાહારી પ્રાણી છે કે માંસાહારી? વૈજ્ઞાનિકોએ તેનું સંશોધન શરૂ કર્યું. સંશોધનમાં શાકાહારી અને માંસાહારી વચ્ચેના તફાવતો જોયા. જેમાં પ્રથમ બ્રાહ્ય તફાવતોમાં



૧. જન્મ સમયે આંખો : માંસાહારી પ્રાણીઓની આંખો જન્મ પછી થોડા લાંબા સમય પછી ખૂલે છે. જ્યારે શાકાહારી પ્રાણીઓની આંખો ગણતરીની મિનિટમાં ખુલી જતી હોય છે.

૨. દાંતની રચના : માંસાહારી પ્રાણીના દાંત તીક્ષ્ણ અને ધારદાર હોય છે. જ્યારે શાકાહારી પ્રાણીનાં દાંત બુઠ્ઠા હોય છે.

૩. નખ : માંસાહારી પ્રાણીના નખ તીક્ષ્ણ લાંબા અને ધારદાર હોય છે. જ્યારે શાકાહારી પ્રાણીના નખ બુઠ્ઠા અને નાના હોય છે.

૪. આંખો : માંસાહારી લગભગ પ્રાણીઓ રાત્રે અંધારામાં જોઈ શકે છે જ્યારે શાકાહારી રાત્રે ઓછું જોઈ શકે છે.

૫. પાણી પીવાની રીત : માંસાહારી પ્રાણી જીભથી ચાટીને પાણી પીવે છે. જ્યારે શાકાહારી ચૂસીને પાણી પીવે છે.

આ બંન્ને પ્રાણીઓ વચ્ચેના બાહ્ય તફાવત થયાં. હવે આંતરિક તફાવત જોઈએ.

૧. આંતરડા : માંસાહારી પ્રાણીઓના આંતરડાની લંબાઈ ટુંકી હોય છે. જ્યારે શાકાહારી પ્રાણીઓના આંતરડાની લંબાઈ શરીરની લંબાઈ કરતા ૩ થી ૪ ગણી હોય છે.

૨. કિડની લીવર : માંસાહારી પ્રાણીની કિડની અને લીવર ખૂબ મોટા હોય છે. અને શાકાહારીના નાના હોય

છે.

૩. ટાઈલીન પદાર્થ : માંસાહારી પ્રાણીના મોમાં ટાઈલીન નામનો પદાર્થ ઝરતો નથી. જે શાકાહારીમાં ઝરે છે. આ સર્વ તફાવતો જોઈ વૈજ્ઞાનિકોએ નક્કી કરી કર્યું કે માણસની રચના શાકાહારી પ્રાણીને બિલકુલ મળતી આવે છે. માટે તે શાકાહારી જ છે. અને આ વાત પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. વોર્નીલને પણ પોતાના પુસ્તકમાં વર્ણવી છે.

લગભગ માંસાહારી માણસને હાર્ટએટેક, આંતરડાનું કેન્સર તથા કીડનીના રોગ વધુ પ્રમાણમાં થતા હોય છે. તેનું કારણ માંસાહારથી લોહીમાં ચરબીનું પ્રમાણ વધી જાય છે. જેમ પાઈપમાં કચરો આવતા પાણી આવતું ઓછું થઈ જાય છે. તેમ વધુ પડતી ચરબીને કારણે રક્ત વાહિનીઓમાં કચરો જામી જાય છે. જેને કોલોસ્ટ્રોલ કહે છે. જેના કારણે હૃદય સુધી પુરતું લોહી પહોંચતુ નથી. અને તેથી હાર્ટએટેક આવે છે. બીજું આંતરડાનું કેન્સર માણસની અંદર ૨૬ ફુલ લાંબા આંતરડા હોય છે તેથી ખોરાક પચવાની પ્રક્રિયા અઢાર કલાકે થાય છે. માંસાહારી પ્રાણીના આંતરડા નાના હોવાથી અમુક સમયમાં માંસ આંતરડાની બહાર નીકળી જાય છે. પણ જ્યારે શાકાહારી માંસ ભક્ષણ કરે છે. ત્યારે પચવામાં ભારે પડે છે. અને લાંબા સમય સુધી આંતરડામાં પડ્યું રહે છે. અને તેના કારણે આંતરડાનું કેન્સર થાય છે. ત્રીજુ કિડની ! શાકાહારી પ્રાણીની કિડની નાની હોય છે. છતાં પણ જ્યારે માણસ માંસ ભક્ષણ કરે છે એટલે કિડનીને વધુ જોર પડે છે. હાનિકારક તત્વો અને યુરિક એસીડને નાબુદ કરવાનું કામ કિડની કરે છે. પરંતુ વધુ પડતા એસીડ તથા હાનિકારક તત્વોને નાબુદ કરવામાં કિડની વધુ જોર કરે છે. જરૂર કરતા વધુ જોર કરવાથી થોડા સમયમાં કિડની નબળી પડી જતી હોય છે.

બીજુ ઘણા લોકો એમકહેતા હોય છે કે માંસ અને ઈંડામાંથી કેલેરી વધારે મળે છે. અને કેલેરીના લોભે ઘણા ખાતા હોય છે. પણ જેટલી કેલેરી શાકાહારમાં છે. તેટલી માંસાહારમાં નથી મળતી, ૧૦૦ ગ્રામઈંડામાં ૧૬૦ કેલેરી મળે છે. તો સામે ૧૦૦ ગ્રામસીંગદાણામાંથી ૪૫૦ કેલેરી મળે છે. દાળમાંથી ૩૩૦, માખણ, કઢેલું દૂધ અને પનીરમાંથી ૩૫૦ કેલેરી મળે છે.

પ્રોટીન જોઈએ તો : ૧૦૦ ગ્રામઈંડામાંથી ૧૩૨ ટકા પ્રોટીન અને માછલીમાંથી ૨૨ ટકા પ્રોટીન ત્યારે સામે મગ, અળદ, અને પનીરમાંથી ૨૪ ટકા પ્રોટીન મળે છે. ચણા તુવેરદાળ અને વટાણામાંથી ૨૨ ટકા અને મગફળીમાંથી ૩૧ ટકા, સોયાબીનમાંથી ૪૩% પ્રોટીન રહેલું છે. આમ દરેક રીતે માંસાહાર કરતા શાકાહાર શ્રેષ્ઠ છે.

અને હવે તો વૈજ્ઞાનિકો પણ માંસાહાર ન કરવો જોઈએ એવું કહે છે.

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી લખે છે, કે.....

"માંસ ખાઈ પશુ મનુષ્યનું થાય નર નારી પ્રસન્ન।
તેહ જાય જમપુરીએ, પડે રક્ષોગણ ભોજન॥
મર્યા નરપશુ અવતરી, ત્યાં રાક્ષસના ગણ થાય।
જેમ ખાધુતું માંસ તેહનું, તેમ તેનું તેમજ ખાય॥"

જે નર-નારી માંસ ખાય છે. તેઓ રક્ષોગણ નામના નરકમાં પડે છે. અને જે પશુઓનું તેણે માંસ ખાધુ હતું તે જ પશુ તેને તેવી રીતે તેનું માંસ ખાઈ તેને પીડા આપે છે.

સમસ્ત સત્સંગ જોગ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ-૧૧ સાધુ નારાયણજીવનદાસજી (મુનિ સ્વામી) ગુરુ સ્વામી મુકુન્દજીવનદાસજી શ્રીજી મહારાજની બાંધેલી મર્યાદા મુજબ વર્તન ન હોવાથી તેમને અત્રે શ્રી નરનારાયણદેવ દેશમાંથી બરતરફ કરેલ છે. જેથી તેમને કોઈપણ પ્રકારનો ફંડ ફાળો પણ આપવો નહીં. જેની સર્વે દેશ-વિદેશના હરિભક્તોએ નોંધ લેવી.

લી. કોઠારી સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર.

ॐ શ્રી સ્વામિને નમઃ

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ,
જમીયતપુરા (મહંત સ્વામી માણસા)



જ્ઞાન એટલે જાણવું. જાણીને તેનું મૂલ્યાંકન કરવું. દરેક વાતનો સાર કાઢતા શીખવું તેને વિવેક કહેવાય. જગતને જાણવું ને આપણા વ્યવહારને સમજીએ. વ્યવહારમાં નફો ન થાય તો તે શા કામનો ? સરવાળે કાંઈક બચત અને બરકત થાય તો તેને સમજણ અને હોશિયારી કહેવાય. પણ વલોવ્યા કરવાથી માખણ હાથમાં ન આવે ને માત્ર વાતોના વડા ન થાય.

"કરે વાતો ને ફાડે બ્રહ્માંડ રે,
તોય ટાળે નહી યમદંડ રે"

તેમ ખાલી હાથે આવ્યાને જો ઠાલા હાથે જ પાછું જવાનું હોય તો તેને ફોગટ ફેરો કહેવાય. પાપ ધોઈને પુન્યની ગાંસડી બાંધતા જઈએ. સમાજમાં સારપને સાથીજનોને મહોબત સાથે સંતકૃપાને હરિભજનનું ભાથું બાંધતા. જવાય તેવી સમજણ અને આવડત તેનું નામ જ્ઞાન. વકીલો હોંશિયાર ઘણા હોય ને ડૉકટરો ડાહ્યા ઘણા. પણ આ હોંશિયારી આત્મશાંતિ માટે કામમાં ન આવે તો તેનું જ્ઞાન અર્થ ઉપાર્જન એટલે કે રૂપિયા કમાવવા પુરતું મર્યાદિત સૂઝબૂઝ કહેવાય. પણ નાથ ભક્ત જેવો શાક બકાલાનો ધંધો કરતાને લીમલીના સગરામ વાઘરી જેવો દાતણ કાપી પેટીયુ રળતા. ને પીઠવડીના ભગો-મૂળો બે ભાઈઓ સાવ ભોળા હતા. પણ આ બધા સ્વામિનારાયણ ભગવાનની માળામાં મણકા બની પરોવાઈ ગયેલા. ભગવાનના હૈયામાં સંભારણા બની ગયા હતા. આમ તો તેઓને ન તો ભાષાનું કે ન તો વ્યવહારનું કે સત્સંગના તત્વ જ્ઞાનનું પણ ક્યાં કશું જ્ઞાન હતું ? અને એમજ જોઈએ તો ભરવાડના છોકરાઓને દૂધનું એનાલીસીસ કરી તેમાં ક્યા ક્યા કેટલા પોષક તત્વો છે. તેની ક્યા કશી ગતાગમ હોય છે ? પણ એ લોટો ભરીને ઉભા ઉભા ચોખ્ખું દૂધ ગટગટાવી જાય છે. ને પેલા ફિલોસોફરો લેબોરેટરીમાં તત્વોનું ચૂંથણું કરતા બ્રેડ, યા મગ-ખાખરા ખાઈ કોરા ધાકોડ રહી જાય છે. તેમ સમાજ અને સત્સંગમાં જાણીયા કાકાઓના કોઈ પાર નથી પણ ખૂણે બેસી ખોત્રી ખાનારા ગોતવા ગયે ઝટ જડતા નથી. ભગવાનને જાણનારા ઘણા જડે પણ ભગવાનની મરજી જાણી તેમાં ભક્તોની ચરણરજ માથે ચડાવવા વૃક્ષવેલીનો અવતાર માગનાર ઉધ્ધવજીનો જોટો હજુ જડતો નથી. આત્મસત્તાની વાતો કરનાર ઘણા પણ શ્રીજી મહારાજને ન ગમે એવા સ્વભાવ માત્ર ઓગાળી નાખનાર દાદાખાચર થવું દોહીલું દુર્લભ છે. પોતાના સગા સહોદર સામે યુધ્ધે ચડીને રાજ્યનો ટુકડો મેળવવા કરતા હથિયાર હેઠા મેલી દેવાનું અર્જુને વધુ પસંદ કરેલું. પરંતુ. "મરજી જાણી મહારાજની ત્યારે ભારત કર્યો ભરપૂર"

તેમ ભગવાનની મરજીમાં ભાવતું-ગમતું-રુચતુને ફાવતું તે બધું જ હોમી દઈ સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી શકાય. જેમાં મન-બુદ્ધિના કોઈ સ્પંદનો જુદી દિશાઓમાં ખેંચી શકે નહિ. તેવી વફાદારી પૂર્વકની પ્રમાણિકતા સભરની શરણાગતિને જ્ઞાન કહીએ. એટલે જ શ્રીજી મહારાજે ગ.પ્ર.-૫૬ માં વચનામૃતમાં કહ્યું છે કે, "જ્ઞાની છે તેતો બ્રહ્મ સ્વરૂપે વર્તે છે અને ભગવાનનો મહિમા પણ યથાર્થ પણે જાણે છે. માટે એને ભગવાનના સ્વરુપ વિના બીજી મનમાં કાંઈ કામના રહેતી નથી."

વાતો કરનારાને કુશળ વહીવટ કરનારાના તોટા

નથી. આ લોકમાં તો કટ પૂતળીના ખેલ જેવું છે. એકની દોરી કપાઈ તો બે ઉભી થાય. અહીં તો એક બ્રહ્મા રિસાય તો બીજા તેર લાઈનમાં ઉભા છે. પણ બ્રહ્માનંદ સ્વામી કે મુક્તાનંદ સ્વામી જેવા બે સરળ સાધુ પકવતા મહારાજ કહે અમારા પાંસળા પણ ઉંચા ચડી જાય છે. સ્વનું વિલિનીકરણ કરવું એ જ સત્સંગના સારરૂપ સાચી સમજણ છે. વ.લો.-૭ મુજબ એવા જ્ઞાન વિના મુક્તિ નથી. અને વ.ગ.મ.-૧૫ માં શ્રીહરિ શીખ આપે છે કે સ્વભાવ સાથે શત્રુપણું કરે તેજ મેદાન મારી જાય છે. અને શ્રીકૃષ્ણ પરમાત્માએ ગીતામાં એવા જ્ઞાની ભક્તને જ પોતાનો આત્મા કહ્યો છે.

ભગવાન સ્વામિનારાયણની જ્ઞાનની વાત કાંઈક અલૌકિક છે. વનવિચરણ વખતે મહંતોને પ્રશ્ન પૂછે. મઠાધિશોને પ્રશ્નોત્તર આવડે નહિ એટલે શિષ્યો વર્ણી ઉપર ખિજાતા ને કહેતા "આવું અટપટુ પ્રશ્ન તારે પૂછવાનું શું કામ"

અરે વડતાલમાં મહારાજની સભામાં વેદાન્તાચાર્ય પંડિત આવેલા. મહારાજે વિદ્વાન જાણી સ્વાગત કર્યું. મહારાજ કહે એક પ્રશ્ન પૂછીએ ? ત્યારે વેદાન્તાચાર્ય કહે તમે કહો તો બત્રીસ પ્રકારની બ્રહ્મવિદ્યા કહી બતાવું. શ્રીહરિ કહે એક બતાઓ તો ઘણી ! એમ કહી મહારાજે એક પ્રશ્ન પૂછ્યો. ઉત્તર ફાવ્યો નહિ. ભરી સભામાં ક્ષોભીલો થયો.

"પૂછે છે પ્રશ્ન અલ્પ કાંઈ,
તેમાં પંડિત રહે છે મુંઝાઈ"

પરંતુ શ્રીહરિએ તેની આબરૂ જાળવી પ્રસંશા કરી અને વસ્ત્ર-દક્ષિણા આપી માનભેર વિદાય કર્યો. ટૂંકમાં ભગવાન સ્વામિનારાયણના વનવિચરણથી લઈ વચનામૃત સુધી સત્ય જ્ઞાનના અદ્‌ભુત દર્શન થાય છે. માટે જ સ.ગુ. શતાનંદ સ્વામી એ જનમંગલ નામાવલિમાં ભગવાનને જુદાં જુદાં એકસો આઠ નામઆરાધતા કહ્યું, "ૐ શ્રી જ્ઞાનિને નમ:"

(અનુસંધાન પેજ ૫ નું ચાલુ)

આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (૧૩ મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે)

શિયાળાની ઋતુમાં શ્રી સ્વામિનારાયણ બાગમાં શાકોત્સવ ઉજવવામાં આવે છે. સ્વયં શ્રીજી મહારાજ પોતે શાક વઘારે અને પોતાના બાલ ભક્તોને સુંદર મજાનું વૈતાંકનું શાક, બાજરાના રોટલા, માખણ, ઘી, ગોળ, દહીં આદિ પિરસે ત્યારે તેઓશ્રીના વસ્ત્રો મસાલાથી પીળા-લાલ રંગથી રંગાઈ ગયેલા સુંદર અદ્‌ભુત લાગે છે. આ દિવ્ય દર્શનની શોભા વર્ણવી શકાતી નથી. પરંતુ તે સુંદર દર્શનને તેમના પૂજ્ય દાદાશ્રી પ.પૂ. મોટા મહારાજશ્રી ઘણીવાર કેમેરામાં કંડારી લે છે.

શાકોત્સવની જેમજ આપણા પૂ. લાલજી મહારાજ મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ પણ ઉજવે છે. જેમાં તેમના બાળ મિત્રો રેતી અને પથ્થરનું નાનકડું મંદિર બનાવે છે. જેમાં દેવની મૂર્તિનું સ્થાપન લાલજી મહારાજ સ્વહસ્તે કરે છે અને ત્યારબાદ દિવ્ય યજ્ઞ થાય છે. અને અંતે પૂર્ણાહુતિની આરતી થાય છે.

પૂ. લાલજી મહારાજ છેલ્લા ઘણા સમયથી દેશ વિદેશમાં સત્સંગ સભાઓ યોજે છે. જેમાં પોતાના દિવ્ય આશીર્વાદ આપીને જરૂરી માર્ગદર્શન પણ આપે છે. જેથી આપણને પ્રતિતી થાય છે કે તેઓશ્રીની દ્રષ્ટિ કેટલી વિશાળ છે અને તેમનો અભિગમ કેટલો વૈશ્વિક અને આધ્યાત્મિક છે.

અને એટલે જ પુરૂષોત્તમપ્રકાશમાં સ.ગુ. નિષ્કુળાનંદજી સ્વામી એ કહ્યું છે કે,

માટે સહુ ધર્મકુળ માનજો, સહુ કરજો એની સેવા,
અન્ય જણ જેવા એ નહીં, એ છે જાણજો મોટા દેવ.

એટલે આપણે સૌ સત્સંગીઓ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી જેઓ સ્વયં શ્રીહરિનું અપર સ્વરૂપ છે. તેમના આ ૧૩ માં પ્રાકટ્યોત્સવ દિવસે તેમનું ભક્તિ ભાવ પૂર્વક પૂજન અર્ચન કરી તેમના ચરણોમાં શિશ નમાવી કોટિકોટિ વંદન કરીએ.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, લંડન)

સિંહસમા શૂરવીર પાર્ષદ ભગુજી

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

શ્રીજી મહારાજના મુખ્ય અંગરક્ષક ક્ષત્રિય ભગુજી હતા. મહારાજની સેવામાં ભગુજી ખુલ્લી તરવારે ખડેપગે ઊભા રહી રાત-દિવસ હાજર રહેતા. કારણ કે શ્રીહરિના શત્રુ બની બેઠેલા વિરોધી મતવાદીઓ, શાક્તપંથી સુબાઓ અને વૈરાગીઓનાં વૃંદો (ટોળાઓ) વગેરે વચ્ચે શ્રીહરિ ગામેગામવિચરણ કરી ઉપદેશ આપી રહ્યા હતા. પાર્ષદ ભગુજીએ પોતાનું જીવન સહજ-આનંદના - સંદેશક શ્રી સહજાનંદ સ્વામીની સેવામાં સમર્પણ કરી દીધું હતું.

રાજસ્થાની રમધીર શૂરવીરસિંહ ક્ષત્રિય ભગુજી પોતાના વતન મારવાડમાં યુવાન થયા. સગાં વહાલાંઓએ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો કે તરત જ તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, "મેં મારું જીવન સહજાનંદ સ્વામીના ચરણે ધરી દેવા દૃઢ નિશ્ચય કર્યો છે." તેમને મહારાજના દર્શનની આકાંક્ષા થઈ અને પહોંચ્યા ગઢડા. શ્રીહરિનાં દર્શન કરતાની સાથે જ તેમને થયું કે મારી ઈચ્છા જરૂર પૂર્ણ થશે. તેમણે સાધુ થવા માટે મહારાજને વિનંતી કરી. પરંતુ મહારાજે તેમને પાર્ષદ તરીકે શ્વેતાંબરી જ રહેવા આજ્ઞા કરી.

જાણે પ્રત્યક્ષ શૂરવીરતાનું સાચું સ્વરૂપ એટલે જ ભગુજી. દાદાખાચરના એક ખેતર માટે ઝઘડો થયો. ૨૦૦ માણસ લઈને "ખબડ" અને "મતારો" આવી ચડ્યા. મહારાજે ભગુજીની આગેવાની નીચે ૪૦ પાર્ષદો ત્યાં મોકલ્યા. ખબડે "ખબરદાર!"..... કહીને ઘા કર્યો અને ભગુજીનો જમણો હાથ ખભામાંથી નકામો કરી નાખ્યો. પણ ભગુજીએ ડાબા હાથે ઘા કરીને "ખબડ" અને તેની ઘોડીને કાપી નાખ્યા ! ભગુજીનું શૂરાતન નિહાળી "મતારો" જીવ લઈને નાસી ગયો. આ ભયંકર લડાઈમાં ભગુજીને નાના-મોટા અઢારેક ઘા વાગ્યા. આ પાર્ષદ ભગુજીની મહારાજે જાતે ચાકરી કરી, અને કરાવી. મહારાજની કૃપાથી "મૃત્યુ મરી ગયું રે લોલ!"

ભગુજીની શૂરવીરતાની પ્રશંસા સારાય સૌરાષ્ટ્રમાં થવા લાગી. વડોદરા અને ભાવનગર રાજ્યમાંથી મોં માગ્યો પગાર આપવાના આમંત્રણો આવ્યાં, પરંતુ ભગુજીએ કહેવડાવ્યું કે, "મારે નોકરી તો અવતારના અવતારી અને કારણના કારણ એવા કરુણાનિધાન શ્રી સહજાનંદ સ્વામીની જ કરવાની છે."

ગઢડામાં તથા બીજાં કેટલાંક ગામોમાં શ્રી સહજાનંદ સ્વામીને મોતને ઘાટ ઉતારવા માટે કાવતરાં કરવામાં આવ્યા હતાં. ગઢપુરમાં જ જીવાખાચરે જ મહારાજને મારી નાખવાનું કાવતરું ગોઠવેલું. પરંતુ આ સર્વ કાવતરા ખોરોની ચાલબાજી ભગુજી "યેન કેન પ્રકારેણ" ઉઘાડી પાડતા અને મહારાજની સખત મનાઈ છતાં અપરાધીઓને એમને એમ જવા ન જ દેતા પણ પોતાની રીતે થોડો મેથીપાક ચખાડતા!

ભગુજીએ મહારાજના સાનિધ્યમાં રહીને અનેક વિધ માનુષી અને દિવ્ય ચરિત્રો નજરે નિહાળ્યા હતાં, પરંતુ શંકા કે કુશંકા ને સ્થાન આપ્યું જ ન હતું, જરા પણ સંશય કર્યો જ ન હતો.

રાજસ્થાની રણધીર શૂરવીરસિંહ ભગુજી બેઠી દડીના હતા, પરંતુ એમની શૂરવીરતાની પ્રશંસા સારાય સૌરાષ્ટ્રમાં થતી હતી. અનેક લાલચો અને આમંત્રણોને નકારીને દૃઢ નિશ્ચય કર્યો હતો કે "અંગરક્ષક" તરીકે નોકરી તો એક નિઃસ્વાર્થભાવે સહજાનંદ સ્વામીની જ કરવાની છે. શ્રી સહજાનંદ સ્વામી એ જ મારી સરકાર અને હું એમનો આજીવન નોકર ! એમની આજ્ઞાનું ઉલ્લંઘન થાય જ નહિ.

કાઠિયાવાડના "જાળિયા" ગામે મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો હતો. ૧૩ દિવસ સુધી સ્નાનાદિ દેહક્રિયા પણ નહોતી કરી, બસ સૂતા જ રહ્યા, કશું જમ્યા પણ નહિ ! મંદવાડ દરમિયાન મહારાજની આ સેવામૂર્તિએ અનન્ય સેવા કરી હતી. મહારાજ ભગુજીની આકરી કસોટી પણ કરતા. વારંવાર તીખાં વચનો સંભળાવીને ભગુજીનું અપમાન કરી નાખે પરંતુ ભગુજી જરાપણ વિચલિત થતા નહિ. તેઓ તો મહારાજના અનેકવિધ ચરિત્રોથી શાશ્વત આનંદની અનુભૂતિ કરતા હતા, અને મનને જરા પણ ડગવા દીધું ન હતું.

આશ્ચર્યની વાત તો એ છે કે, આ સિંહસમા શૂરવીર ભગુજી કરુણાનિધાનની અસીમકૃપાથી ત્રણેય અવસ્થામાં મહારાજની અખંડ મૂર્તિનાં સુપેરે દર્શન કરતાં! મહારાજ ધામમાં પધાર્યા પછી અમદાવાદમાં રહીને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની સેવા કરીને તેમનો રાજીપો મેળવ્યો હતો. ત્યારબાદ આજીવન મૂળી સ્વામિનારાયણ મંદિરમાં રહીને પંચભૌતિક દેહનો ત્યાગ કરીને અક્ષરનિવાસી થયા હતા. મહામુક્તરાજ, ભવ્યાતિભવ્ય પાર્ષદ શ્રી ભગુજીને આપણા કોટિકોટિ પ્રણામ!

શ્રી ઠાકોરજીની સેવા રીતિમાં ઉપયોગી મહત્વની વિગતો

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

ભગવાન કે ભગવાનના અવતારો પૃથ્વી પર જ્યારે પ્રત્યક્ષ મનુષ્યદેહ ધારણ કરીને વિચરણ કરતા હોય તે સમયે તે પ્રત્યક્ષ મનુષ્યદેહ ધારી પરમાત્માની જે સેવારીતિ હોય છે તેવી જ સેવા રીતિ મૂર્તિ સ્વરૂપે બિરાજમાન ઠાકોરજીની હોય તો જ સેવા પૂજા કરનાર ભક્તજનો કે સાધુ પુરુષોએ ઠાકોરજીને પ્રત્યક્ષ જાણીને સેવ્યા ગણાય. તેમાં પણ મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિ વચનથી મૂર્તિમાં પ્રત્યક્ષ બિરાજે છે. સ્વામિનારાયણ ભગવાને પોતે પધરાવેલા કૃષ્ણ સ્વરૂપો હોય કે શિ.શ્લોક નં. ૬૨ મુજબ ધર્મવંશી આચાર્યશ્રીએ પધરાવેલા ભગવત સ્વરૂપો હોય તે તમામ મૂર્તિઓ માટે શ્રીહરિના વચનનો સંબંધ હોવાથી પ્રત્યક્ષ અને સેવવા યોગ્ય ગણાય છે.

ધર્મવંશી આચાર્યશ્રી આપણા ધર્મગુરુ છે. વળી તેઓશ્રી શ્રીહરિના અપર સ્વરૂપે ધર્મધુરા સંભાળે છે. તેઓશ્રીને ઠાકોરજી સાથે સુધો મનમેળાપ હોય છે. તેથી ઠાકોરજીની સેવા રીતિ અંગે તેઓશ્રી જાણે તેવું આપણે ન જાણીએ. પરંતુ એટલું ચોક્કસ કરી શકીએ કે તેઓશ્રીની રુચિ અનુસાર, આજ્ઞા અનુસાર ઠાકોરજીની સેવા કરીએ. પ.પૂ. મોટા મહારાજશ્રીના સંકલ્પ તથા પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ મંદિર દ્વારા ઠાકોરજીની સેવા રીતિની એક સુંદર પુસ્તિકા પ્રકાશિત થઈ છે. જે તમામ ત્યાગી, ગૃહી માટે ઉપયોગી છે. અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી પ્રાપ્ય છે. આ પુસ્તિકા પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ મંદિર દ્વારા અમદાવાદ દેશના મોટા મંદિરોમાં મોકલવામાં પણ આવી છે. તેમ છતાં અમદાવાદ, વડતાલ બન્ને દેશના નાના-મોટા મંદિરોમાં તથા વ્યક્તિગત રીતે પણ આ પુસ્તિકા ઉપયોગી હોવાથી તે પુસ્તિકા આધારિત કેટલીક મહત્વની વિગતોનો આ લેખમાં પ્રકાશ પાડવા પ્રયત્ન કરું છું.

ઠાકોરજી જ્યારે પૃથ્વી પર વિચરણ કરતા હોય છે ત્યારે ઠાકોરજીને કોઈ કૃત્રિમ ફુલના હાર પહેરાવતા નથી. આજે ઘણા મંદિરોમાં, ખાસ કરીને ગામડામાં હરિમંદિરોમાં ઠાકોરજીને કૃત્રિમફુલના હાર ધરાવેલા હોય છે. **સાચી સેવા રીતિએ છે કે ઠાકોરજીને પ્લાસ્ટીક કે કાગળના સસ્તા ફૂલ કે તેવા જ કૃત્રિમફૂલના હાર ક્યારેય ધરાવાય નહિ. ઓરીજીનલ-સાચાં ફુલ ન મળી શકે તેમ હોય તો ન ધરાવવા, પરંતુ કૃત્રિમ ફુલનો ઉપયોગ તો ક્યારેય ન કરવો. ઘણીવાર એલચી-બદામ વગેરે સુકામેવાના હારની અંદર પ્લાસ્ટીકના ફુલ સુંદરતા લાવવા માટે લગાવેલા હોય છે. આવા હાર બનાવવામાં સરેસ-ચીકણા પદાર્થનો ઉપયોગ થતો હોય છે. જે અશુધ્ધ-અપવિત્ર ગણાય છે. જેને અડીને પણ પૂજારીને નહાવું પડે તેવા અપવિત્ર હાર ઠાકોરજીને ન ધરાવવા.** કુદરતી ફુલમાં સુગંધ હોય છે. કૃત્રિમ ફુલમાં સુગંધ નથી હોતી.

શાસ્ત્રોમાં ગણપતિને પણ કૃષ્ણના અવતાર સ્વરૂપે કહ્યા છે, વળી હનુમાનજીનો મહિમા તો આખી દુનિયા જાણે છે. તેથી ગણપતિ-હનુમાનજીને પણ આવા કૃત્રિમ ફુલના હાર ન ધરાવવા. **ઠાકોરજીને પેન્ટ, શર્ટ, બેલ્ટ, પોલીસનો ડ્રેસ વગેરે આધુનિક પોષાક ક્યારેય ન ધરાવવો. ભગવાન પૃથ્વી પર પધારે છે ત્યારે આવો આધુનિક ડ્રેસ ક્યારેય પહેરે છે ? ના, તો પછી મૂર્તિ રૂપે પ્રત્યક્ષ રહેલા ઠાકોરજીને આ પ્રકારનો ડ્રેસ કેમ પહેરાવાય ! ન જ પહેરાવાય. ઠાકોરજી ને ચામડાની કોઈપણ વસ્તુ ન ધરાવાય તથા માતાજીને પણ ચામડાનું પર્સ વગેરે ન ધરાવાય. મહારાજ (શ્રીહરિ) ઘણીવાર ખુરશી પર બેઠા હોય તેવું દર્શન કરાવવા મૂર્તિના ઓરીજનલ પગની આગળ કૃત્રિમ પગ ન મૂકવા તથા વર્ણીવેશનું દર્શન કરાવવા મહારાજને મસ્તક ઉપર કૃત્રિમવાળની જટા ધારણ ન કરાવવી.** તેમ કરવાથી ઠાકોરજીની મર્યાદાનો ભંગ થાય છે. વળી અપવિત્રતાનું દર્શન થાય છે. તેવી જ રીતે માતાજીને પણ કૃત્રિમ વાળ અથવા આધુનિક વીગથી મસ્તકની શોભા ક્યારેય ન કરવી. રાધિકાજી કે લક્ષ્મીજી એ ઠાકોરજીના વિભૂતિરૂપે જ ગણાય છે.

ઠાકોરજીની સેવામાં જ્યારે અત્તરનો ઉપયોગ કરવાનો આવે ત્યારે શુધ્ધ ખાતરી પૂર્વકનું અત્તર હોય તો જ પૂજારીશ્રીએ ઠાકોરજી માટે ઉપયોગ કરવો. અત્તરમાં પણ ઘણીવાર કેમિકલ્સ આવતું હોવાથી ઠાકોરજીની મૂર્તિ પર પોપડી પડે છે. અત્તરને બદલે ચોખ્ખું સુખડનું તેલ વાપરવું. અત્તરને બદલે જે સેન્ટ આવે છે તેમાં એવું કહેવાય છે કે તેમા આલ્કોહોલ (દારૂ)નું મિશ્રણ હોય છે. તેથી જો કદાચ કોઈ

હરિભક્તો અજ્ઞાનતાથી ઠાકોરજી માટે સેન્ટની બોટલ લાવ્યા હોય તો તે સેન્ટનો ઉપયોગ ઠાકોરજી માટે કદાપિ ન કરવો તથા તે બોટલને ઠાકોરજી સમક્ષ ધરાવવી પણ નહિ. નહિ તો ઠાકોરજીની સેવાને બદલે કુસેવા થઈ જાય છે. ઠાકોરજીને લારીમાંથી લાવેલા રમકડા પણ ન ધરાવવા.

ઋતુ અનુસાર સમય ઉપર ઠાકોરજીની સેવા થાય તે સેવા અતિ ઉત્તમ કહેવાય છે. ચંદનના વાઘા કરતી વખતે ચંદનના વાઘા નીચે સુતરાઉ મલમલનું વસ્ત્ર રાખી ઉપર ચંદનનો ઉપયોગ કરી વાઘા કરવા. **કારણ કે ચંદનમાં જે રંગ ઉમેરવામાં આવે છે તે રંગમાં કેમિકલ્સ હોવાથી અને કેમિકલ્સમાં ક્ષાર આવવાથી સીધા જ મૂર્તિને સ્પર્શે તેમ વાઘા કરવાથી મૂર્તિ પર ક્ષારની પોપડી પડી જાય છે. તો વધારે ક્ષાર લાગે તો મૂર્તિ ખંડિત થવાનો પણ ભય રહે છે.** તેથી કેસર તથા કપૂર વાપરવું. પાકું ચંદન ખાસ કરીને મૈસુરમાં મળે છે. જે પવિત્ર ગણાય છે. ઓરીજીનલ ચંદન ઠાકોરજીને શીતળતા અર્પી સુખરૂપ થાય છે. કાચું ચંદન ઠાકોરજીને સુખરૂપ ન થાય. કારણ કે તેમાં પર્યાપ્ત માત્રામાં ઠંડક પણ નથી હોતી.

હરિમંદિરમાં ખાસ કરીને ગામડામાં ગૃહસ્થ પૂજારીશ્રીએ જ્યારે ઠાકોરજીની સેવા કરવાની હોય ત્યારે નાહી-ધોઈને પવિત્ર રહેવાનો તથા આંતર શૌચ રાખવાનો નિયમ પણ અવશ્ય રાખવો. **નોકરી-ધંધાના સ્થળેથી કે ખેતરથી સાંજના આવીને સ્નાન કર્યા વિના, ધોયેલા વસ્ત્રો પહેર્યા વિના ગૃહસ્થ પૂજારી જો સીધા જ ઠાકોરજીની સેવામાં લાગી જાય, ઠાકોરજીને સ્પર્શ કરે તો અપરાધ થાય છે.** સત્સંગીના ઘરનું ઠાકોરજીનું સિંહાસન સત્સંગીની સમજણ, સત્સંગ, શ્રધ્ધા અને ભક્તિભાવની સ્થિતિ તથા નિશ્ચયનું દર્શન કરાવે છે. સિંહાસન હરિભક્તની ઉપાસનાનું પ્રતિબિંબ પાડે છે. સિંહાસનમાં ઠાકોરજી-શ્રીહરિ કે શ્રીહરિનું સ્વરૂપ પધરાવવું પરંતુ ઠાકોરજી દેવોની સભા ભરીને બેઠા હોય તેવું ન કરવું. **પ.પૂ. મોટા મહારાજશ્રીની હરિભક્ત માત્રને આજ્ઞા છે કે સાંજના નિયમચેષ્ટા કરીને પછી જ મહારાજને પોઢાડવા.** નિયમચેષ્ટાના પદો બોલવાનો ટાઈમ ન જ હોય તો છેવટે નિયમ ચેષ્ટા (નિત્ય નિયમ)ની કેસેટ ચાલું કરીને સાંભળતા સાંભળતા ઘરનું બીજું કામકરીએ.

અંતમાં, ઠાકોરજીની સેવા શ્રીહરિની ઈચ્છા પ્રમાણે-શ્રીહરિના કહેવા પ્રમાણે, તેમની રૂચી પ્રમાણે તેમજ ગુરૂની આજ્ઞા પ્રમાણે કરવી. ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞામાં રહીને ઠાકોરજીની સેવા કરવી કે સત્સંગની સેવા કરવી તે જ આપણા સૌનું મુખ્ય કર્તવ્ય છે.

આપણા આગામી ઉત્સવો

શ્રાવણ સુદ-૧૫ : તા. ૨૪-૮-૨૦૧૦ મંગળવાર મુકુટોત્સવ પૂનમ, રક્ષા બંધન નાળીયેરી પૂનમ.

શ્રાવણ વદ-૨ : તા. ૨૬-૮-૨૦૧૦ ગુરુવાર શ્રીહરિ બાલમુકુન્દજીને હિંડોળેથી ઉતારવા સાંજે ૫-૦૦ કલાકે.

શ્રાવણ વદ-૫ : તા. ૩૦-૮-૨૦૧૦ સોમવાર જયપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

શ્રાવણ વદ-૮ : તા. ૨-૯-૨૦૧૦ ગુરુવાર શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉપવાસ, મૂળીશ્રી સ્વામિનારાયણ મંદિરમાં સમૈયો.

ભાદરવા સુદ-૧૧ : તા. ૧૯-૯-૨૦૧૦ રવિવાર જલઝીલણી એકાદશી, શ્રી ગણપતીજીનો વરઘોડો અમદાવાદ, મૂળી, જેતલપુર, ભુજ, વડતાલ અને ગઢપુર મંદિર.

શ્રી સ્વામિનારાયણ અંકના આજીવન સભ્યોને એક સુંદર વાત

વ્હાલા ભક્તજનો આપ સૌ તો આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્ય છો. પરંતુ આપને ત્યાં સારા શુભ પ્રસંગે લગ્ન, જન્મ, કથા પારાયણ, ઉદ્‌ઘાટન પ્રસંગ કે અન્ય શુભ પ્રસંગે આપના પરિવાર - સગા સંબંધી વહેપારી-મિત્રોને શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્ય બનાવીને એક નવા શ્રીહરિના આશ્રિત બનાવવાનું પણ પ્રેરણાત્મક સુંદર કામ કરશો તેવી ખાસ ભલામણ છે. જેથી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો અતિ વિશેષ રાજીપો અને કૃપાપાત્ર બનશો. અને આ ઝુંબેશમાં અન્યને પણ પ્રેરણા કરશો.

●●●

વિજાપુરમાં વજીબાના ઘરે જતા દર્શનાર્થીની સુગમતા માટે મુક્તરાજ વજીબાનું ઘર, ઠે. બેચરભાઈ પટેલના દાંતના દવાખાના પાસે, સથવારાનું ડેલુ, મુ. વિજાપુર.

"ધર્મકુળવંશી આચાર્યોના નામ પૂર્વે ધર્મધુરંધર પરમ પૂજ્ય ૧૦૦૮ શ્રી" કેમ લાગે છે ?

- વિનોદ પી. પટેલ (વહેલાલવાળા - અમદાવાદ)

આ સ્થાને સંપ્રદાયના પ્રત્યેક સૂજ્ઞ જનોએ આનો મહિમા યથાર્થ જાણવો ને સમજવો ઉચિત ગણાશે.

શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમનારાયણે પોતાના આશ્રિત નરનારીઓએ ઉધ્ધવ સંપ્રદાયની રીત તથા ગુરુપરંપરા જાણવી જોઈએ એવો આગ્રહ રાખ્યો છે. જે ઉદ્ધવજી તે તો રામાનંદ સ્વામી રૂપે હતા. ને તેઓશ્રીએ શ્રીરંગ ક્ષેત્રે સ્વપ્રમાં સાક્ષાત્ શ્રી રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા હતા. માટે ગુરુ રામાનુજાચાર્યના શિષ્ય રામાનંદ સ્વામી થયા. ને આમ વૈષ્ણવ સંપ્રદાયના મૂળભૂત પાયાના સિદ્ધાંતો સ્વીકારીને સ.ગુ. રામાનંદ સ્વામીએ ઊધ્ધવ સંપ્રદાયનું પ્રવર્તન કર્યું, ને ત્યારબાદ સૌ પ્રથમ તેઓશ્રી અને ધર્મદેવનું પ્રયાગરાજ તીર્થમાં મીલન થયું ત્યારે અન્ય મુમુક્ષુ જીવોને શરણમંત્ર આપવાનો અધિકાર - આજ્ઞા પ્રદાન કરેલ. જે નિષ્કુળાનંદ સ્વામીશ્રીએ નોંધ્યું છે.

"કહે જ્યો મંત્ર પ્રથમ તો તેને રે,
ભવસાગર તરવા સૌને રે,
એહ મંત્ર નિત્ય જપે રે,
થાય અધિકારી નર આખરે."
(ભ.ચિ. પ્ર. ૧૩)

અને ત્યારબાદ સ.ગુ. રામાનંદ સ્વામીએ જ્યારે અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો ત્યારે આ ધર્મની ધુરા સ્વયં શ્રીહરિ (નિલકંઠવર્ણી)ને સોંપી.

"આમ મારો મનોરથ સર્વે સારો રે,
કહું વચન તે હૃદયે ધારો રે,
તમ વિના ધર્મધૂરા જેહ રે,
બીજા થકી નવ ઉપડે રે"

માટે સંત બ્રહ્મચારી સર્વેને માટે રક્ષા તે કરજ્યો તમે એ સૌની રે હોય આશ્રિત તમારા તેહની રે, દ્રવ્ય નારીથી ઉગારી લેજો રે, એવી શિખામણ નિત્ય તમે દેજો રે...!

આમ કહીને આગ્રહપૂર્વક શ્રીહરિને ધર્મધૂરા સોંપી ગાદી પર માનભેર પ્રસ્થાપિત કર્યા. આમ શ્રીહરિએ ધર્મધુરા સંપૂર્ણ સફળતા પૂર્વક એક સફળ સુકાની બનીને સંભાળીને સંપ્રદાયમાં આશ્રિત સૌ હરિભક્ત સમુદાયને અખંડ ધર્મ-નિયમ-ધ્યાન - ઉપાસના - ભક્તિનું અંગ દૃઢ રહે ને સ્વયંની ગેરહાજરીમાં પણ પ્રસ્થાપિત અનુશાસન બની રહે એ અર્થે સ્વયં શ્રીહરિએ સંવત ૧૮૮૨ ના કાર્તિક સુદ-૧૨ ના રોજ શ્રીહરિએ ધર્મકુળની દક્ષિણને ઉત્તરના ભાગની બે આચાર્ય પદોની સ્થાપના કરી દેશ ભાગ વહેંચી આપ્યા જે વિદિત છે.

આમ ધર્મધુરાનું હસ્તાંતર થતાં જ - ધર્મકુળ આચાર્યોના માથે સ્વયં નિજ ગૃહસ્થાશ્રમની જવાબદારી ઉપરાંત - સમસ્ત સંપ્રદાયનું યથાર્થ સુકાન સંભાળવાની ને જવાબદારીનો ભાર વહન કરવાનો સંપૂર્ણ અધિકાર સુપ્રત થયો. આમ શ્રીહરિ પુરૂષોત્તમનારાયણના સ્વહસ્તે જ નિયુક્તિ થઈ ને તેઓના જ વચનનું અદ્‌ભુત પીઠબળ પ્રાપ્ય થયું. માટે જ તે સક્ષમ પૂરવાર થયું. જે આજ દિન સુધી સૌને અનુભવાયું છે જ. ગઢડા મધ્યના ૧૬ માં જણાવ્યા અનુસાર - "સ્વયં ભગવાન તો ધર્મધુરંધર છે જ તે માટે તેઓશ્રીનું અપર સ્વરૂપ આચાર્યો પણ એ અનુસંધાને કરીને ધર્મની રક્ષા કરવાના મૂળભૂત હેતુ અર્થે જ થયેલું હોય તો તે સૌ આશ્રિત હરિભક્તોને આ આજ્ઞાનું નિરંતર અનુસંધાન રહે ને આ વાતની અખંડ સ્મૃતિ રહે એ હેતુએ કરીને જ આચાર્યોના નામ પૂર્વે સર્વ પ્રથમ ધર્મધુરંધરનું વિશિષ્ટ વિશેષણ લાગે છે."

હવે બીજું વિશિષ્ટ વિશેષણ "પરમપૂજનીય" નું છે તો તે કેમ? શા સારૂ ? ગઢડા પ્રથમનું ૭૨ મું વચનામૃત તથા વડતાલના ૧૧ માં વચનામૃત અનુસાર - અમે હંમેશા - ભગવાન - ભગવાનનો ભક્ત બ્રાહ્મણને ગરીબનો ક્યારેય દ્રોહ ન થાય એ અર્થે સદાએ જાગૃત રહીએ છીએ ને ખૂબ ડરીએ પણ છીએ કેમ કે કવચિત અજાણતાં પણ દ્રોહ થાય તો તો જીવનો જ નાશ થઈ જાય.

આમ જોઈએ તો શ્રીહરિ પૂર્ણ પુરૂષોત્તમનારાયણે સ્વેચ્છાએ ધ્વિજકુળમાં પુણ્ય નક્ષત્ર ઉચ્ચતમ વિપ્ર સરવરીયા - સાવરણી ગોત્ર ને કૌથુમી શાખામાં ભાગ્રવ વૈતરવ્યને સાવેતર એમ ત્રણ પ્રવર એવા કુળમાં જન્મ ધર્યો. અને સર્વે હરિભક્તોના સમુદાય વિષે અચળ નિષ્ઠાવાન તથા સ્વભાવે પણ ખૂબ ઋજુ-સરળ-વિશ્વાસીને સદા નરમ અને ગરીબ તો છે જ છે. એમ

ચારેય ગુણોનો અદ્‌ભુત સમન્વય અગર એક જ વ્યક્તિમાં હોય તો તે ન તો કેવળ પૂજનીય હોઈ શકે, કિંતુ પરમપૂજનીય જ હોઈ શકે. શું એ જ પૂજ્યતાના ભાવની ચરણ સીમા નથી?

આમ ઉપરના ચારેયનો ક્યારેય પણ જાણે - અજાણે દ્રોહ ન થાય તેની સતત કાળજી ને સતત નિરંતર અનુસંધાન શ્રીહરિ સ્વયં વિશેષપણે રાખતાં હોય - ત્યારે તેઓના જ અપર સ્વરૂપ એવા ધર્મકુળ વંશીઓમાં આવું અદ્વિતીય - ચારેય ગુણો સભર વિશિષ્ઠ વ્યક્તિત્વની પરંપરાની સંભાવના તો - વર્તાય જ વર્તાય ! માટે તો ધર્મકુળવંશીઓમાં આચાર્યશ્રી - પિતાશ્રી - દાદાશ્રી તથા પર દાદાશ્રીઓ પણ પૂજનીય નહીં, કિંતુ પરમપૂજનીય જ નિત્ય નિરંતર બની જ રહે.... ! અને અંતમાં ૧૦૦૮ શ્રી નું બિરૂદ પણ નામપૂર્વે ઉમેરાય છે, કેમ? શા માટે ?

હિંદુ શાસ્ત્રો અનુસાર ૧૦૦૮ નો અંક લખવાની પ્રણાલિકા "શ્રી" નો યાને કે શ્રીલક્ષ્મીનો સૂચક છે, ૧૦૦૮ શ્રી એટલે કે ૧૦૦૮ વખત શ્રી એ યુક્ત એવું આચાર્યશ્રીનું નામ શુભ છે ને ૧૦૦૮ તો શુભ પૂર્ણાંક "૯" નો જ ગણાય છે. તેથી અનંત વિભૂષિત "શ્રી" ને આ પૂર્ણ અંક મેળવીને આચાર્યશ્રીના નામ પૂર્વે ૧૦૦૮ શ્રી લખવામાં આવે છે. ને માટે જ ભગવાનના આશ્રિત ભક્તજનોનાં વિશિયક સંબંધે યુક્ત આચાર્યપદના આચાર્યોના નામ પૂર્વે -

"ધર્મધુરંધર પરમપૂજનીય ૧૦૦૮ શ્રી"

સન્માનપૂર્વક ઉમેરવામાં આવે છે. આ પરંપરા આજદિન પર્યંત ચાલી આવી છે ને આવનાર સમયમાં પણ અખંડ - અવિરત રહેશે જ જે નિઃશંક છે.

પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ શ્રી સ્વામિનારાયણ ભગવાનને ભૂજમાં રામાનંદ સ્વામીને મળવાની ઈચ્છા થઈ ત્યારે મુક્તાનંદ સ્વામીએ ક્યા માસની અવધિ આપીને સમજાવ્યા?

પ્ર. : ૨ ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આ ચાર સંતોના મૂળ નામઅને વતન જણાવો?

પ્ર. : ૩ ચાતુર્માસને વિષે ક્યા વિશેષ નિયમો પાળવા?

પ્ર. : ૪ સ્થાવર તીર્થ કોને કહેશો?

પ્ર. : ૫ પૃથ્વી તત્વમાં શું છે?

પ્ર. : ૬ મુક્તિ એટલે શું ? તેના પ્રકાર કેટલા છે ક્યા?

પ્ર. : ૭ સભામાં મહારાજ પગ ઉપર પગ ચડાવીને બિરાજમાન હતા અને સ.ગુ.મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો તો તેના ઉત્તરમાં શ્રીજી મહારાજે પોતાના જન્મથી લઈને સભા સુધી એટલે અતથી ઈતિ સુધીની લીલા કહી સંભળાવી એવો તે કેવો પ્રશ્ન મુક્તાનંદ સ્વામીએ પૂછ્યો હતો?

જુલાઈ-૨૦૧૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહીં તેને વૈરાગ્ય જાણવો. **(૨)** સ.ગુ. નિર્વિકારાનંદ સ્વામી - સારંગ-૧૮ **(૩)** વસ્તા-સુથારને કાશીએ જવાનો સંકલ્પ થયો. **(૪)** (૧) મુદિતા (૨) મૈત્રી (૩) કરૂણા (૪) ઉપેક્ષા **(૫)** મિષ્ટાન જમવું નહિ ને માથે પાઘડી બાંધવી નહી. **(૬)** સંવત ૧૮૮૬ ના જેઠ સુદી દસમીને મંગળવારે **(૭)** સ.ગુ. મુક્તાનંદ સ્વામી

(૧) વર્ષાબેન અરવિંદભાઈ સોની (અમદાવાદ) (૨) શારદાબેન કાંતિલાલ પટેલ (નાંદોલ) (૩) કૈલાસબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ) (૪) ભાવનાબેન કમલેશકુમાર ખંધડિયા (મોરબી) (૫) સાંખ્યોગી બહેનો (સ્વા. મંદિર મોરબી) (૬) પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ) (૭) પટેલ સાકરબેન નટવરભાઈ (દહેગામ) (૮) સુહાગીયા જયમીન કે. (હિરાવાડી) (૯) રામાણી સેજલ બાબુભાઈ (હિરાવાડી (૧૦) સુહાગીયા જય જી. (હિરાવાડી) (૧૧) સુહાગીયા પાર્થ જી. (હિરાવાડી) (૧૨) શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (સીતાપુર) (૧૩) પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર) (૧૪) ડાભી મફાજી સરદારજી (ડાંગરવા) (૧૫) ડાભી પ્રભાતસિંહ કેસરજી (ડાંગરવા) (૧૬) પટેલ કંચનબેન બાબુભાઈ (રતનપર) (૧૭) પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ) (૧૮) સાં. રંજનબા તથા નાનીબેન (સ્વા. મંદિર ઓઢવ) (૧૯) સાં. શિલ્પાબા તથા શિતલબા (હવેલી) (૨૦) સાં. કોકીલાબા અને ઉષાબા (સુરેન્દ્રનગર) (૨૧) પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ) (૨૨) પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (રાણીપ) (૨૩) પટેલ જ્યોત્સનાબેન (ઝુલાસણ) (૨૪) પટેલ મેધનાબેન કમલેશકુમાર (કુહા) (૨૫) ઠક્કર હસુબેન કે. (ઈશનપુર) (૨૬) સાં. મંજુબા, ભારતીબા (હવેલી) (૨૭) ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર) (૨૮) મોદી રંજન રમેશભાઈ (વિસનગર) (૨૯) ચંદ્રિકાબેન, જ્યોત્સનાબેન (જીરાગઢ) (૩૦) સાં.ભક્તિબા - હિરાબા (પાટણ) (૩૧) સાં. ચંદ્રિકાબા (લીંબડી) (૩૨) પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા) (૩૩) મોદી અમૃતભાઈ ક. (સોજા)

આનંદની હેલી

મહારાજે વાર્તા સંભળાવી

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

શ્રીજી મહારાજ ગઢડામાં સભા ભરીને બિરાજ્યા હતા. ત્યાં આજુબાજુના ગામડાના સત્સંગીઓ દર્શન કરવા આવ્યા. દર્શન કરીને સૌ સભામાં બેઠા. "સુખીયા છો ને ?" એમમહારાજના પૂછવાથી સત્સંગીઓ બોલ્યા, હે દયાળુ ! આપની દયાથી સુખેથી ભજન કરીએ છીએ. સત્સંગ કરીએ છીએ પરંતુ થોડો માથાભારે માણસોનો ત્રાસ છે. આવા માથાભારે લોકો અમારા ખેતરમાં ગાયો ભેંસો ઘૂસાડીને બધું ભેલાણ કરી નાંખે છે. એ કહે છે અમને કોણ કહેનાર છે. આ ઉદ્ધત માણસોના નામછે. જેઠો અને મેરામણ.

ભક્ત વત્સલ ભગવાને વિચારે કર્યો કે ભક્ત માટે તરત જવું જોઈએ. તો આજે જ એ બંને જણને ઠપકો આપવા માંડવધાર જઈએ. પ્રભુએ ગાડું જોડાવ્યું. નાજાભક્તને સાથે લીધા. મહારાજે નાજાભક્તને કહ્યું તમે અમારા ગાડાંની પાછળ પાછળ આવો. નાજા ભક્ત ગાડાંની પાછળ ચાલ્યા. ગામડા ગામના કાચા રસ્તા અને અંધારૂં ઘોર હતું. એટલે નાજા જોગીયા બીજા રસ્તે ચડી ગયા. મહારાજનું ગાડું આગળ નીકળી ગયું.

માંડવધાર નજીક આવ્યું. પાછળથી આવતો ગાડાનો અવાજ આવતો બંધ થયો. બિલકુલ સૂનકાર. મહારાજે વિચાર્યું. ક્યાં ગયો ? બિલકુલ દેખાતો નથી. ઓ નાજા ઓ નાજા એમ મોટેથી બૂમો પાડી. જંગલમાં વૃક્ષો સાથે અથડાઈને અવાજ પાછો આવે. એકદમ સૂનકાર, વાતાવરણ. ઘોર અંધકારમાં ક્યાંયથી જવાબ ન આવ્યો. મહારાજને ચિંતા થઈ. એટલે કહ્યું, જે જરા તપાસ કરો. ગાડાવાળા ભક્તે જરા પાછળ દૂર જઈને બૂમો પાડી. ત્યારે દૂરથી અવાજ આવ્યો. ગાડાવાળાએ કહ્યું તમે ક્યાં પહોંચ્યા ? માંડવધાર આ બાજુ છે. અવાજની દિશામાં નાજા ભક્ત પાછા વળ્યા. મહારાજે કહ્યું, તમે તો આ વિસ્તારના ભોમિયા છો છતાં ભૂલા પડી ગયા ? રસ્તો ભૂલી ગયા કે શું ?

નાજા ભક્ત કહે મહારાજ ! રસ્તો તો નથી ભૂલ્યો, પણ વાત ખાનગી છે. આમાં ખાનગી શું હોય ? મહારાજે પૂછ્યું. "મહારાજ ! એવું છે ને કે હું રાત્રે દેખતો નથી. રાત અંધો છું. મહારાજ કહે, અલ્યા નાજા ! વહેલા બોલવું જોઈએ ને ! તો સાથે ન લેત. નાજો કહે, વહેલા કહ્યું હોત તો સભામાં આબરૂ જાત. માણસોને ખબર પડી જાત કે નાજો રાત્રે દેખતો નથી. શ્રીહરિ કહે, હવે શું આબરૂ રહેવાની ! અમે કાલે સભામાં જાહેર કરશું કે નાજો રાત અંધો છે. તમે તો લુંબા જેવું કર્યું."

સાંભળો, એક લુંબો હતો. એને પણ રાત્રે દેખાય નહિ. વાત એણે ખાનગી રાખેલી. એટલે ધામધૂમથી લગ્ન થઈ ગયેલા. એકવાર જમાઈ તરીકે લુંબાને સાસરે જમવા બોલાવ્યો. ચોકમાં ખાટલો ઢાળીને લુંબાને બેસાર્યો. રસોઈ તૈયાર કરીને સાસુએ અંદરથી બૂમ પાડી જમાઈ રાજ ! જમવા પધારો. લુંબો દેખતો નથી. એટલે ઓસરીની દિવાલે હાથ દેતો દેતો ચાલવા માંડ્યો. સાસુ કહે શું કરો છો ? જમાઈ લુંબો કહે, મારે આવા ઓરડા બનાવડાવવા છે. એટલે માપું છું. આ સાંભળીને સાસુ ખુશ થયા. કે વાહ ! મારી દીકરીને નવા ઘરમાં રહેવા મળશે. આમ એકવાર તો આબરૂ બચી.

ઓસરીને છેડે જમાઈને જમવા બેસાર્યા. બાજુમાં તાજી વિયાએલી ભેંસનું પાડું બાંધેલું. થાળીમાં કંસાર, પુરી, શાક વગેરે પીરસીને થાળી મૂકી. બાજુમાં ઉભેલું પાડું ખાવા માંડ્યું. લુંબો દેખે નહિ. કે થાળી પીરસાઈ ગઈ છે. ત્યાં સાસુ બીજીવાર પીરસવા આવ્યા. આ દશ્ય જોઈને સાસુ કહે, અરે જમાઈ ! આ પાડું ખાય છે ને તમે હાંકતા નથી ? મારા સાસુનું પાડું મારાથી કેમ હંકાય ! તમારા ઘરના પશુ પણ મારા માટે આદરપાત્ર ગણાય. મને એમ કે ભલે, બિચારું ખાય ! બીજીવાર આબરૂ બચી. સાસુ કહે આવા દયાળુ ન થવાય. લ્યો આ લાકડી હવે ખાવા આવે તો હાંકજો. બીજી થાળી પીરસીને સાસુ ગયાં. લુંબો જમવા લાગ્યો અને જ્યાં સાસુ બીજીવાર પીરસવા આવ્યાં એટલે પગરવ સંભળાયો અને લુંબાએ લાકડી ઉપાડી અને ધડ દઈને સાસુના માથે ફટકારી. એને એમ કે પાડી આવી.

સાસુના માથામાં લાકડી વાગી એટલે કહે, લુંબા, લાગી, જોરદાર લાગી ! આ વખતે લુંબો ગભરાઈ ગયો કે સાસુજી આગ લાગી ! હા... હા... બરાબર લાગી. તો તો મને કાઢો. હું રાત્રે દેખતો નથી. મને બહાર કાઢો. લુંબાને એમકે આગ લાગી. આ રીતે સાસરાને ઘેર લુંબાની આબરૂ ગઈ. આ રમૂજ ભરેલી વાર્તા સાંભળીને મહારાજ કહે હવે તમારી આબરૂ કાંઈ બચવાની છે ? એટલે જે તકલીફ હોય એ કહી દેવી. પછી શ્રીહરિ જેઠા-મેરામણને ઘેર માંડવધાર ગયા. બંને જણને માંડવધાર ગામ છોડાવીને પોતાના ભક્તોનું કષ્ટ દૂર કર્યું. મહારાજ કેવો આનંદ કરાવે છે !

સત્સંગ સુરભિ

"પણ અમે તો જીવને નથી ભૂલતા !"

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (ન્યુજર્સી-અમેરિકા)

મેધપુર ગામે શ્રીજી મહારાજે છ મહિનાની બ્રાહ્મણોની ચોરાશી કરેલી. ચોરાશીમાં ઘણા લોકો ભેગા થતા. મહારાજની સાથે કાઠી ઘોડે સવારો રહેતા, તેમનાં મંડળો પણ જામતાં. આ મેધપુરની ચોરાશીમાં હાટીના માળિયાનો એક ભારાડી ચોર મૂળજી પણ પોતાના કેટલાક સાથીદારોને લઈને આવી પહોંચ્યો.

મૂળજીએ મનથી મેલો વિચાર કરેલો. કાઠીઓના જાતવાન અને સારી રીતે ઉછેરેલા ઘોડા લઈ જવાની એની દાનત હતી. પરંતુ જે ઘોડો લેવા જાય ત્યાં ખીલે મહારાજ ચોકી પહેરો કરતાં જોયા ! મૂળજી તથા એના સાથીદારો પાછા પડ્યા. પછી એમણે વ્યૂહ ફેરવ્યો. રૂડે અવસરે સારાં વસ્ત્રાભૂષણ પહેરવાં અને ઉત્સવ કરવો એવી પ્રથા મહારાજે પાડેલી એટલે સંઘના માણસોનાં પોટલાં ઊંચકી જવાં સહેલાં છે એમ માનીને મૂળજી આણિ મંડળીએ ત્યાં નજર દોડાવી ! પણ જેમ ઘોડા ન લઈ શક્યા તેમ એક પણ પોટલું ઉઠાવી ન શક્યા, પોટલું ઉઠાવવા જાય ત્યાં મહારાજ આડો હાથ દઈને ઊભા રહે ! અમારા ભક્તોની મતા એમ કાંઈ થોડી અમે લૂંટાવા દઈએ !

આવા બે દિવસના અનુભવથી મૂળજીનું હૃદય હાલી ગયું. એને પોતાની જાત ઉપર ઘૃણા છૂટી. મહારાજની અદ્‌ભુત શક્તિનું ભાન થયું. મહારાજ કેવા મહાન છે. અને પોતે કેવો તુચ્છ છે, તેની સમજ ઉગી. પણ જીવમાં ચોરીનાં સંસ્કારો ઘર કરી ગયેલાં તે ઝટ થોડાં છૂટે ?

મૂળજીએ હવે જુદી યુક્તિ કરી. એ છુપાવાને બદલે છતો થયો, જઈને મહારાજના પગમાં પડ્યો. કહેવા લાગ્યો. "મહારાજ, તમારો પ્રતાપ જાણ્યો નહોતો ત્યાં સુધી હું એમજ સમજેલો કે મનમાં જે ધારું તે પાર પાડી શકું છું. પરંતુ બે વારના અનુભવે ખબર પડી કે હું જે જીતેલો તે તો ખરેખર હારેલો જ હતો." મહારાજ મનમાં હસવા લાગ્યા. પૂછ્યું, "તો હવે તમારી શી ઈચ્છા છે ?" "મને તમારી પાંખમાં લો. જો છૂટો મેલશો તો પાછો હું ટોળી જમાવીશ અને આવા જ ધંધા કરતો રહીશ. તમારી પાસે રહીશ તો તમારી ધાકે અવળો વિચાર પણ નહિ કરું."

મહારાજ તો જીવની અવળચંડાઈને બરાબર ઓળખતા હતા છતાંય જીવ શરણે આવે છે તો આવકારવા આતુર જ હતા!

"નિયમ લેવા છે ? પણ લીધા પછી એ પાળવા પડશે. તમારાથી એ પળાશે ? મહારાજે સીધા વાત કરી." "નહિ કેમ પળાય ? ચોરી કામમાં એકાગ્ર થઈ શકું છું, એમાં કષ્ટ વેઠું છું ત્યારે આ તો -"

"પણ તમે તો હલકા માણસોની ટોળી કરો છો અને રાત દિવસ ચોરીના ધંધા કરો છો, તે કુટેવ કેમ છૂટશે ?" મહારાજે એને બરાબર ટપાર્યો. મૂળજી સાંભળી રહ્યો. બહુ વિચારવાની સૂઝ નહોતી એટલે જે મનમાં તે મોઢેથી બોલ્યો, "મહારાજ, શું કરીએ ? લોકોએ ભંડારી રાખેલી લક્ષ્મી અમને પોકાર કરે છે કે અમને મુક્ત કરો. એટલે જોખમ ખેડીને પણ અમે પહોંચી જઈએ છીએ. છૂપાવી રાખેલું ધન એમના કામમાં આવતું નથી, તે અમે છૂટું કરીને ફરતું કરીએ છીએ, એમાં ખોટું શું છે?"

મહારાજ બોલ્યા : "લક્ષ્મીને મુક્ત કરવી પણ તે તમારી રીતે નહિ." ધર્મની રીતે કરવી. જુઓને મંદિર બાંધવા અમે પાંચશો માગીએ ત્યારે લોક હજાર - બે હજાર આપે છે. હોંશથી આપે છે. લોકો ઉંઘતા હોય છે ત્યારે સ્વપ્રમાં એમને સંદેશા પહોંચે છે એટલે જાગતાં વેંત રૂપિયા લઈને આવે છે. અને તમે તો ભીંત ભૂલ્યા છો, અધર્મ આચરો છો. જ્યાં સુધી વૃત્તિ એવી રહેશે ને કર્મ છૂટશે નહિ ત્યાં સુધી નિયમ પળાશે નહિ."

"નહિ મહારાજ, હું બરાબર ધ્યાન રાખીશ." અને મૂળજીએ કંઠી બાંધી અને નિયમ લીધા. પછી એ ભારાડીચોરે ટોળીના સાગરિતોને રવાના કરી દીધા અને પોતે મહારાજની સેવામાં રહી ગયો. જે કામ નજરે પડે તે કરવા લાગી જતો, માળા પૂજા અને વ્રત વગેરેમાં મૂળજી અડગ રહેતો. પછી તો સૌ એમને મૂળજી ભગતના નામે બોલાવતા થયા.

એવામાં કોઈક ગામની બે બાઈઓ મહારાજનાં દર્શને આવી. એક બાઈ પાસે રૂપિયાનો ડબો હતો, બીજીની પાસે ઘરેણાંનો ડબો હતો. એમણે બંને ડબા મહારાજને અર્પણ કર્યા. મહારાજે ઉઘાડીને જોયા અને ગંધ પારખીને બોલ્યા : "આ ડબા તમે ભલે લાવ્યા પણ હમણાં તમે પાછા લઈ જાવ. અમારે ખપ પડશે ત્યારે મંગાવી લઈશું, ત્યાં સુધી ભલે તમારી પાસે રહ્યા." એમ કહીને બંને ડબા બંધ કરીને બાઈઓને પાછા સોંપ્યા.

એ વખતે મૂળજી ભગત મહારાજની પાસે ઉભેલા હતા તેમણે ડબામાં નજર કરેલી. લક્ષ્મી જોઈન મૂળજીનું મન લોભાયું ! પહેલાનાં સંસ્કારો જોર કરીને ઉછળી ઉઠ્યા તરત મોટેથી બોલ્યા : "મહારાજે ઠીક કહ્યું છે, માગે ત્યારે પાછા લાવજો, હમણાં લઈ જાવ" એમ સમજાવતાં સમજાવતાં એ બાઈઓની સાથે બહાર આવ્યા અને એમનાં નામ, ઠામ, ગામ વગેરે પૂછી લીધા.

ડબા લઈને બાઈઓ એમને ગામ ગઈ, મહારાજ ડભાણ પધાર્યા. બે દિવસ જતાં કરીને મૂળજી ભગત બાઈઓને ગામ પહોંચ્યા. ભગતને તો ડબામાં પુરાયેલી લક્ષ્મીનું તાન હતું. મુક્ત થવાનું હતું. પોતાને પણ મુક્ત કરવા ગયા બીજાની

પુંજીને. ભગત એ પણ ભૂલી ગયા કે એ પૂંજી હવે મહારાજની અનામત થઈ છે, માગે ત્યારે પહોંચાડવા બાઈઓ કબૂલ થઈ છે!

બાઈઓને તો મૂળજી એટલે ભગવાનના ભગત. એમનાં પગલાં થયાં તેની ખુશાલીમાં લાપસી કરી, ખૂબ પરોણાગત કરી. "મહારાજે કહ્યું છે કે પેલા ડબા ઠેકાણે રાખજો. ગમે ત્યારે જરૂર પડશે." મૂળજી જૂઠું બોલ્યા.

તે તો એમનું જ ધન છે, તમને ફાવે તો હમણાં જ કાઢી આપીએ, લઈ જશો ? શો નિર્દોષ ભાવ ! મૂળજીનું દિલ દ્રવી ગયું. લાપસીનો કોળિયો ભરતા એમનો હાથ ધ્રૂજી ગયો. બાઈ તો ભરોંસાની લાપસી પીરસતી ગઈ અને ઈશારો કરીને જગ્યા બતાવતી ગઈ કે ચૂલાની આગવણમાં જ ધન દાટ્યું છે.

"સવારે મારાથી વહેલું ઉઠાતું નથી, થાક પણ લાગ્યો છે એટલે ઉતાવળ કરતાં નહિ, અત્યારે માનસીપૂજા કરીને જ સૂઈ જઈશ હવે તમે નિરાંતે આરામ કરો." ભગતે વાત સંકેલી. બંને બાઈઓ ઓરડામાં સૂવા ગઈ. પરંતુ ભોળી ગ્રામ્ય વનિતાઓને ક્યાં ખબર હતી કે આ તો મૂળજી ભગત પાછા મૂળજી ભારાડી બન્યા હતાં, ઘર ફાડીને ચોરીઓ કરી જનાર ટોળીનો સરદાર!

મધરાત વીતે મૂળજી જાગ્યા. ટેવાયેલા હાથે ચૂલાની આગવણમાંથી ડબા કાઢ્યા. પછી માટી વાળીને હળવેથી બારણું ઉઘાડી ચાલતા થયા. સવારે બાઈઓ જાગી પણ ભગતે ગોદડું એવું ગોઠવી રાખેલું કે એમજ લાગે કે ભગત હજી સૂતા છે ! છેવટે દિવસ ઉગતાં બધી ખબર પડી કે ડબા ગાયબ છે ! પણ કહેવું પણ કોને ? પાડોશીને કહે તો મહારાજનું વગોવણું થાય, સત્સંગ લાજે - એટલે બંને બાઈઓએ મોં ઉપર તાળું જ દઈ દીધું. મોટેથી કીર્તન બોલતાં બોલતાં મનમાં છાની ફરિયાદ કરતાં રહ્યાં, "હે મહારાજ, તમે તો સર્વાધાર છો - સર્વોપરિ છો, તમારાથી કશું અજાણ્યું હોતું નથી, આ ધન તો તમને જ અર્પણ કર્યું હતું. તમારું જ હતું એની રક્ષા તમે કેમ ના કરી મહારાજ !" મનમાં બહું દુઃખ થયું કે ભગવાનની અનામત સાચવી શકાઈ નહિ.

આ બાજુ સાત ગાઉ આઘે જઈ મૂળજી ભગત એક તળાવડીએ નિત્ય કર્મ પતાવી આરામ કરતા હતા. ત્યાં અચાનક જ કાઠી અસવારો સાથે મહારાજને આવતા જોયા ! મૂળજીને ભય લાગ્યો એટલે જેમતેમ ખભે ખડિયો લીધો અને નાસવા લાગ્યા, જોડા પણ રહી ગયા!

"ભગત ! આમ ક્યાં ભાગો છો પાછા વળો." મહારાજે મૂળજી ને સાદ કર્યો. સત્સંગી બન્યા પછી ચોરીના ધંધામાં વળતા ભગતને જાણે પાછા સત્સંગી થઈ, સત્સંગમાં પાછા વળવા મહારાજ આહવાન કરતા હતા.

ભાંગેલા પગે મૂળજી પાછા વળ્યા, "મહારાજ મારે ઉતાવળ છે, મેં તમને ઓળખ્યા નહિ."

"પણ અમે તો તમને નથી ભૂલ્યા ને ! લાવો, ખડિયામાં કાંક ખાવાનું હોય તો કાઢો. અમને ખૂબ ભૂખ લાગી છે. એમ કહેતાં મહારાજે ઝડપ મારીને ખભેથી ખડિયો ખેંચી લીધો. અંદર હાથ નાંખીને ડબો બહાર કાઢ્યો, ઉઘાડીને પાછો બંધ કર્યો, એમ બીજો પણ જોઈ લીધો બોલ્યા : "આમાં ખાવા જેવું કાંઈ નથી." એમ કહીને ડબા પાછા મૂકી ખડિયો ભગતને સોંપી દીધો ઉપરથી બશેર બરફી ભગતને પ્રસાદીરૂપે આપી. "લો ભગત તમે પણ ભૂખ્યા હશો. જમજો."

મહાપ્રભુની કેવી કરામત ! અઠંગ કુકર્મના કરનારને કાયમ માટે પાછો વાળવા માટે કેવી ઉદારતા દર્શાવી ! પ્રસાદ આપીને પોતાનો કરી દીધો ! મૂળજી ભગત તો થરથર ધ્રૂજે. મહારાજ તો ભગતને બરફી આપી વિદાય થયા. મૂળજીને ભારે ભોંઠપ લાગી. મહારાજે કહ્યું હતું કે તમારાથી નિયમ નહિ પળાય. આ વખતે તો મહારાજે ભારે કરી. ચોરી તો પકડી પાડી પણ માલ પણ પાછો સોંપ્યો - એક અક્ષર પણ બોલ્યા નહિ - ઉપરથી શિરપાવ દીધો - બરફી બંધાવીને અદૃશ્ય થયા. ખાતર મેં પાડ્યું અને ઉપર દીવો એમણે મૂક્યો. નિશાની મૂકતા ગયા.

તળાવડીને તીરે મૂળજીએ ફરી મૂકામ કર્યો. હાથ મોં ધોઈ મહારાજને સંભાર્યા. અંતરમાં ભારોભાર પશ્ચાતાપ થયો. દિલ ગદ્‌ગદ્ થઈ ગયું. ભૂખ લાગેલી તે મહારાજની દીધેલી બરફી સાંભરી આવી.

શાંતિથી બરફી જમીને મૂળજી ભગત પાછા વળી સીધા જ બાઈઓને ગામ પહોંચ્યા. એમણે તો ધારેલું કે બાઈઓ ગાળોનો વરસાદ વરસાવશે, ગામ લોકો લાકડીઓ મારશે પણ આ તો "આવો મૂળજી ભગત !" એમ કહી ફરીથી સ્વાગત કરવામાં લાગી ગઈ.

"મૂવો આ મૂળજી. તમારા ડબા જોઈને હું વર્તમાન ચૂક્યો લ્યો આ ડબા. જોઈ લો કે બધું બરાબર છે ને ?" પછી એમણે બાઈઓને બરફી આપી અને તલાવડીને કાંઠે બનેલો આખો પ્રસંગ કહ્યો. બાઈઓ તો મહારાજની લીલા સાંભળી વિસ્મય પામી ગઈ.

ડભાણમાં મહારાજ સભા કરીને બેઠા હતા. ત્યાં મૂળજી જઈ પહોંચ્યા. મહારાજ કહે, "માર્ગ કરો, માર્ગ કરો મૂળજીભાઈ અણિશુદ્ધ થઈને આવે છે." એમ કહીને એમને પાસે બોલાવ્યા અને પોતાનો હાર પહેરાવ્યો. સભામાં વાત કરી કે એકવાર આ જીવ અમારો થવાનો સંકલ્પ કરે પછી ભલે એ પાછો પડે, એ ભલે અમને ભૂલી જવા પ્રયત્ન કરે "પણ અમે તો જીવને નથી ભૂલતા !" અમારો કરીને જ જંપીએ છીએ!!

પુરુષોત્તમનારાયણ શ્રીહરિની આ જ તો મોટપ છે ! જીવને બળવાળો કરી પોતાની સર્મા રાખે છે - હરહંમેશ.

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

બિન સમજે મત બોલ

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

જીભ બહુ વિચિત્ર અવયવ છે. બ્રહ્માજીએ શરીરના બીજા બધા ભાગો બનાવ્યા પછી છેલ્લે જીભ બનાવી અને મુખની અંદર ગોઠવી જીભને એકદમ મુલાયમ બનાવી. એમાં એકે હાડકું નહીં. બ્રહ્માને એમ થયું હશે કે હાથથી-પગથી કાઈ પાપ થાય, જીભથી તો કાંઈ પાપ નહિ થાય. કારણ કે એમાં હાડકું જ નથી. સાવ મુલાયમ, તદ્દન નરમ, એ બિચારી શું પાપ કરી શકે ! પણ પછીથી બ્રહ્માને ખબર પડી કે આ નરમ અને મુલાયમ તો ડબલ પાપ કરે છે. માટે લાવોને જરા એને અંકુશમાં રાખું એટલે બ્રહ્માએ જીભ બહું લાંબી ન થાય એના માટે બત્રીસ અણીદાર ભાલાની વાડ ઉભી કરી. વાડની અંદર સંકોચાઈને રહે એટલા માટે પણ એ બત્રીસે બત્રીસને દગો દઈને જીભ ફાવે એટલી લાંબી થાય છે.

જીભમાંથી અમૃત ઝરે છે અને ઝેર પણ ! તલવારનો ઘા મટી શકે છે. પરંતુ જીભનો ઘા કોઈ દિવસે મટી શકતો નથી. સામાના હૃદયમાં બાણની જેમ વાગે એવા શબ્દો, અત્યંત કઠોર શબ્દો બોલવા જોઈએ નહિ. વાતવાતમાં ઝટ ઝટ ગમે ત્યાં ગમે તેમ બોલી દેવું એનાં પરિણામો ઘણીવાર અતિ ભયંકર આવે છે.

દ્રૌપદીએ વિચાર્યા વિનાનું એક વાક્ય બોલી નાખ્યું, "અંધના તો અંધ જ હોય ને" પરિણામે આ શબ્દો દુર્યોધનને હાડોહાડ લાગી ગયા અને પરિણામે વિશ્વયુદ્ધ સમાન મહાભારતનું યુદ્ધ થયું. અરે ! મહાભારતના યુદ્ધમાં અર્જુને પણ વિચાર્યા વિના બોલવાનું કામ કરેલું. તેણે વિચાર્યા વિના જ જાહેરાત કરી દીધી કે આવતી કાલે સૂર્યાસ્ત થતાં પહેલાં હું જયદ્રથનો વધ કરીશ. નહીંતર અગ્નિસ્નાન કરીશ. બીજા દિવસના સૂર્યાસ્ત સુધીમાં તે જયદ્રથનો વધ કરી શક્યો નહિ. તેથી અર્જુન અગ્નિસ્નાન કરવા માટે તૈયાર થયો. બાકી મરવા માટેના લાકડાં ગોઠવાયા. કૃષ્ણ પ્રભુ કહે, આ તારું ગાંડીવ પણ તારી સાથે રાખ એ હવે કોઈને કંઈ કામ નહિ લાગે. અર્જુનને અગ્નિમાં ભડભડ બળતો જોવા જયદ્રથ પણ ત્યાં આવ્યો. શ્રીકૃષ્ણ પ્રભુ કહે આ તો વાદળના કારણે સૂર્ય દેખાતો બંધ થયેલો પણ સૂર્યનો અસ્ત થયો નહોતો માટે ઉપાડ ગાંડીવ અને ચલાવ બાણ. અર્જુને તરત જ બળી મરવાના ગોઠવાયેલા લાકડા પરથી જ સનનન કરતું બાણ છોડ્યું અને ત્યાં જ જયદ્રથનો વધ કર્યો. એ તો ભગવાન હતા. એટલે રક્ષા થઈ, નહિતર મફતનું અગ્નિસ્નાન કરવું પડત. માટે દરેક વખતે વિચારીને જ બોલવું જોઈએ.

શ્રીકૃષ્ણ પ્રભુએ આ પછી પણ અર્જુનને કહેલું કે તમારા પરિવારમાં બધા જ જીભનો ઉપયોગ વિચાર્યા વિના કરે છે. જુઓને ભિષ્મપિતાએ પણ વગર વિચાર્યે બહુમોટી ભિષ્મપ્રતિજ્ઞા લઈ લીધી કેહું લગ્ન નહી કરું અને સર્જાયુ પાંડવ કૌરવમાં મારૂ ને તારું. તેથી જ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી રૂપી શાસ્ત્ર આપીને વાત કરી છે કે જીભથી કોઈના પર મિથ્યા અપવાદ આરોપણ ન કરવો, વળી જીભથી નિંદા કે ગાળો પણ ન બોલવી.

મિત્રો ! આવા મહાન પુરુષ અર્જુનને પણ જીભ દ્વારા ઉપાધિ આવતી હોય તો આપણી શું વિસાત ! એક સુંદર ઉક્તિ છે.

"બોલી બોલ વિચારીયે, બિન સમજે મત બોલ,
પહેલે ભીતર તોલ કે, બાહિર પી છે બોલ."

માટે વાતવાતમાં ઝટ ઝટ ગમે ત્યાં, ગમે તેમ બોલી દેવું એ અજ્ઞાનનું લક્ષણ છે. મિત ભાષણ એ જ્ઞાનનું લક્ષણ છે. જેમ તંદુરસ્તી જળવાય તે રીતે ખોરાક લેવાય છે તેમ ઘર, કુટુંબ, શાળા, કોલેજ, આડોશ, પડોશ, સ્નેહી, મિત્રવૃંદ અને સત્સંગમાં પણ સારા સંબંધો ટકી રહે તેવી રીતે જ વિચારાય અને બોલાય અને એ મુજબનું વર્તન કરાય.

●

જો, જો, ભગવાન ભૂલાય નહિ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ભગવાન ભાવના ભૂખ્યા છે. અને ભક્તો સદ્ ભાવનાથી ભરેલાં છે. જ્યારે જ્યારે ભક્તો સંકલ્પ કરે કે ભગવાન તેમના સંકલ્પો પૂરા કરવા હાજર થાય. જ્યારે

જ્યારે ભક્તો ભગવાન અર્થે તન, મન, ધન કૂરબાન કરી દે. ત્યારે પ્રભુ તે ભક્તને આધિન થઈ જાય. તેની નિષ્ઠા, શ્રધ્ધા, સેવા ભાવને જોઈ તેવા ભક્તોને ભાવથી ભેટે છે. ક્યારેક હાર આપે, ક્યારેક તોરા, ક્યારેક અંગવસ્ત્ર પણ આપી ભક્તને રાજી કરે છે.

ભક્તો માટે તો આજ સુખ અક્ષરધામના સુખ બરોબર થઈ પડે છે. અને તેના માટે નવીન રીતો શોધી ભગવાનને રાજી કરવા પ્રસન્નતા મેળવવા પ્રયત્નશીલ રહે છે. તેવા એક ભક્ત ભગવાનદાસની વાત વાંચીએ.

એક વખત ભગવાનદાસભાઈએ વિચાર કર્યો. ઘણો સમય થઈ ગયો છે. મહારાજના દર્શન કર્યા નથી. ઘણા સમયથી સંતોનો પ્રસંગ પણ થયો નથી. મનમાં ઘણી ઈચ્છા થાય છે. મહારાજના દર્શનની તેમની વાણી સાંભળવાની તથા સંતોની સેવા કરવાની. અત્યારે ઉનાળાનો સમય છે. ખેતરમાં બહુ કાંઈ કામકાજ છે નહિ અને આંબા ઉપર કેરીઓ રસ ભરેલી લચે છે. ગામમાં વેપાર કરું તો રૂપિયા કે અનાજ મળે તેના કરતા આ કેરીઓ મહારાજ જમે, સંતો જમે તથા હરિભક્તોમાં પ્રસાદ વહેંચાય તો તો મારા અહોભાગ્ય કહેવાય. આ શુભ સંકલ્પને આજ હું સાકાર કરું. ભગવાનદાસભાઈએ કેરીનો મોટો ટોપલો ભર્યો. ટોપલો ભરી માથે ચઢાવી હરિ સ્મરણ કરતા આગળ વધ્યા.

"હું તો જાઈશ ગીરીધર જોવા રે,
મા મુને વારીશમાં,
મારા ઉરમાં છબીલાજીને પોવારે,
મેણલે મારીશમાં."

નંદ સંતોના કીર્તનોનું ગાન કરતા કરતા ત્રણ દહાડે શ્રીજી મહારાજ પાસે પહોંચ્યા. અને શ્રીજી મહારાજના ચરણ પાસે કેરીનો ટોપલો મૂકી દંડવત કરવા લાગ્યા. શ્રીજી મહારાજે પણ ભગવાનદાસભાઈને મીઠો આવકાર આપ્યો. આવો ભક્તરાજ આવો, આટલા શબ્દો સાંભળતા જ ભગવાનદાસભાઈનો ત્રણ દહાડાનો થાક ઉતરી ગયો. ભગવાનદાસભાઈ, ક્ષેમકુશળ તો છોને ? હા, મહારાજ તમારી દયાથી બધું જ સારૂં ચાલે છે. સુખ સુખને સુખ છે. તમારી યાદ આવતી હતી. તમારા દર્શનની ખૂબ ઈચ્છા થઈ માટે હું દર્શન કરવા તમારી વાણી સાંભળવા સંતોના સમાગમ કરવા આવી ગયો.

સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરી ભગવાનદાસભાઈ સભામાં બેઠા. ત્યાં એક દૃશ્ય સર્જાયુ. સુરાખાચરના સુપુત્ર ઉંમરમાં ઘણા નાના હતા. નાથાખાચર તેમનું નામ. નાથાખાચરની નજર બાલ સ્વભાવે કેરી સામી જાય. બાળકને તો કોઈ સારી જમવાની વસ્તુ દેખાય તો તરત મન લલચાય. શ્રીજી મહારાજ જાણી ગયા. નાથાની નજર કેરી સામી છે. શ્રીજી મહારાજે હાથમાં એક કેરી લઈ નાથાને બતાવી. જો નાથા તારે આ કેરી ખાવી છે. નાથો મહારાજ પાસે દોડીને પહોંચી ગયો. મહારાજને પગે લાગી હાથ ધરી બોલ્યો, "મહારાજ મને કેરી આપો." શ્રીજી મહારાજ કહે "ના" તું મને તારા ગળામાંથી આ સોનાનો દોરો કાઢીને આપ પછી હું તને કેરી આપું.

સભા આ દૃશ્ય જોઈ રહી છે. નાથાએ તરત ગળામાંથી સોનાનો દોરો કાઢી મહારાજને આપી દીધો. અને કેરી લઈ સૂરાબાપૂ પાસે ચાલ્યો ગયો. નાથો તો ખુશ ખુશાલ હતો "વાહ કેરી મળી મને કેરી મળી."

બાળકની આ વાત ઉપરથી પ્રભુ સ્વયં ભક્તોને સમજાવવા લાગ્યા તમે જ કહો કે એક કેરીની કિંમત વધુ કે સોનાના દોરાની ? જવાબ તો સ્પષ્ટ છે કે સોનાના દોરાની કિંમત વધુ છે. એ દોરામાંથી તો આવી કેટલીય કેરી મળે એમ છે. છતાં એક કેરી માટે બાળકે સોનાનો દોરો આપી દીધો. કારણ કે બાળકને એ વાતની ખબર નથી કે કેરી કરતાં દોરો કિંમતી છે. જો ખબર હોત તો ન આપત.

સોનાના દોરાની જગ્યાએ ભગવાન છે. અને કેરીની જગ્યાએ આ જગતના વિષયો છે. બાળક જેવા અજ્ઞાની જીવને એ ખબર નથી. ભગવાનને બરાબર ઓળખ્યા નથી. માટે ભગવાન કરતાં વિષયને અધિક જાણે છે. અને ભગવાનને ભૂલીને વિષય માટે વલખાં મારે છે. એવા અજ્ઞાની જીવને એ પણ ખબર નથી કે ચિંતામણી તુલ્ય ભગવાન છે. એમનું શરણું રાખશું તો ભગવાનની કૃપાથી તમામ સુખની પ્રાપ્તિ થશે.

ભક્તિસુધા

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી "ગુણાતીત લક્ષણ એટલે શું"

(સંકલન - કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

જે લોકો મનુષ્ય જીવન વિષે ખરેખર ગંભીર છે તેમણે સત્સંગમાં રહીને ગુણાતીત થવું જોઈએ. ગુણાતીત એટલે પ્રકૃતિના જે ત્રણે ગુણો છે. સત્વગુણ, રજોગુણ અને તમો ગુણ તે ત્રણે ગુણો જીતાઈ જાય તેને ગુણાતીત સ્થિતિ કહેવામાં આવે છે. મનુષ્ય જીવનનું આ જ ધ્યેય છે. અન્યથા મનુષ્યને ફરીથી મનુષ્ય યોનિ મળશે એની કોઈ બાંહેધરી નથી. આમ મનુષ્ય પ્રાકૃત ગુણોના સર્વ કાર્યોથી પર થઈ શકે છે. સામાન્ય રીતે ભૌતિક જગતમાં આપણે જે જ્ઞાન મેળવીએ છીએ તે ભૌતિક પ્રકૃતિના ત્રણ ગુણોથી દૂષિત થયેલું જોવા મળે છે. જે જ્ઞાન ભૌતિક પ્રકૃતિના ત્રણ ગુણોથી દુષિત થયેલું હોતું નથી તે દિવ્ય જ્ઞાન કહેવાય છે. તેવા દિવ્ય જ્ઞાન માટે તેણે કેવળ સાચા સદ્‌ગુરુના ઉપદેશ દ્વારા પોતાની આધ્યાત્મિક સ્થિતિ, પોતાના ભૌતિક શરીરને, પોતાની ઈન્દ્રિયોને પ્રકૃતિના ભૌતિક ગુણોને પોતે કેવી રીતે વશ થયો છે એ બધું જાણી શકે છે. આમ જ્યારે તે પોતાનું વાસ્તવિક સ્વરૂપ જોઈ શકે છે ત્યારે તે દિવ્ય જીવન પામી શકે છે. જ્યાં સુધી મનુષ્યને આધ્યાત્મિક અધિકારીની સહાય મળે નહિ ત્યાં સુધી પોતે કેવી સ્થિતિમાં છે તે સમજી શકતો નથી આધ્યાત્મિક ગુરુના સંગમાં તે પોતાની અસલ સ્થિતિ સમજી શકે છે. આમ જે મનુષ્ય સમજીને વસ્તુઓને મૂળરૂપે જોઈ શકે છે તેની ઉપર પ્રકૃતિનો પ્રભાવ ક્રમશઃ સમાપ્ત થઈ જાય છે. આમ જે મનુષ્ય ખરેખર ઉન્નતિ કરવા તત્પર હોય છે તેણે આ ત્રણે ગુણોને ઓળંગી જવું પડે છે. અને આમ જ્યારે મનુષ્ય આવા દિવ્ય જ્ઞાનમાં સ્થિત થઈ જાય છે ત્યારે તે પરમપુરુષના જેવી ભૂમિકામાં આવી જાય છે. પૂર્ણ દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરી લીધા પછી મનુષ્ય જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થઈને પૂર્ણ પુરૂષોત્તમ પરમેશ્વર સાથે ગુણાત્મક એકતા પામે છે. જો કોઈ દૃઢ સંકલ્પ કરે તો તેને સત્વગુણનું વરદાન તો મળી શકે છે જ. અને સત્વગુણથી પણ પર થઈને તે શુધ્ધ સત્વમાં સ્થિર થઈ શકે છે. જેમાં રહીને તે ઈશ્વરીય વિજ્ઞાનને સમજી શકે છે. સત્વગુણમાં રહેલો માણસ ભૌતિક દુઃખોથી બહુ પ્રભાવિત થતો નથી. સત્વગુણમાં મનુષ્ય મોટે ભાગે પાપ કર્મોથી મુક્ત હોય છે. સત્વગુણ એટલે જ વધારે જ્ઞાન અને વધારે સુખની લાગણી. પણ અહીં મુશ્કેલી એવી છે કે જ્યારે મનુષ્ય સત્વગુણમાં સ્થિત થઈ જાય છે ત્યારે તેને એવું લાગે છે કે પોતે જ્ઞાનમાં ઉન્નત થયો છે. અને અન્ય મનુષ્યોથી શ્રેષ્ઠ છે. આમ થવાથી તે સત્વગુણ યુક્ત કર્મ કરવા પ્રતિ આકર્ષિત થાય છે. અને જ્યાં સુધી તેમને આ પ્રમાણે કર્મ કરતા રહેવાનું આકર્ષણ રહે છે ત્યાં સુધી તેમને શરીર ધારણ કરવું પડે છે. એ રીતે તેમની મુક્તિની શક્યતા રહેતી નથી. અને રજોગુણની ઉત્પતિ અમર્યાદિત ઈચ્છાઓ તથા તૃષ્ણાને કારણે થાય છે. રજોગુણી મનુષ્ય રાષ્ટ્ર અથવા સમાજમાં સન્માન ઈચ્છે છે. સુંદર સ્ત્રી સારા સંતાન તથા ઘર સહિત સુખી પરિવારની ઈચ્છઓ રાખે છે. જ્યાં સુધી મનુષ્ય આ બધા માટે વલખા મારતો રહે છે ત્યાં સુધી તેણે સખત કામ કરવું પડે છે. સમગ્ર ભૌતિક જગત વત્તે કે ઓછે અંશે રજોગુણી છે. અને તમોગુણ મનુષ્યના જ્ઞાનને ઢાંકીને તેને પ્રમાદથી બાંધે છે. અજ્ઞાનના પ્રભાવમાં આવેલો મનુષ્ય વસ્તુઓને તેના યથાર્થરૂપે જોઈ શકતો નથી. અને પરિણામે તેઓ આધ્યાત્મિક જ્ઞાનમાં પ્રગતિ કરવાની ઈચ્છા ધરાવતા નથી. જ્યારે તેમને આધ્યાત્મિક જ્ઞાનમાં સામેલ થવા આમંત્રિત કરવામાં આવે છે ત્યારે તેઓ તેમાં રસ ધરાવતા નથી. જ્યારે તમોગુણમાં વૃદ્ધિ થાય છે ત્યારે અંધકાર, જડતા, ઉન્માદ અને મોહ વ્યક્ત થાય છે.

●

ઘંટારવ

- રમીલાબેન કે. મોદી (હિંમતનગર)

ભગવત પૂજનમાં ઘંટ એક મહત્વનું સાધન છે. તે નાની મોટી દરેક સાઈઝમાં મળે છે. સંસ્કૃતમાં તેને ગરુડઘંટી અને ગુજરાતીમાં ઘંટડી, ટોકરી કે ટંકોરી કહે છે. ભગવાનને નૈવેદ્ય, જળ વગેરે ધરાવતી વખતે, જગાડતી વખતે અને આરતી અને પૂજન વખતે વગાડવામાં આવે છે. ભગવાન આગળ ટોકરી વગાડવા પાછળ તાત્વિક, મનોવૈજ્ઞાનિક આયુર્વેદિક અને પૌરાણિક એમઘણા કારણો છે.

તાત્વિક દૃષ્ટિએ પરબ્રહ્મ સુધી પહોંચતા પહેલા નાદબ્રહ્મને ઓળંગવુ પડે છે. નાદબ્રહ્મનો પાર પામ્યા પછી

જ પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તેથી ભક્ત પરબ્રહ્મ સુધી પહોંચવાની પોતાની મહેચ્છા પ્રદર્શિત કરવા પ્રતિકાત્મક રૂપે ટંકોરી વગાડે છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો ઘંટ વગાડવાથી એક વિશિષ્ટ પ્રકારના ધ્વનિ તરંગો ઉત્પન્ન થાય છે. જે આપણને મનને એકાગ્રતા કરવામાં મદદરૂપ બને છે. પરમાત્માનું દર્શન, વંદન, ધ્યાન વગેરે કરવા મનની એકાગ્રતા જરૂરી છે. ઘંટનો અવાજ આ માટેની મનોભૂમિકા પૂરી પાડે છે. આયુર્વેદિક દૃષ્ટિએ વિચારીએ તો અમુક પ્રકારના વિષાસક્ત જીવ જંતુઓ અને કીટાણુઓ ધ્વનિ શક્તિથી નાશ પામે છે. ટંકોરી, શંખ વગેરે વગાડવાથી વિશિષ્ટ પ્રકારનો ધ્વનિ ઉત્પન્ન થાય છે. તે જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી રહેલા સજીવ સૃષ્ટિના તન, મનના અમુક પ્રકારના રોગો દૂર થાય છે.

પૌરાણિક અંગેનો મહાભારતમાં એક પ્રસંગ છે. મહારાજ યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો તે વખતે બધા રાજાઓ ઉપર વિજય મેળવ્યો. સાધનબળથી યુધિષ્ઠિર માટે આ કાર્ય અશક્ય નહોતુ. છતાં જરાસંધને જીતવો મુશ્કેલ હતો. કારણ કે તેને જન્મ સમયે એક વરદાન મળ્યુ હતું. કહેવાય છે કે જરા નામની રાક્ષસીએ જરાસંધના બે ટૂકડાઓ સાંધીને તેને સજીવન કર્યો હતો. એટલે જ તેનું નામ જરાસંધ પડ્યું હતું. તેના શરીરના ટુકડા થવા છતાં તે મૃત્યુ પામતો નહિ. આ વાત શ્રીકૃષ્ણ જાણતા હતા. તેથી જ તેમણે દ્વંદ્વ યુદ્ધમાં કપટ કરીને જરાસંધને મારવાની પાંડવોને સલાહ આપી.

જરાસંધને જીતવા ભીમ, અર્જન અને શ્રીકૃષ્ણ ઉપડ્યા જરાસંધની નગરી મગધના પ્રવેશદ્વાર આગળ એક દેવતાઈ ઘંટ હતો કોઈપણ શત્રુ પ્રગટ કે છુપા વેષે નગરમાં પ્રવેશ કરે એટલે તુરંત વાગવા માટે એટલે જરાસંધ સાવધાન થઈ જાય. યુદ્ધનું ધ્યેય ગુપ્ત રાખીને વેશ પલટો કરી ભીમ, અર્જુનને શ્રીકૃષ્ણની ત્રિપુટી જેવી નગરમાં પ્રવેશ કરવા ગઈ કે તુરંત તે ઘંટે વાગવાની તૈયારી કરી. જો ઘંટ વાગે તો વાત છુપી રહે નહિ. માટે શ્રીકૃષ્ણે ઘંટને ચૂપ રહેવાનું કહ્યું ઘણું સમજાવવા છતાં ઘંટ ન સમજ્યો. ત્યારે શ્રીકૃષ્ણે તેને જોઈએ તે વરદાન માગવા કહ્યું. ત્યારે ઘંટે માંગ્યુ કે હું વગડું નહિ ત્યાં સુધી તમારે અન્ન, જળ, પૂજન વગેરે કોઈ સેવા અંગીકાર કરવી નહીં. શ્રીકૃષ્ણ ભગવાને તથાસ્તુ કહી તેને વરદાન આપી પોતાની સેવામાં રાખ્યો અને દ્વંદ્વ યુધ્ધથી જરાસંધનો વધ કરાવ્યો.

મહાભારતકાલિન પ્રસંગ પછીથી કદાચ ઘંટારવનું મહત્વ વધ્યુ હશે. દેવ સેવાનું તે અનિવાર્ય અંગ બની ગયો. ભગવાન ઘંટ આગળ વચનથી બંધાણા છે. માટે જ્યાં સુધી ઘંટ અર્થાત્ ટંકોરી ન વાગે ત્યાં સુધી ભક્ત ભાવપૂર્વક અર્પણ કરે છતાં ભગવાન કોઈ સેવા અંગીકાર કરતા નથી. ઘણીવાર ટંકોરીના અભાવે કામ ચલાઉ રીતે થાળી, વાટકી, લોટો વગેરે વગાડીને તેની અવેજીનું કામ લેવામાં આવે છે. અન્ય વસ્તુઓમાં ટંકોરીની ભાવના કરવામાં આવે છે. આમ ઘંટારવ સહેતુક છે. માટે દેવ સેવામાં અચૂક ટંકોરી રાખવી જોઈએ.

●

શ્રી ગુણગ્રાહિણે નમઃ

– સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

વચનામૃતમાં શ્રીજી મહારાજ વારંવાર ચેતવણી આપે છે. જે સત્સંગી માત્રનો અભાવ લેવો નહિ. આવી બાબત તમને બીજા કોઈ શાસ્ત્રોમાં જોવા નહિ મળે. ભગવાનના માર્ગમાં અભાવ લેવાની ટેવ પડી જાય તો સમજવું કે સત્સંગમાં આપણી પાનખર ઋતુની શરૂઆત થઈ છે. અભાવ-અવગુણ લેશે તો સૂર્ય જેવો પ્રકાશમાન જીવાત્મા હશે તો પણ કીડી જેવો થઈ જશે. પૂર્ણિમાના ચંદ્ર જેવો હશે તો પણ અમાવાસ્યા જેવો કાળો મેશ થઈ જશે. માટે કોઈનો અવગુણ ન લેવો. ગુણજ લેવો. તો જ મોક્ષ ભાગી બનીશું. આત્યાંતિક શ્રેય સાધીશું.

એક સમયે મહારાજે સંતોને ગામોગામફરવાની આજ્ઞા આપી. સંતો સત્સંગ પ્રચાર અર્થે ગામોગામ ફરતા ફરતા વસો ગામમાં આવ્યા. ગામના ઝાંપે વૃક્ષ હતું. ત્યાં ઉતારો કર્યો. ભાવિક ભક્તો કથા સાંભળવા આવે. તેને સરસ ઉપદેશ આપે છે. આ સંસારનું સુખ ઝાંઝવાના પાણી જેવું છે. ઝાંઝવાના પાણીથી સ્નાન થાય નહિ. પીવાય પણ નહિ. તેમઆ સંસાર સ્વપ્ન જેવો છે. તેનાથી સુખ ન થાય. ને તેને નાશ થતા વાર લાગતી નથી. આવી રીતે ખૂબ ઉપદેશ આપ્યો. પછી રાત્રે નિયમ ચેષ્ટા બોલ્યા અને માનસી પૂજા કરીને સૂઈ ગયા. નારાયણદાસ ભલા-ભોળા અને ઋષિ જેવા હતા. અને શંકરાનંદ સ્વામી સ્વભાવના તેજ હતા. નારાયણદાસ ભરનિંદ્રામાં સૂતા છે. સવારના સાડા ત્રણ થયા ત્યારે શંકરાનંદ સ્વામીએ ઉઠીને નારાયણદાસ સ્વામીને પગનું ઠેબુ મારીને કહ્યું, "ક્યું બૈલ જૈસે સોતે હો ? ભાન નહિ કે પ્રભાત હો ગયા." આવી

રીતે વારંવાર નારાયણદાસને ધમકાવે. છતાંય સ્વામી કાંઈ બોલે નહિ. સહન કરે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને રાત્રે શંકરાનંદ સ્વામીને દર્શન આપ્યા. અને કહ્યું, "કેમ તમે તમારી વાણીને બેફામ મૂકી દીધી છે ? ફાવે તેવું બોલીને લાત મારો છો ? નારાયણદાસ ને બૈલ જેવા કહો છો ? જેટલા વખત બૈલ જેવાં કહ્યા તેટલા જન્મબળદના લેવા પડશે. બળદ થઈને બીજાના ધોકા ખાશો ને જન્મ મરણના ચક્કરમાં ફરશો. કર્મ વિચારીને કરવા જોઈએ ને !" પાણી અને વાણી બંને ગાળીને વાપરીએ તો પરિણામ સારૂ આવે. હંમેશા વાણીમાં વિવેક રાખવો. જીવનનો આધાર વાણી ઉપર છે. માણસની પરીક્ષા વાણી ઉપરથી થાય છે. માટે વાણી મીઠી બોલવી. શંકરાનંદ સ્વામીએ બે હાથ જોડીને કહ્યું, "મહારાજ મારી ભૂલ થઈ છે. મને માફ કરો. હવે બીજી વખત એવું કાંઈ નહિ બોલું. ત્યારે મહારાજે કહ્યું, હું માફી નહીં આપી શકું. તમારે નારાયણદાસ સ્વામીની માફી માગવી જોઈએ. એ માફી આપશે તો તમારે બળદ નહિ થાવું પડે. તમે એમનો અપરાધ કર્યો છે. જલદી જાવને સ્વામીનો રાજીપો મેળવો."

શંકરાનંદ સ્વામીએ પગે લાગી માફી માગી કે મારી ભૂલને ક્ષમા કરો. નારાયણદાસે માફી આપીને કહ્યું ચિંતા ન કરો. પછી ભગવાને પણ અપરાધ ગુનો માફ કર્યો. માટે ભગવાનના ભક્ત કે સત્સંગીનો અભાવ લેવો નહિ. જે ભગવાન કે ભક્તનું ઘસાતું બોલે છે તેનું માથું કપાણું જાણવું. એની આસુરી મતિ થઈ છે એમ જાણવું. જો પાપ ન કરીએ, દ્રોહ ન કરીએ તો હજારો ધર્મ પાળવા બરાબર છે. હજારો દાન કર્યા બરાબર છે. આપણે દરરોજ પ્રાર્થના કરવી જે.....

"તમારા કોઈ ભક્તનો મારે દ્રોહ ક્યારે નવ થાય, એ વર માગું છું. સંગ એકાંતિક ભક્તનો, મને નિત્ય આપો મુનિરાય, એ વર માગું છું. દાસ તમારા દાસનો મને રાખો નાથ હજુર, એ વર માગું છું. પ્રેમાનંદની વિનંતી સાંભળજો શ્યામ જરૂર, એ વાર માગું છું."

પ્રેમાનંદ સ્વામીએ પ્રાર્થના કરી છે અને કહ્યું છે કે તમારા ભક્તનો દ્રોહ ન થાય, અને એકાંતિક ભક્તનો પ્રતિદિન સમાગમ થાય ને તમારા દાસનો દાસ થઈને તમારી હજુરમાં રાખશો. તો આપણે પણ દરરોજ પ્રાર્થના કરીશું તો ભગવાન આપણને અક્ષરધામમાં તેમની સમીપે રાખશે. ગુણાતીતાનંદ સ્વામીએ પણ કહ્યું છે કે, જેવો બીજાનો દોષ જોવાનો આગ્રહ છે તેવો પોતાના દોષ ટાળવાનો આગ્રહ રાખજો. માટે સુખીયા થવું હોય તો હંમેશા ગુણ જોવાની લેવાની ને કહેવાની ટેવ પાડવી. દરેકમાંથી ગુણ ગ્રહણ કરવાની ટેવ પાડશો તો તમારા અંતઃકરણ ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિથી છલકાઈ જશે. અને પરમેશ્વરની કૃપા થશે. લોક વ્યવહારે ગમે તેવો મોટો કહેવાતો હોય, ગમે તેટલા ત્યાગ-વૈરાગ્યે યુક્ત હોય પરંતુ જ્યાં સુધી ગુણ ગ્રાહી નહિ બને તો અક્ષરધામ દૂર થશે. માટે ગુણ ગ્રાહી બનીને પ્રભુ પ્રસન્નતા મેળવો.

●

સત્સંગ સભા દ્વારા અમૃતનો આસ્વાદ

- સાં.યો. ઉષાબા ગુરુ. સાં.યો. કમળાબા
(સુરેન્દ્રનગર)

પરમકૃપાળુ ઈષ્ટદેવ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમકૃપાથી તેમજ શ્રીહરિ દ્વારા સ્થાપિત અમદાવાદવાસી શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ સનાતન સમસ્ત ઉત્તર દેશ વિભાગના બહેનોનાં ગુરુ સ્થાને બિરાજતા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીનાં શુભ સંકલ્પથી રામપુરા ગામમાં નૂતન સ્વામિનારાયણ બહેનોના મંદિરમાં ૧૫ માં પાટોત્સવના અંતર્ગત સત્સંગ શિબિરનું આયોજન અષાઢ સુદ-૮ તા. ૧૮-૭-૨૦૧૦ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું.

પાટોત્સવના અંતર્ગત પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના સામૈયા કર્યા હતા. બહેનો પણ સામૈયામાં અસંખ્ય જોડાયા હતા, ત્યારબાદ નૂતન બહેનોના મંદિરમાં ભગવાનનો અભિષેક પ.પૂ. ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે થયો હતો. તેમજ અન્નકૂટોત્સવની આરતી ઉતારી હતી. આવો અમૃત લ્હાવો સમસ્ત સત્સંગી બહેનોએ લીધો હતો.

આ ઉત્સવમાં પાટોત્સવમાં ધામોધામથી સાંખ્યયોગી બહેનો અને સત્સંગી બહેનો પણ પધાર્યા હતા. સાંખ્યયોગી બહેનોએ વ્યાખ્યાન માળાનું સુંદર રસપાન કરાવ્યું હતું. ને તેનો લાભ સત્સંગીબેનોએ લીધો હતો. સ્વામિનારાયણ નામથી ચરી ખાતાં મૂળિયા વિનાના પાખંડીઓની પોલ ને ઉઘાડી પાડવા તેમજ આખી જીંદગી સત્સંગ કરી કરીને વૃદ્ધત્વના આરે પહોંચવા આવ્યા હોય છતાંય એમ બોલે કે આપણે તો બધુંય સરખુ ! અમારે તો ભગવી ચીંથરી સરખી ! અમો તો દરેક જગ્યાએ જઈએ ! આવી ગોબરી સમજણ વાળા હરિભક્તોને સાચો રાહ બતાવવા માટે સાંખ્યયોગી બાઈઓ દ્વારા કથામૃતનું રસપાન કરાવ્યું હતું. ને સહુને

કૃતાર્થ કર્યા હતા.

રામપરા નૂતન સ્વામિનારાયણ બહેનોના મંદિરના કોઠારી કંચનબેન, લાભુબેન, લલિતાબેન વગેરેના માર્ગ દર્શન હેઠળ આવો લ્હાવો, જે પાટોત્સવના અંતર્ગત સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સભા સંચાલન સુરેન્દ્રનગર ધામના સાંખ્યયોગી કોકિલાબા એ કરેલ હતું. ને સમસ્ત સત્સંગનો સર્વાંગી ઉત્કર્ષ થાય તેવા શુભ હેતુથી તેમજ પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા વરસે અને સૌનું કલ્યાણ થાય તેવી શુભેચ્છાથી કર્યું હતું. ત્યારબાદ સત્સંગ સભાની સમાપ્તિ દ્વારા પ.પૂ. ગાદીવાળાશ્રીએ આશીર્વચન આપતા મંગલ પ્રવચનમાં જણાવ્યું કે, ભગવાનની ઈચ્છા વગર ડગલું ભરાતુ નથી. મનુષ્ય દેહ દુર્લભ છે. ચોર્યાસી લાખ ફેરા ફરીએ ત્યારે મનુષ્ય દેહ મળે છે. મનુષ્યત્વ અને મુમુક્ષુત્વ એ બે મળવા દુર્લભ છે. મનુષ્ય દેહ મળે પણ સાચા અર્થમાં મનુષ્ય બનવું એ અતિ કઠણ છે. માનવતા નથી આવતી ત્યાં સુધી મનુષ્ય થવાતું નથી. માનવતા અને દાનવતા વચ્ચેનું દ્વંદ્વ યુદ્ધ ચાલુ જ હોય છે. તેમાં ૯૦% જીત દાનવતાની જ થતી હોય છે. માંડ ૧૦% જ માનવતાની જીત થાય છે. કઠોરતા, નિર્દયતા, રાગ, દ્વેષ વધુ જોવા મળે છે. સૌ પ્રથમ મનુષ્યમાં માનવતા હોવી જોઈએ. મનુષ્યમાં મોક્ષ પ્રાપ્તિ કરવાની ભાવના હોવી જોઈએ. પરમ શાંતિ પામવાની પરમાત્માને પામવાની ભાવનાને મુમુક્ષત્વ કહેવાય છે. માણસ યોગી, જ્ઞાની, પંડિત હોય શકે પણ મુમુક્ષુ છે કે નહિ તે ઉપરથી જોઈ શકાતું નથી. એતો અંદરની ભાવના હોય છે. મોઢા ઉપર જોવા મળતું નથી. ખૂબ તરસ લાગી હોય તો, તેનો અનુભવ કરવાનો હોય, તેનું વર્ણન ન કરી શકાય. તેમ મોક્ષ પ્રાપ્ત કરવો હોય તો પરમેશ્વરની ભાવના હૃદયની અંદર હોવી જોઈએ. દેહ તો ક્ષણ ભંગુર છે. જીવને રહેવા માટે શરીર આપ્યું છે. શરીર માધ્યમ છે. જેનાથી ભગવાનને પ્રાપ્ત કરી શકાય છે. માયા મોહ મૂકી ભગવાનને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. દેહ તો ક્ષણભંગુર છે. કાલ કોણે જોઈ છે ! ક્ષણ પછી શું થવાનું છે તે ખબર નથી. માટે સમય બગાડવાની ભૂલ ન કરવી જોઈએ. ઈશ્વરની કૃપા તો કાયમ આપણા ઉપર વરસતી જ હોય છે. આપણે તેનો અનુભવ કરી શકતા નથી. સૂર્ય ઉગે ત્યારે ઓરડાના બારણા બંધ કરી બેસી રહીએ તો સૂર્ય પ્રકાશનો અનુભવ નથી કરી શકતા. તેના માટે ઓરડાના બારણા ખોલવા જોઈએ. તેમ પરમાત્માનો અનુભવ કરવા અંતઃકરણના દ્વાર ખોલવા પડે. ભગવાન આપણા હૃદયમાં જ રહેલા છે. પણ તેનો અનુભવ કરવાની જરૂર છે. અંતઃકરણમાં ડુબકી લગાડવાની જરૂર છે. બહાર ગોતવા જવાની જરૂર નથી.

એક ભિખારી રોડના કિનારા ઉપર બેસી ભિક્ષા માગતો હતો. ત્યાંથી એક સંત પસાર થયા. સંતે ભિખારીને કહ્યું કે તું ભીખ કેમ માગે છે ? તું તો શ્રીમંત છે. ત્યારે ભિખારી કહે બાપજી, હું તો ભીખ માગું છું. શ્રીમંત ક્યાંથી હોઉં. ત્યારે સંતે કહ્યું કે તું જે જગ્યાએ બેઠો છું. તેની નીચે ખજાનો છે. તેને આસન હટાવી ધૂળ-માટી ખોદીને જોયું તો ત્યાંથી સોનાના સિક્કા ભરેલો ચરૂ મળ્યો. તેમ પરમાત્મા રૂપી ખજાનો જીવમાં જ રહેલો છે. પણ અજ્ઞાનતાથી ભગવાનને ઓળખી શકતા નથી. મોહ માયા રૂપ માટીને હટાવી જોવાનું છે. ઈર્ષા-અહંકાર રહિત ભક્તિ કરવી.

આપણો સંપ્રદાય ચોખ્ખો છે. ગુરુમુખી સંપ્રદાય નથી. ગુરુ ભગવાનની ઓળખાણ કરાવે છે. ગુરુને પૂજાવાનું નથી. પતિવ્રતાની ભક્તિ કરવી. તેની મરજી હોય તેમ વર્તવુ. પોતાના ધણીની મરજી પ્રમાણે કરીએ તો પતિને ગમે. તેમ ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તીએ તો ભગવાનને ગમીએ.

કોઈ એક ખેડૂત પોતાના ખેતરમાં કામકરતો હોય ને તેનું ખેતર ઘરથી દૂર હોય ને તેની પત્ની જમવાનું બનાવી ખેતરમાં ભાતુ દેવા જાય છે. ત્યારે તેનું ખેતર દૂર હોવાથી નજીકના કોઈના ખેતરમાં કામ કરતા બીજા ખેડૂતને જમાડવા નથી જતી. તેના પતિનું ખેતર દૂર હોય તો પણ ત્યાં જ જાય છે. તેવી રીતે નરનારાયણદેવ તે ભરતખંડના રાજા છે. ને તેજ આપણા ઈષ્ટદેવ છે. તેને મૂકીને બીજાને ભજવા જઈએ તો વ્યભિચારિણી જ કહેવાઈએ. માટે પતિવ્રતાની ભક્તિ કરવી. આચાર્ય મહારાજશ્રીએ જે મૂર્તિની પ્રતિષ્ઠા ન કરી હોય ત્યાં જવાય નહિ. પૂજામાં નરનારાયણદેવની મૂર્તિ રાખવી. આપણને ભરતખંડના રાજા શ્રી નરનારાયણદેવનો ટેકો મળ્યો છે. તો બીજા ટેકા રાખવાની શી ચિંતા કરવી ? આવી રીતે નરનારાયણદેવનો મહિમા કહ્યો હતો અને આશીર્વાદનો અમૃત લાભ સૌએ લીધો હતો ને સત્સંગી બહેનોએ પોતાના જીવનને ભાગ્યવંતુ બનાવ્યું હતું. આશીર્વચન તેમજ દર્શન-સ્પર્શનો લાભ લઈ સત્સંગ સભાની પૂર્ણાહુતિ થઈ હતી.

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમાં ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

અષાઢ સુદ પૂનમ એટલે ગુરુ પૂર્ણિમાનો દિવસ. સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત ત્યાગી-ગૃહી તમામના ગુરુ એટલે ધર્મવંશી આચાર્યશ્રી. શ્રીહરિના જ સ્વરૂપ એવા સર્વોપરિ મહાપ્રતાપી શ્રી નરનારાયણ ભગવાનના શુભ સાનિધ્યમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ એક ઉત્સવ સમૈયાના રૂપમાં ધામધૂમથી ઉજવાયો.

શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો નિજ મંદિરમાં ત્રણેય દેરામાં બિરાજમાન દેવોની શણગાર આરતી ઉતારીને પ્રસાદીના સભા મંડપમાં બિરાજ્યા. ધીમી ધારે અવરિત વરસાદ વરસતો હોવા છતાં અમદાવાદ શહેર તથા ગામો ગામ તેમજ વિદેશથી પણ હજારો હરિભક્તો ગુરુ ચરણોમાં પોતાની શ્રધ્ધા-ભાવના-નિષ્ઠા વ્યક્ત કરવા આવ્યા હોવાથી સભા મંડપમાં તથા મંદિરમાં ક્યાંય તસુ જગ્યા નહોતી. સૌ પ્રથમ મંદિરના ભૂદેવો તથા વિદ્વાન પંડિતો દ્વારા સ્વસ્તી વાચન, પૂજન-અર્ચન-આરતી થયા બાદ ક્રમશઃ વડીલ સંતો, અગ્રગણ્ય સેવાભાવી ગૃહસ્થ હરિભક્તો અને યજમાન પરિવાર દ્વારા પુષ્પહાર તથા આરતીથી ગુરુપૂજન થયું. મોરબીના પ.ભ. નવીનભાઈ માંડલીયાએ પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીને ક્રમશઃ ૧૧ કિલો, ૫ કિલો તથા અઢી કિલોનો બદામનો હાર તેમજ તેમના ધર્મપત્નીએ પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીને ૫ કિલો બદામનો હાર પહેરાવી આ સહ યજમાન પરિવારે ધર્મકુળ પ્રત્યે પોતાની શ્રદ્ધા ભાવના વ્યક્ત કરી. મુખ્ય યજમાન પ.ભ. કૌશિકભાઈ પાટડીયાએ દિવ્ય લાભ લીધો. અમદાવાદ મંદિરની કુલ મંડળીએ આજના દિવસે ૩૭ ફૂટનો ગુલાબના પુષ્પોનો હાર ગૂંથીને પ.પૂ. મહારાજશ્રીને પહેરાવ્યો. આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અમદાવાદ વિસ્તારના બાળમંડળના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કર્યું હતું. નિષ્ઠાવાન સેવાભાવી હરિભક્તો દ્વારા મ્યુઝિયમ માટે દાનનો પ્રવાહ સતત ચાલું રહ્યો હતો. જે સૌનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધામોધામથી પધારેલા સૌ સંતો વતી અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શા.સ્વામી નિર્ગુણદાસજી અને સ.ગુ. ધ્યાની સ્વામીએ પ્રસંગોચિત પ્રવચન કરીને મોક્ષ માર્ગે આપણા સૌના ગુરુ એવા ધર્મવંશી આચાર્યશ્રીની અનિવાર્યતા તથા મહત્તા દર્શાવી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રીએ મર્મવેધક આશીર્વચન કહ્યું હતું. જે આશીર્વચનમાં પોતાની વાણી પણ સામેલ છે. એવી ભાવનાથી પ.પૂ. મહારાજશ્રીએ મૌન રહી સૌને શુભ આશીર્વાદ આપ્યા હતા.

અંતમાં સર્વે સંતોએ પુષ્પમાળાથી તેમજ ગૃહસ્થ હરિભક્તોએ ભેટ મૂકીને પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ચરણ સ્પર્શ કરી ગુરુ પૂજન કર્યું હતું.

ઉચ્છવીયા મંડળે શ્રી નરનારાયણદેવ સમક્ષ પ્રસંગોચિત કીર્તન ભક્તિ કરીને ઉચ્છવ કર્યો હતો. (ગોરધનભાઈ સીતાપરા)

વડનગર મંદિરમાં પાટોત્સવ

ઐતિહાસિક અને ધાર્મિક નગરી વડનગરના શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન અલૌકિક મૂર્તિ શ્રી ઘનશ્યામમહાજનો ૪૯ મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી જેઠ વદ-૧૨ના રોજ મહંત સ્વામી હરિસેવાદાસજી તથા મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીના માર્ગદર્શન મુજબ વિસનગરના પ.ભ. મોદી કાંતાબેન દ્વારકાદાસના સુપુત્ર પ.ભ. મોદી રમેશભાઈ દ્વારકાદાસ તથા તેમના ધર્મપત્ની મોદી યશોધરાબેન રમેશભાઈ પરિવાર તરફથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો હતો. આ શુભ પ્રસંગે અભિષેક દર્શન અન્નકૂટ દર્શન, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દર્શન અને શુભાશીર્વાદનો લાભ લઈ હરિભક્તો ધન્ય થયા હતા. આ પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી તથા શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી અને પ.ભ. શ્રી સોમાભાઈ ડી. મોદી તેમજ પ.ભ. મોદી નવીનચંદ્ર મણીલાલ અને પ.ભ. મોદી પ્રફુલ્લભાઈએ પ્રસંગોચિત પ્રવચન કરી પ્રસંગને બિરદાવ્યો હતો. સભાનું સંચાલન મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ દીપાવ્યું હતું. તેમજ પૂજારી શાસ્ત્રી અભિષેકપ્રસાદદાસજીએ પૂર્વ તૈયારી કરી પ્રસંગને દીપાવવા જહેમત ઉઠાવી હતી.

આ શુભ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આગામી શ્રી ઘનશ્યામમહારાજનો સુવર્ણ જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવવા આજ્ઞા સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સર્વોદય સેવા ટ્રસ્ટના પ્રમુખ શ્રી સોમાભાઈ ડી. મોદી તથા વડનગર નગર પાલિકાના ચીફ ઓફિસર શ્રી સતીષભાઈ પટેલનું ફુલહારથી સન્માન કર્યું હતું. (શા. અભિષેકપ્રસાદદાસજી)

ઈડર મંદિરનો પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અત્રેના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો ૧૬૪ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. પ્રાતઃ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર થયો હતો.

સાબરકાંઠા પ્રદેશના સત્સંગીઓની વિશાળ ઉપસ્થિતિમાં

સભા થઈ હતી. યજમાનશ્રી ભાયચંદભાઈ ચતુરભાઈ પટેલ (મરતોલીવાળા) એ પ.પૂ. મહારાજશ્રીની ભેટ પૂજા કરીને આરતી ઉતારી હતી. ત્યારબાદ ધામોધામના સંતોના પ્રેરક પ્રવચન થયા હતા.

છેલ્લે પૂ. મહારાજશ્રીએ પોતાના આશીર્વાદ પ્રવચનમાં સમગ્ર સત્સંગને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે હોમાત્મક મહાપૂજા તથા અન્નકૂટ ઉત્સવનું આયોજન કર્યું હતું. કોઠારી સત્યસંકલ્પદાસે સુંદર સેવા બજાવી હતી. સભા સંચાલન સ.ગુ.શા. સ્વામી વાસુદેવચરણદાસજીએ સંભાળ્યું હતું. (શા.હરિજીવનદાસજી, હિંમતનગર મહંત)

અપ્રોચ બાપુનગર મંદિરમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા એપ્રોચ મંદિરના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી તા. ૪-૭-૧૦ રવિવારના રોજ રેડ ક્રોસ સોસાયટી દ્વારા અમદાવાદ સિવિલ હોસ્પિટલના દર્દીઓના લાભાર્થે શ્રીહરિની આજ્ઞા મુજબ માંદા લોકોની સેવા ચાકરીના અનુસંધાને બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો. જેમાં કુલ-૫૨ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કરીને અદ્‌ભુત સેવાનું કામ કર્યું હતું. (ગોરધનભાઈ સીતાપરા)

શ્રીહરિના પ્રસાદીભૂત ડાંગરવા ગામે શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમસ્ત ધર્મવંશી ની આજ્ઞા-આશીર્વાદથી તથા નારણઘાટ મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી પ્રસાદીભૂત ડાંગરવા ગામે તા. ૯-૭-૧૦ થી તા. ૧૩-૭-૧૦ પ્રયન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ સ.ગુ.શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ.

પ.ભ. જીવતીબેન કાલીદાસ સોમદાસ પટેલના શુભ સંકલ્પથી અ.નિ. જડીબા સોમદાસ મોતીદાસ પટેલ પરિવાર હ. પટેલ કાંતિલાલ સોમદાસ (દલાલ) પારાયણના મુખ્ય યજમાને અલૌકિક લાભ લીધો હતો. યજમાન પરિવારના આમંત્રણને માન આપી ગામના અને આજુબાજુના ગામો અને અમદાવાદના હરિભક્તોએ કથા શ્રવણનો દિવ્ય લાભ લીધો હતો.

તા. ૧૧-૭-૨૦૧૦ ના શુભ દિને બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. શ્રીરાજા દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. તા. ૧૩-૭-૨૦૧૦ ના પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સહિત પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, નારણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી, શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી આદિ ધામોધામથી સંતોએ પધારીને પ્રેરણાદાયી આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે સમસ્ત ગામ અને યજમાન પરિવારને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથા પ્રસંગે સુંદર કાંડ પાઠ, સત્સંગ ડાયરો, ઘનશ્યામજન્મોત્સવ તેમજ રાસ ગરબા જેવા રાત્રી કાર્યક્રમો યોજાયા હતા. સભા સંચાલન નારણઘાટ મહંત શા. નાના પી.પી. સ્વામી અને શા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુ.)એ શોભાવ્યું હતું. (જયવલ્લભદાસ)

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઉવારસદ મંદિરના પ્રસાદીના બારણાની ભેટ

પ.પૂ. મોટા મહારાજશ્રીના અલૌકિક સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ-નિર્માણનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. ખરેખર વિશ્વમાં શું કોઈ બ્રહ્માંડમાં જેની તુલના ન થાય તેવું શ્રીહરિની અલૌકિક દિવ્યતમ સ્પર્શવાળી - ઉપયોગ માં લીધેલી અનેક વસ્તુઓ મ્યુઝિયમમાં કાયમી દર્શનાર્થે મૂકવામાં આવશે. આપણા સંતો અને હરિભક્તો પણ પરંપરામાં મળેલી પ્રસાદીની વસ્તુઓ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને અર્પણ કરી રહ્યા છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ શ્રી નરનારાયણદેવના બારણા જે વર્ષો પૂર્વે અ.નિ. પૂ. સ્વામી ગોપીવલ્લભદાસજી સ્વામી તથા તેમના ગુરુ પૂજ્ય ધ્યાનદાસજી સ્વામીએ ઉવારસદ મંદિરમાં લાવી ઉપયોગમાં લીધેલા. આ મંદિર ૧૧૧ વર્ષ પુરા કરે છે ત્યારે આ પ્રસાદીના બારણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પધરાવવા ગામના સમસ્ત હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીને અર્પણ કર્યા હતા. આથી પ.પૂ. મોટા મહારાજશ્રીએ સમસ્ત ગામ ઉપર અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. હજુ ઘણા સંતો અને હરિભક્તોના સંકલ્પ પોતાની પાસે રહેલી પ્રસાદીની વસ્તુઓ અર્પણ કરવાના છે. (ઘનશ્યામભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉપલક્ષમાં ઉંઝામાં અદ્‌ભુત હિંડોળા દર્શન

ઉંઝા (બ્રાહ્મણ શેરી) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧-૮-૨૦૧૦ થી તા. ૩૦-૮-૨૦૧૦ પર્યન્ત ઠાકોરજી સમક્ષ ભવ્ય હિંડોળા દર્શન થશે. હિંડોળાનું ઉદ્‌ઘાટન પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજાના શુભ કરકમલથી સંપન્ન થશે. સર્વે હરિભક્તોએ દર્શનનો અચૂક લાભ લેવો. (શા.સ્વા. કેશવપ્રસાદદાસજી, અમદાવાદ)

શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા અંગે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની સીધી દેખરેખ અને આશીર્વાદ પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ સુંદર રીતે પ્રવૃત્તિમાં કાર્યરત છે.

દરેક સંચાલકોને ખાસ જણાવવાનું કે **આગામી પરીક્ષા તા. ૨૬-૧૨-૨૦૧૦ ને રવિવારના રોજ** જે તે કેન્દ્રો પર લેવામાં

આવશે. આ વરસે પરીક્ષા ફક્ત ૨ ભાગની જ લેવામાં આવશે. (બાળ સત્સંગ અને કિશોર સત્સંગ) જે ટુંક સમયમાં તૈયાર થયે જાણ કરવામાં આવશે.

આપના કેન્દ્રના પરીક્ષાર્થીના નામની યાદી તૈયાર કરી વહેલાસર મોકલી આપવી.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ જે ગામો-શહેર અને પરા વિસ્તારના મંદિરોમાં નવા કેન્દ્ર ચાલુ કરવા ખાસ ભલામણ કરી છે.(દેવાણી રણછોડભાઈ બી. પટેલ, સંચાલક, શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ)

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણા

અત્રે જેઠ સુદ-૧૦ સર્વોપરિ શ્રીહરિની અંતર્ધાન તિથિ નિમિત્તે તા. ૨૧-૬-૨૦૧૦ ના રોજ પ.ભ. ડાહ્યાભાઈ ચેલાભાઈ બૂટીયાના ઘરે વચનામૃત વાચન, કર્યું હતું. તા. ૨૨-૬-૨૦૧૦ એકાદશીના સત્સંગ મંડળ તેમના ઘરે ગ્ર.પ્ર. ૧ નું વાચન મનન કરી દરેક યુવાનોને શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો મહિમા સાથે ઉમરેઠના નંદુભાઈની દ્રઢ ઉપાસનાનો સુંદર દાખલો દ્રષ્ટાંત સહિત કહ્યો હતો. એકવાર નિશ્ચય થાય પછી તેમાં ગમે તેવો ચમરબંધી આવે તો પણ ફેરવી ન શકે તેનું નામ ભગવાનના ચોપડે લખાય છે. આપણો બાપ એક જ હોય અને તે આપણા આચાર્ય મહારાજશ્રી સિવાય કોઈ નહીં. તેવા અસંખ્ય દાખલા આપીને યુવાનોને સુંદર સમજ આપીને પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રીના સ્વહસ્તે લખાયેલ "વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ" પુસ્તિકા ભેટ રૂપે આપી હતી. શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન, થાળ, આરતી બાદ પ્રસાદ આપવામાં આવેલ.

છેલ્લે પણ એજ વાત કરી કે આપણા આચાર્ય મહારાજશ્રીએ જે દેવની પ્રતિષ્ઠા કરી હોય તેજ પૂજવા યોગ્ય છે અને જે સંતને દીક્ષા આપી હોય તેજ સંત પૂજનીય છે. અન્ય નહીં. આજે કળિયુગમાં ભગવાન થવાના અભરખા ઘણાને જાગ્યા છે તેનાથી ચેતતા રહેવા ખાસ સૂચન કર્યું હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કાલીયાણા)

શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૦-૬-૨૦૧૦ ના રોજ અત્રે ગામમાં સત્સંગ સભા યોજી હતી. જેમાં હિંમતનગર મંદિરના મહંત શા.સ્વા. હરિજીવનદાસજી તથા કરજીસણ મંદિરના પૂજારી જસુભગતે કથા વાર્તા કીર્તન ભક્તિ કરી સુંદર લાભ આપેલ. અત્રે સેવામાં હિંમતનગર સત્સંગ મંડળના જસુભાઈ, કલેકટરશ્રી કનુભાઈ, કાંતિભાઈ આદિ સૌએ સારી સેવા બજાવી હતી. ઈલોલના કોઠારી કિરીટભાઈ આદિ હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી.

(નટવરસિંહ ડી. સોલંકી)

શ્રી સ્વામિનારાયણ મંદિર ખાવડ મૂર્તિ પ્રતિષ્ઠા

સર્વોપરિ શ્રીહરિની કૃપા તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પુરાણી નારાયણચરણદાસજી અને સંત મંડળના અથાગ પ્રયાસ અને પ્રેરણાથી તેમજ ઘનશ્યામપ્રસાદ સ્વામી તથા કોઠારી રતિભાઈ નારણદાસ પટેલ અને અનેક સંત-હરિભક્તોના સુંદર સાથ સહકારથી અત્રે સુંદર હરિ મંદિર નિર્માણ પુરૂ થતા તા. ૪-૬-૧૦ થી તા. ૬-૬-૧૦ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીના વક્તાપદે સંગીતની સુમધુર શૈલીમાં સંપન્ન થઈ હતી. તેમજ મહાવિષ્ણુયાગ, અન્નકૂટ આદિ કાર્યક્રમ થયા હતા. તા. ૬-૬-૧૦ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થઈ હતી. પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી અને ધામોધામથી પધારેલા સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આ કાર્યમાં સેવા કરનાર સંતો અને હરિભક્તો અને યજમાનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ મંદિર નિર્માણથી લઈ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગમાં અનેક નામી અનામી હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી.

(કોઠારીશ્રી, ખાવડ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળીશ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી જેઠ સુદ-૧૦ શ્રીજી મહારાજની અંતર્ધાન તિથિ નિમિત્તે બ્રહ્માનંદ સભા મંડપમાં શ્રીઘનશ્યામમહારાજ સન્મુખ જેઠ સુદ-૯ ના રાત્રે ૯ કલાકથી જેઠ સુદ-૧૦ સવારના ૧૦-૧૦ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન સંત-હરિભક્તોએ કરી હતી. સાક્ષાત્ શ્રી ઘનશ્યામમહારાજ સમક્ષ વ્હાલા સંતોને સર્વોપરિ શ્રીહરિના સ્વધામગમનની સ્મૃતિ આવતા હૈયું ભરાઈ ગયું હતું. સર્વે સંત-હરિભક્તોએ ભગવાનના દર્શન કરી, ધૂન કરી રાજી થયા હતા. ધૂનની પૂર્ણાહુતિ બાદ દરેક સંત હરિભક્તોને મંદિર તરફથી જલેબીની રસોઈ પ્રસાદરૂપે જમાડેલ.

સમગ્ર વ્યવસ્થા મહંત શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજી તથા કોઠારી સ્વામી આત્મપ્રકાશદાસજીએ સુંદર રીતે કરી હતી. (નવલદાન ગઢવી)

શ્રી સ્વામિનારાયણ મંદિર ખેવડીયા (તા. મોરબી) મૂર્તિ પ્રતિષ્ઠા

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અ.નિ. પૂ. સા.ગુ. શા.સ્વા. ગોપાલચરણદાસજીની દિવ્ય પ્રેરણાથી તેમના શિષ્ય શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજી તથા કોઠારી ભરતભાઈ તથા સમસ્ત સત્સંગના સાથ સહકારથી અત્રે નૂતન મંદિર નિર્માણ પૂર્ણ થતા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને તેના ઉપલક્ષમાં ત્રિદિનાત્મક ભાગવત કથા, શ્રીહરિયાગ તા. ૧-૬-૧૦ થી તા. ૩-૬-૧૦ પર્યન્ત ધામધૂમથી સંપન્ન થયા. સ.ગુ. શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ શ્રીમદ્ ભાગવત દશમસ્કંધની સુંદર કથાનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે પોથીયાત્રા પણ ભવ્ય રીતે કાઢવામાં આવી હતી. તા. ૩-૬-૧૦ ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વેદ વિધિસર સંપન્ન થઈ હતી. ત્યારબાદ અન્નકૂટ આરતી ઉતારીને યજ્ઞની પૂર્ણાહુતિ કરીને પૂ. મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. જ્યાં કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. ત્યાર બાદ યજમાન પરિવારો અ.નિ. દામજીભાઈ જે. કાચા પરિવાર, મોહનભાઈ, શ્રી ચંદુભાઈ રાણપરા, કિશોર મનજી ખેવાડીયા, ભરતભાઈ ડી. ચૌધરી, લવજી કરશન ખેવાડીયા, રતુભાઈ, જયંતીભાઈ, ચેતનકુમાર, વિરેશભાઈ, રાજેશભાઈ, પ્રવિણભાઈ ખીમજીભાઈ મીસ્ત્રી તથા મોરબીના સાં. રાજકુંવરબા અને સાં. ઉષાબા વતી હરિભક્તોએ અને ગામના દરબાર હરિભક્તો તથા સમસ્ત ગામે પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને અને શા.સ્વામી સૂર્યપ્રકાશદાસજી અને યજમાન પરિવારને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે અમદાવાદથી દેવ સ્વામી (નારાયણઘાટ), જે.કે. સ્વામી, મૂળીના મહંત સ્વામી, બાલુ સ્વામી, પ્રભુ સ્વામી, મોરબી, ધ્રાંગધ્રાના સંતો, ભાતથી પુરૂષોત્તમસ્વામી આદિ સંતો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગમાં જે.કે. સ્વામી અને કોઠારી અને રણછોડભાઈની સેવા પ્રેરણાદાયી હતી.

(કોઠારી ખેવડીયા)

વિદેશ સત્સંગ સમાચાર

ન્યુજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી અત્રે આપણા ન્યુજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક માસમાં ગવૈયા સ્વામી ચંદ્રપ્રકાશદાસજી ગુરુ શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજીએ સંગીતના સુર સાથે ધીરજખ્યાનની કથા કરીને હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. આ શુભ અવસરે પ.પૂ. બિંદુરાજા સાથે શ્રીસુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમાર પધાર્યા હતા અને સૌને અલૌકિક લાભ આપ્યો હતો. સમૂહ મહાપૂજાનું પણ આયોજન થયું હતું. જેમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને શ્રી પંકજભાઈ (ગામડીવાળા)ની સેવા પ્રેરણારૂપ હતી.

તા. ૧-૬-૧૦ શનિવારે સાંજે ૫ થી ૭-૩૦ ભજન સંધ્યા કાર્યક્રમમાં ગવૈયા સ્વામી અને વિનોદ પટેલે નંદ સંતોના કીર્તનોની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે પ.ભ. પ્રહલાદભાઈ પટેલ, પ.ભ. ભક્તિભાઈ પટેલ અને યુવક મંડળ સેવામાં સક્રિય રહ્યા હતા. દર શનિવારે રાત્રે ૮-૩૦ થી ૧૦-૦૦ યુવક મંડળ દ્વારા વચનામૃત (૨૭૩)ની કથા કરવામાં આવે છે. સ્વા. ચંદ્રપ્રકાશદાસજી સરળ અને સમજાય તેવી ભાષામાં યુવાનોને સમજણ પુરી પાડે છે.

અત્રે ૨૩ મો પાટોત્સવ ૫ જૂન, શનિવારના ધામધૂમથી ઉજવાયો. ચંદ્રપ્રકાશ સ્વામીએ ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમારે (પૂ.બિંદુરાજાના પુત્રો) સાથે રહી વેદવિધિસર સંપન્ન થયો હતો. આ પ્રસંગે કળશ યાત્રા, મહાપૂજા, અન્નકૂટ દર્શન, સંતોના આશીર્વાદ અને કથા વાર્તા થઈ હતી. બહેનોને લાભ આપવા પૂ. બિન્દુરાજા દર્શનાર્થે પધાર્યા હતા. શ્રી ઈશ્વરભાઈ શુકલે યજમાનોને પૂજા વિધિ કરાવી હતી.

આ પ્રસંગમાં ચેરીહીલથી શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી, કોલોનીયાથી સ્વા. હરિનંદનદાસજી અને વિહોકન મંદિરના ગવૈયા ચંદ્રપ્રકાશ સ્વામીએ હરિભક્તોને સર્વોપરિ શ્રીજી મહારાજનો મહિમા માહાત્મ્ય સહિત સુંદર ઉપદેશ આપ્યો હતો. બાળકો દ્વારા સુંદર સત્સંગને અનુરૂપ નાટક રજુ કરાયુ હતું. શ્રી સુવ્રતકુમારે નિલકંઠવર્ણીના વેષમાં સેવક રામની સેવા કરી ને સુંદર ઉપદેશાત્મક વાત સમજાવી હતી. પ્રોગ્રામને અંતે ભાગ લેનાર બાળકોને પૂ. બિન્દુરાજાએ પ્રોત્સાહન ઈક્ષામ આપીને આશીર્વાદ આપ્યા હતા. શ્રીહરિ નામ સ્મરણ સાથે કથા વિરામ પામી હતી. (પ્રવિણભાઈ પટેલ અને મેહુલ ઠક્કર)

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ખાતે વૈશાખ સુદ-૩ પરશુરામજયંતી ધામધૂમથી ઉજવાઈ હતી. આ પ્રસંગના ઉપલક્ષમાં શા.સ્વામી ધર્મવલ્લભદાસજી અને શા.સ્વા. હરિનંદનદાસે સુંદર કથા કરી હરિભક્તોને લાભ આપ્યો હતો. અક્ષય તૃતીયાના દિવસે

હતી. હરિભક્તો દેવ દર્શન અને સંતોની કથાનો લાભ લઈ કૃતકૃત્ય થયા હતા. (પ્રવિણભાઈ)

વોશિંગ્ટન ડી.સી. ચેપ્ટર

અત્રે બુવી મેરીલેન્ડમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી ૧૧ જૂન શનિવારે સાંજે ૭-૧૫ થી ૧૦-૧૫ અને તા. ૧૯ જૂન શનિવારે સાંજના ૪-૪૫ થી ૯-૪૫ સુધી સુંદર સત્સંગ સભા નિયમિત રૂપે યોજાઈ હતી. જેમાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની લીલારૂપ કથા, કીર્તન ભક્તિ, નિત્ય નિયમ અને થાળ આરતી સમૂહમાં કર્યા હતા. આપણા એલ.એ. મંદિરથી શા.સ્વા. ધર્મકિશોરદાસજીએ સેલફોનના માધ્યમથી શ્રીહરિના સર્વોપરિપણા અને ધર્મવંશીના મહિમાની અદ્‌ભુત કથા સંભળાવી હતી. તથા મહેસાણામાં મુક્તરાજ કાશીબાના ઘરમાં પરચો, અમદાવાદ મંદિરમાં બાલ સ્વરૂપ ઘનશ્યામમહારાજે આપેલ પરચો આદિ અનેક ભગવાન સંબંધી કથા કરીને હરિભક્તોને રાજી કર્યા હતા.

(કનુભાઈ પટેલ)

આઈ.એસ.એસ.ઓ. "સેવા" દ્વારા હૈતી અને ચીલીના ભૂકંપગ્રસ્તોને રાહત સેવા કાર્ય

૧૨ જાન્યુઆરી ૨૦૧૦ ને મંગળવારના રોજ હૈતીના પાટનગર પોર્ટ-ઓપ્રિન્સ થી ૧૬ માઈલ દૂર લીઓગેન શહેર નજીક જેનું કેન્દ્ર હતું, તેવો ૭.૦ રીકટર સ્કેલની તીવ્રતાવાળો ભયાનક ભૂકંપ હૈતીમાં આવ્યો. ત્યારબાદ ૨૪ જાન્યુઆરી સુધીમાં ૪.૫ રીકટર સ્કેલ કે તેથી વધુ વાળા બીજા નાના-મોટાં ૫૨ આફ્ટર શોક આ પ્રદેશના લોકોએ અનુભવ્યા. હૈતીના સરકારી સૂત્રોના જણાવ્યાનુસાર કુલ ૨,૩૦,૦૦૦ લોકો આ ભૂકંપમાં માર્યા ગયા, ૩,૦૦,૦૦૦ લોકોને નાની-મોટી ઈજાઓ થઈ અને ૧૦,૦૦,૦૦૦ લોકો બેઘર બન્યા.

ત્યારબાદ એક મહિના બાદ ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૦ ના રોજ ચીલીના મૌલે પ્રદેશનાં ૮.૮. રીકટર સ્કેલની તિવ્રતાવાળો ભયંકર ભૂકંપ લગભગ ૯૦ સેકન્ડ સુધી અનુભવાયો. આ ભૂકંપને કારણે ચીલીના દરિયાકાંઠે સૂનામી તોફાન થયું. જેણે તાલ્કોહુઆનો બંદરને તબાહ કરી નાખ્યું. આ ભૂકંપની ચીલીના ૧૩% લોકોને અસર થઈ અને દેશના મોટા ભાગના શહેરોમાં બે સપ્તાહ સુધી અંધારપટ છવાયેલો રહ્યો.

આ બંન્ને ભયંકર કુદરતી આફતોમાં મદદ કરવા માટે વિશ્વના ઘણાં દેશો આગળ આવ્યા અને વિવિધ પ્રકારની મદદ જેવી કે, રાહત ફંડ, ડોકટર અને દવાની મેડીકલ ટીમ, એન્જીનીયરોની ટીમ વિગેરે પૂરા પાડ્યા. આવા સમયે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આઈ.એસ.એસ.ઓ. "સેવા" એ મર્સી કોર્સ સાથે મળીને સ્થાનિક લોકોને રાહત-કાર્ય અને બચાવ-કાર્ય શરૂ કર્યા. આપણા તમામ આઈ.એસ.એસ.ઓ. મંદિરોમાં ફંડ એકઠું કરવા માટે આપણા હરિભક્તો ડો. માયાબેન રઘુવંશી અને શ્રી રઘુવંશીએ પહેલ કરી અને ફંડની શરૂઆત થઈ. હૈતી અને ચીલીના ભૂકંપ પિડીત લોકોને મદદ પહોંચાડવા માટે આપણા આઈ.એસ.એસ.ઓ.ના મીશીગન, કેલિફોર્નીયા, મેસેચ્યુસેટસ, ઈલીનોઈસ, ટેકસાસ, ન્યુજર્સીના ચેપ્ટરો દ્વારા ખૂબજ મોટું રાહત-ફંડ એકત્રિત કરવામાં આવ્યું. જે મર્સી-કોર્સને અને હેબીટેટ ફોર હ્યુમિનીટીને સરખે ભાગે આપવામાં આવ્યું.

હેબીટેટ ફોર હ્યુમેનિટીને આઈ.એસ.એસ.ઓ. સેવા દ્વારા આપવામાં આવેલ ફંડમાંથી લોકોને પોષણક્ષમ આહાર, બાળકોની સંભાળ અને દવાઓ તેમજ અસરગ્રસ્ત લોકોની અન્ય જરૂરીયાતો પૂરી પાડવા માટે ઉપયોગમાં લેવાશે. એજ રીતે મર્સીકોર્સને આઈ.એસ.એસ.ઓ. સેવા દ્વારા આપવામાં આવેલ ફંડમાંથી ભૂકંપમાં ઉગરી ગયેલ લોકોને પીવાનું ચોખ્ખું પાણી તેમજ યોગ્ય રહેઠાણની સગવડતા આપવી, ત્યાંના સ્થાનિક રહેવાસીઓ માટે નોકરી અને રોજગારી ઉભા કરવા, ભૂકંપગ્રસ્ત મકાનોનો કાટમાળ દૂર કરવો વિગેરે માટે ઉપયોગમાં લેવાશે.

આમઆપણી આઈ.એસ.એસ.ઓ. સેવા દ્વારા આખા વિશ્વમાં કુદરતિ આપત્તિ સમયે જરૂરિયાત મુજબની તમામ રાહત અને મદદ પહોંચાડવામાં આવે છે. આથી આપણા સર્વે હરિભક્તોને અનુરોધ છે કે તેઓ પોતાની શક્તિ અને ઈચ્છા મુજબ આઈ.એસ.એસ.ઓ. સેવાને આર્થિક સહયોગ આપે. વધુ વિગતો માટે સંસ્થાની વેબસાઈટ : www.issoseva.org જોવી.

(આપણી આઈ.એસ.એસ.ઓ. દ્વારા ચાલતી સેવા સંસ્થાએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના માર્ગદર્શન અને સૂચન મુજબ હૈતીમાં આવેલા ભયંકર ભૂકંપમાં ભૂકંપ પિડીતોને મોટું ફંડ કરીને મદદ પહોંચાડી હતી. જે માટે ત્યાંની સરકારી સંસ્થાએ આભાર વ્યક્ત કરતો પત્ર અંગ્રેજીમાં લખેલ તેનો સારાંશ)

હૈતી ભૂકંપની કુદરતી આપત્તિ સમયે આઈ.એસ.એસ.ઓ. સેવાની અદ્‌ભુત સેવા બદલ મર્સીકોર્સ વતી અમે બધા આપની સંસ્થાના ખૂબજ આભારી છીએ.

૧૨ મી જાન્યુઆરીની આ દુઃખદ ઘટનામાં સમગ્ર વિશ્વ સમુદાયે આવી અચાનક આવી પડેલ આપત્તિમાં દુનિયાના દરેક દેશોની જેમ સદ્‌ભાગ્યે આપણી આઈ.એસ.એસ.ઓ. સેવા સંસ્થા દ્વારા અમને મળેલ ફંડ-સહકારથી ખાસ અનુશાસન (વહીવટ) ના કારણે હૈતીના પિડીત લોકોને પુનઃ સ્થાપન અને પુનઃ વસવાટ માટે જરૂરી એવી મદદ કરી રહ્યા છીએ. અને આ અંગે એક લાંબા ગાળાની સહાય યોજના વિશે વિચારી રહ્યા છીએ.

આપના સહકારથી આપણે પોર્ટઓ-પ્રિન્સના કેમ્પમાં

ચોખ્ખું પાણી, તેમજ શૌચાલય જેવી પાયાની સુવિધાઓ પુરી પાડવાના અમારા પ્રયત્નો કેન્દ્રિત કરી રહ્યા છીએ.

આ ઉપરાંત આ ભૂકંપ દુર્ઘટનામાંથી ઉગરી ગયેલા યુવાનોને માનસિક, સામાજીક મદદ કરવા તેમજ હૈતીના ઉચ્ચ પ્રદેશ સ્થિત કુટુંબોને કામબદલ રોકડ રકમના અભિયાન દ્વારા તાત્કાલિક ધોરણે સ્થાનિક આર્થિક તંત્ર ઉભું કરી રહ્યાં છીએ.

આજે અમારા ઉપર તેમજ અમારી સંસ્થા ઉપર આ હૈતીના રાહત ફંડમાં જે વિશ્વાસ અને શ્રધ્ધા દર્શાવી છે તે બદલ અમે ફરી આપના આભારી છીએ.

આપની મદદ વગર કદાચ આ શક્ય બન્યું ન હોત.

આપનો વિશ્વાસુ

કે.બી. બાર્કર, વિકાસ અધિકારી,
મર્સીકોર્સ રોજર સિર્સર હાઉસ,
કેમ્બ્રીજ, એમ.એ.૦૨૧૩૮

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

તીથિ	જેઠ માસમાં રસોઈ આપનાર	ગામ
જેઠ સુદ-૧	પ.ભ. ડાહ્યાભાઈ ગોવાભાઈ નાથાજી (ચુરમાના લાડુ)	બાલવા
	પ.ભ. રીમાબેન કરસનભાઈ રાઘવાણી (ચુરામાના લાડુ)	અમદાવાદ
જેઠ સુદ-૨	અ.નિ. ભાણબાઈ કેસરા તથા અ.નિ. કેસરા કરશન હાલાઈ (ચુરમાના લાડુ)	મેઘપર-કચ્છ
	પ.ભ. કેસરબાઈ મૂળજી વેકરીયા (મગસના લાડુ)	માંડવી-કચ્છ
જેઠ સુદ-૪/૫	પ.ભ. હીરજી માવજી ભૂડીયા (ચુરમાના લાડુ)	ફોટડી-કચ્છ
જેઠ સુદ-૬	પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (હ. અ.નિ. અમૃતભાઈ નરશીભાઈ પટેલ) (રસ પુરી)	અમદાવાદ
જેઠ સુદ-૮	અ.નિ. બચીબાઈ શીવજી (મગસના લાડુ)	સુખપર-કચ્છ
જેઠ સુદ-૯	અ.નિ. હરજીભાઈ કાનજી હાલાઈ (ચુરમાના લાડુ)	મેઘપર-કચ્છ
જેઠ સુદ-૧૦	પ.ભ. પટેલ કંકુબેન હીરાલાલ (ચુરમાના લાડુ)	ડાંગરવા
	પ.ભ. પટેલ ગોવિંદભાઈ રામદાસ (ચુરમાના લાડુ)	ડાંગરવા
	પ.ભ. નરસિંહભાઈ પરસોતમભાઈ (ચુરમાના લાડુ)	સુરેન્દ્રનગર
જેઠ સુદ-૧૨	પ.ભ. પરસોતમભાઈ નારણદાસભાઈ (ચુરમાના લાડુ)	ઉંઝા
જેઠ સુદ-૧૩	પ.ભ. લલીતાબેન રમેશભાઈ પટેલ (મોહનથાળ)	બળોલ-ભાલ
જેઠ વદ-૧	પ.ભ. ભીમજીભાઈ કરશનભાઈ જેસાણી (શીખંડપુરી)	બળદીયા-કચ્છ
	પ.ભ. ચમનભાઈ કાનજીભાઈ ગોરડીયા (મોહનથાળ)	અમદાવાદ
	પ.ભ. મહેશભાઈ મગનભાઈ કુંભાણી (મોહનથાળ તથા બુંદીના લાડુ)	અમદાવાદ
જેઠ વદ-૨	પ.ભ. લાલભાઈ નાથાભાઈ પટેલ (ચુરમાના લાડુ)	પોર
જેઠ વદ-૩	પ.ભ. ચૌધરી મોતીભાઈ કાનજીભાઈ (ચુરમાના લાડુ)	ઈન્દ્રપુરા
જેઠ વદ-૪	પ.ભ. રતિલાલ હીરાલાલ પટેલ (ચુરમાના લાડુ)	મેતપુર
જેઠ વદ-૭	અ.નિ. ભંડારી સ્વામી ચતુર્ભુજદાસજી (હ. સ્વામી વિશ્વવિહારીદાસજી) (બુંદીના લાડુ)	ગઢડા
	પ.ભ. ડૉ. દિલીપભાઈ પટેલ (સાટા)	અમદાવાદ
જેઠ વદ-૧૨	પ.ભ. પટેલ બળદેવભાઈ કુબેરભાઈ (હ. નાના પી.પી. સ્વામી કોટેશ્વર) (ચુરમાના લાડુ)	અમદાવાદ
	અ.નિ. પ.ભ. વિશ્રામભાઈ રામજીભાઈ ગાંગજીયાણી (ચુરમાના લાડુ)	દહીંસરા-કચ્છ
	પ.ભ. બેલાબેન વકીલ (દૂધપાક-માલપુવા)	અમદાવાદ
જેઠ વદ-૩૦	પ.ભ. રાજેશભાઈ (અ.નિ.પ.ભ. ઉમાકાંતભાઈ ત્રિવેદી) (બુંદીના લાડુ)	મુંબઈ
	પ.ભ. કરશનભાઈ જી. કાછડીયા (ચુરમાના લાડુ)	અમદાવાદ

સંવત ૨૦૬૬-૬૭ના વર્ષમાં ચોમાસામાં ગામડાંઓમાં (દેશ) કથા કરવા ગયેલ સંતોની યાદી

દેશનું નામ	મંડળધારીનું નામ
બાલવા	શાસ્ત્રી સ્વામી કેશવચરણદાસજી (કચ્છી) ગુરુ સ્વામી શ્રીહરિદાસજી (અમદાવાદ)
પોર-વાવોલ	કોઠાર હસ્તક (અમદાવાદ)
સાદરા-વાસણા	સ્વામી હરિપ્રકાશદાસજી ગુરુ નારાયણમુનિદાસજી (અમદાવાદ)
કણભા	સ્વામી નિલકંઠદાસજી ગુરુ શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ)
આંતરોલી	સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ્વામી જાનકીવલ્લભદાસજી (નાથદ્વારા)
કપડવંજ	શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી (અમદાવાદ)
બાલાસિનોર	શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી (અમદાવાદ)
લુણાવાડા	સ્વામી હરિકૃષ્ણદાસજી ગુરુ સ્વા. નારાયણજીવનદાસજી (અમદાવાદ)
અસલાલી	નાના પી.પી. સ્વામી ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી (કોટેશ્વર)
ભાત-કાસીન્દ્રા	સ્વામી જગતપ્રકાશદાસજી ગુરુ સ્વામી બાલમુકુંદદાસજી (અમદાવાદ)
સાણંદ-ગોધાવી	શાસ્ત્રી સ્વામી કેશવચરણદાસજી (કચ્છી) ગુરુ સ્વામી શ્રીહરિદાસજી (અમદાવાદ)
નળકંઠા	કોઠાર હસ્તક (અમદાવાદ)
ખાખરીયા	શાસ્ત્રી સ્વામી સ્વયંપ્રકાશદાસજી ગુરુ સ્વામી શ્રીહરિદાસજી (જયદેવપુરા)
વિરમગામ	શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર)
ટ્રેન્ટ સીતાપુર	શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર)
મારૂસણા	સ્વામી રઘુવીરદાસજી ગુરુ સ્વામી કૃષ્ણજીવનદાસજી (સોકલી)
કડી-રાજપુર	શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી ગુરુ સ્વામી હરિજીવનદાસજી (અમદાવાદ)
મોટપ	સ્વામી ઉત્તમપ્રિયદાસજી ગુરુ સ્વામી કૃષ્ણકેશવદાસજી (મહેસાણા)
ઉંઝા	સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી (સિધ્ધપુર જુંનુ મંદિર))
શિરોહી	સ્વામી ગુરુપ્રસાદદાસજી ગુરુ સ્વામી હરિગોવિંદદાસજી (કાંકરિયા)
વિસનગર	શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી ગુરુ સ્વામી હરિસેવાદાસજી (વડનગર)
પ્રાંતિજ-મોડાસા	શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી ગુરુ સ્વામી દેવપ્રસાદદાસજી (અમદાવાદ)
લાંઘણજ	સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી (સિધ્ધપુર જુનુ મંદિર)
વડુ - ડાંગરવા	શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી ગુરુ સ્વામી દેવપ્રસાદદાસજી (અમદાવાદ)
વિહાર-ગેરીતા	શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી ગુરુ સ્વા. હરિસ્વરૂપદાસજી (ધ્યાની સ્વામી) (સિધ્ધ. નવુ મંદિર)
મોખાસણ	સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી (સિધ્ધપુર જુનુ મંદિર)
ઘમાસણા	નાના પી.પી. સ્વામી ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી (કોટેશ્વર)
સંતરામપુર	શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજી ગુરુ સ્વામી હરિશ્ચંદ્રપ્રકાશદાસજી (અમદાવાદ)

શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૧/- પટેલ અનુપ એ. પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે ચાંદખેડા
૧૦૧/- પટેલ ઘનશ્યામભાઈ અચ. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ચૌહાણ રસિકભાઈ કેશવલાલ ચિ. સુપુત્રી ભૂમિકાના શુભ લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- લાડવા હસમુખભાઈ કાનજીભાઈ ચિ. સુપુત્ર રાહુલના શુભ લગ્ન પ્રસંગે મોરબી
૧૫૦/- પટેલ અશોકભાઈ કચ્ચરદાસ બન્ને પુત્ર-પુત્રી બોર્ડની પરીક્ષામાં પાસ થયા તે નિમિત્ત વિહાર
૨૦૧/- ચૌધરી નરસીરામચિ. માવારામને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે જોધાવા
૨૦૧/- પટેલ બહેચરદાસ માધવલાલ નિવૃત થયા તે નિમિત્ત અમદાવાદ
૧૧૧/- મોદી તારાબેન નટવરલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ શાંતાબેન પી. ઓપરેશન સફળ થયું તે નિમિત્તે અમદાવાદ
૨૦૦/- પટેલ સોનલબેન સુંજયભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- સિધ્ધિ સુનીલભાઈ અને હિમાબેન જનકભાઈ ધો-૧૦-૧૨ માં પાસ થયા તે નિમિત્ત પાસ થયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- દેસાઈ સુરેશભાઈ એમ. નવી વેગનઆર ગાડી લાવ્યા તે નિમિત્ત અમદાવાદ
૨૫૧/- પટેલ અમિત જસવંતલાલ નવું મકાન લીધું તે નિમિત્તે કેલીફોર્નીયા
૧૦૧/- ચૌધરી માહનલાલ રામજીભાઈ ચિ. દિલીપના લગ્ન પ્રસંગે બાલવા
૧૦૧/- પટેલ રમાબેન અલ્પેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે કપડવંજ
૧૦૦/- પરમાર ગંભુભાઈ જે. ચિ. શ્રધ્ધાને ધો-૧૨ માં ૮૬% બળોલ-ભાલ આવ્યા તે નિમિત્તે
૨૫૧/- નાયી જસવંતલાલ કેશવલાલ ચિ. સુપુત્રી કોમલબેન ડેમાઈ દારેસલામ ગયા તે નિમિત્તે
૧૦૨/- ટાંક કંચનબેન લાલજીભાઈ ચિ. દિનેશના લગ્ન પ્રસંગે પૂના
૧૦૦/- મારવી પારીલ ભાવેશભાઈ નવી સાયકલ લીધી તે નિમિત્તે ધ્રાંગધ્રા
૧૦૧/- શ્રી ઘનશ્યામટ્યુશન ક્લાસીસ નવા વર્ષના ટ્યુશન શરૂ કર્યા તે નિમિત્ત બાલાસિનોર
૧૦૦/- ચોટલીયા રમેશભાઈ મોહનભાઈ શુભ લગ્ન પ્રસંગે નવસારી
૧૦૧/- ઠક્કર સુરેશભાઈ દામજીભાઈ ચિ. યોગેશની સગાઈ નિમિત્તે ડીસા
૧૦૧/- રાઠોડ વિનોદભાઈ મગનભાઈ પુત્રના જન્મદિન પ્રસંગે નવસારી
૧૦૧/- રાઠોડ હિતેષ વાલજીભાઈ બી. કોમ. પાસ થયા તે નિમિત્તે મુંબઈ
૧૦૧/- ટાંક રીટાબેન મનોજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મીરારોડ
૧૦૦/- પટેલ વિજયભાઈ અરવિંદભાઈ નવી મારૂતીવાન લાવ્યા તે નિમિત્તે દહેગામ
૧૦૧/- પટેલ જીતેશકુમાર સુમનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૦/- રાઠોડ સુરેશભાઈ નારણભાઈ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે જીરાગઢ
૧૦૧/- પટેલ મધુસુદન પ્રહલાદભાઈ નવું એક્સેસ લાવ્યા તે નિમિત્તે મોટેરા
૧૫૧/- ચૌહાણ કરમશીભાઈ દેવજીભાઈ ચિ. હરેશના લગ્ન પ્રસંગે જામસર
૧૦૧/- રાઠોડ અમરશીભાઈ પ્રેમજીભાઈ ચિ. સંગીતાના લગ્ન પ્રસંગે જામસર
૧૦૧/- રાઠોડ અરમશીભાઈ લાલજીભાઈ ચિ. હેતુલના લગ્ન પ્રસંગેજામસર
૨૧૦/- પટેલ રાજુભાઈ (વડુવાળા) શ્રીજી પ્રસન્નાર્થે અમરિકા
૫૦૧/- પટેલ વિશાલભાઈ રમેશભાઈ લગ્ન પ્રસંગે કરજીસણ
૧૦૧/- ડાભી તેજપાલસિંહ નારણજી મગનજી નોકરી મળી તે નિમિત્ત ડાંગરવા
૨૫૧/- ચૌધરી અશોકકુમાકર કાંતિલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે બાલવા
૧૦૧/- વઢેલ કલ્પેશકુમાર ધનાભાઈ નવું ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે એરવાડા
૧૦૧/- વઢેલ મહેશભાઈ ધનાભાઈ ચિ. કુલદિપના જન્મદિન નિમિત્તે એરવાડા
૧૦૧/- દવે નિલ હર્ષિત જન્મદિન નિમિત્તે કેનેડા
૧૦૧/- સુધાબેન મનુભાઈ ચિ. મિલાપકુમારના લગ્ન પ્રસંગે રડોદરા
૧૦૧/- બેલાબેન ભીખાભાઈ શ્રીજી પ્રસંન્નાર્થે આકરૂંદ
૧૦૧/- જ્યોતિબેન શૈલેષકુમાર નોકરી ટ્રાન્સફર નિમિત્તે ધનસુરા
૧૦૦/- પટેલ ચંપાબેન દિનેશભાઈ ભાણાના જન્મપ્રસંગે
૧૦૧/- પટેલ જસુભાઈ નારણભાઈ ચિ. માહિમબેનના જન્મદિન નિમિત્તે ખેરોલ
૧૦૦/- પોપટ નિલેશકુમાર ચુનીલાલ શ્રીજી પ્રસન્નાર્થે કેશોદ
૧૦૧/- પટેલ કાનજીભાઈ ગોંડાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ટ્રેન્ટ
૧૦૦/- પટેલ મિહીર જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધમાસણા
૧૦૦/- મોરી પાર્થ ચમનભાઈ ધો-૧૦ માં પાસ થયો તે નિમિત્તે ડેડીયાસણ
૧૦૧/- પટેલ કાંતાબેન નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે હઠીપુરા

૧૦૧/- પટેલ નરેન્દ્રકુમાર દાજીભાઈ ચિ. કલ્પનાબેનના લગ્ન પ્રસંગે માધવગઢ
૧૦૧/- ટાંક પ્રવિણભાઈ મનસુખભાઈ ચિ. નયતિના જન્મદિન પ્રસંગે કાંદીવલી-મુંબઈ
૧૦૧/- પટેલ વિમળાબેન હરજીવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૫૧/- પટેલ મનસુખભાઈ ઉકાભાઈ ચિ. સચિનને ધો-૧૦ માં ૮૪% નિમિત્તે રતનપુર
૧૦૧/- ડાભી મફાજી સુરદારજી ચિ. ભાવસિંગને બી.એડમાં ૮૩% આવ્યા તે નિમિત્તે ડાંગરવા
૧૦૧/- સાવલીયા મોનાંક ચંદુભાઈ ધો-૧૦ માં ૯૩% આવ્યા તે નિમિત્તે બાપુનગર
૧૦૦/- ગજજર સવિતાબેન બળદેવભાઈ પુણ્યતિથિ નિમિત્તે રાણીપ
૧૦૦/- ચૌધરી ધરણીબેન ચંદ્રેશકુમાર જન્મદિન નિમિત્તે આકરૂંદ
૧૦૦/- પરમાર દામજીભાઈ મનજીભાઈ ચિ. ચિંતનના લગ્ન પ્રસંગે સામપેર
૧૦૧/- પટેલ પ્રવિણચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- વરૂ ખીમજીભાઈ ટપુભાઈ ચિ. ઘનશ્યામને બેંકમાં નોકરી મળી તે નિમિત્તે રાજકોટ
૧૦૧/- ભટ્ટ નરેન્દ્રભાઈ મકાન લીધું તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ અલ્પેશ પ્રહલાદભાઈ ચિ. મિથિલના જન્મનિમિત્તે સોજા
૧૦૧/- પટેલ તુષાર મહેન્દ્રભાઈ ચિ. દિવ્યના જન્મનિમિત્તે સોજા
૨૦૨/- પરમાર નટુભાઈ ગેમરભાઈ ચિ. કૃણાલના તથા રૂતુરાજના જન્મદિન નિમિત્તે ભાયલા
૧૦૧/- પટેલ વસંતભાઈ પૌત્ર યુગના જન્મદિન નિમિત્તે ઊંઝા
૧૫૦/- પટેલ જગદીશકુમાર બળદેવભાઈ બબીના જન્મદિન નિમિત્તે આણંદપુરા
૧૦૦/- સોની પ્રવિણભાઈ બાબુલાલ ચિ. કીર્તનના મુંડન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ બાબુભાઈ જીવણભાઈ ચિ. જિગ્નેશના લગ્ન પ્રસંગે હિરપુરા
૫૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ બાલ સ્વરૂપ ઘનશ્યામમહારાજના પ્રસ્વેદ બિંદુ પરચા નિમિત્તે પૂજારી જસુભગત
૧૦૧/- કા. પટેલ ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૧/- મોદી હંસાબેન વસંતભાઈ ચિ. માગેશ અને ચિ. અમીના લગ્ન પ્રસંગે મુંબઈ
૧૦૧/- મહેતા જીવંતિકાબેન લક્ષ્મીકાંત તેમના પુત્ર એમ.કોમ.માં અમદાવાદ પાસ થયો તે નિમિત્તે
૧૦૧/- કાછીયા વિનયકુમાર ગોપાલદાસ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૦/- રાઠોડ છગનલાલ મુરજી ચિ. અમિષને ત્યાં પુત્રીના જન્મપ્રસંગમુંબઈ
૧૫૧/- મકવાણા નટવરભાઈ છગનભાઈ બાબાને નોકરી મળી તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- ભાવસાર જે. જે. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ રણછોડભાઈ દેવજીભાઈ ચિ. દિવાકરને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે આણંદપુર-ભાલ
૨૦૦/- પટેલ શિતલબેન પ્રહલાદભાઈ બી.એડ.માં ૮૭% અને વિદ્યા સહાયકમાં ભરતી નિમિત્તે બીલીયા
૧૦૧/- પાનસેરીયા મિલનકુમાર રમેશભાઈ લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પાનસેરીયા હાર્દિકકુમાર રસિકભાઈ સગાઈ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ભાવસાર તેજેન્દ્ર રમેશચંદ્ર નવું બાઈક લાવ્યા તે નિમિત્તે ચાંદલોડીયા
૨૦૧/- પટેલ અંકિત વિક્રમભાઈ અને તોરલ વિક્રમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૧૦૧/- પટેલ ભૌમિક હરિકૃષ્ણભાઈ બી. ડી.ઈ.ઈ.માં સારા ગુણે પાસ થયા તે નિમિત્તે વિહાર
૧૧૧/- મોદી રાજેન્દ્રકુમાર નટવરલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ રાવજીભાઈ મંગળદાસના સ્મરણાર્થે નાંદોલ
૧૦૧/- પ્રિયાબેન તથા કિસના જન્મદિન નિમિત્તે કપડવંજ
૫૦૦/- પટેલ ચિતનકુમાર ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મણીયોર-બેંગ્લોર
૧૦૧/- વેગડ મનસુખભાઈ વી. ચિ. સુપુત્રી કીર્તિબેનને ત્યાં ભાણાનાં જન્મપ્રસંગે સુરત
૨૦૧/- મૌલિક મનુભાઈ ભીખાભાઈ શ્રીહરિ સ્મરણાર્થે કુહા
૫૦૧/- ચાવડા માવજીભાઈ મોહનભાઈ ચિ. સંજય અને અ.સૌ. કૈલાશ આસ્ટ્રેલીયાના પી.આર. થયા તે નિમિત્તે બળોલવાળા
૧૦૦/- અ.નિ. પ્રફુલચંદ્ર રમણલાલની પુણ્યતિથિ નિમિત્તે જમીયતપુરા
હ. કમલેશભાઈ
૧૫૧/- જાખણીયા પ્રદિપભાઈ આર. બી.બી.એ.માં બીજા વર્ષમાં ફસ્ટ કલાસ નિમિત્તે કરીયાણી

૧૫૧/- જાખણીયા ધનજીભાઈ બી. ચિ. નયનભાઈ આર.બી.સી.એ.માં પાસ થયા તે નિમિત્તે — કરીયાણી
૧૦૦/- પટેલ રવિ તથા જનીષાના સગપણ નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- પટેલ રોનક મહેન્દ્રભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- માદી રોહિતકુમાર દશરથલાલ નવું એવીએટર લાવ્યા તે નિમિત્તે — દહેગામ
૧૦૧/- કા. રાધિકાબેન જીતેન્દ્રકુમાર ધો-૧૦માં પાસ થયા તે નિમિત્તે — લુણાવાડા
૧૦૦/- ચૌધરી શિરાલીબેન ચંદ્રેશકુમાર જન્મદિન નિમિત્તે — આકરૂંદ
૧૦૦/- પટેલ હિરલબેન ધીરૂભાઈ સા.કાંઠા બેંકમાં નોકરી મળી તે નિમિત્તે — આકરૂંદ
૧૦૦/- પટેલ ભાવેશકુમાર પ્રવિણભાઈ લગ્ન પ્રસંગે — આંતરોલી (લંડન)
૧૦૧/- પટેલ અશ્વિનભાઈ નારણભાઈ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- ચૌધરી પ્રહલાદભાઈ મહાદેવભાઈ ચિ. નિર્મલના જન્મદિન નિમિત્તે
૧૫૧/- અમીન શોભનાબેન અરવિંદભાઈ ચિ. પુત્ર વિરલ-ઘરાની ચિ. ઝીયાના જન્મદિન નિમિત્તે — દહેગામ(લંડન)
૧૦૦/- પટેલ મનીષકુમાર શૈલેષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મોટેરા
૧૫૦/- પટેલ નારાયણભાઈ બેચરદાસ નવું મકાન લીધું તે નિમિત્તે — ગવાડાવાળા
૧૦૫/- પટેલ નરસીભાઈ નારણભાઈ નવું એકટીવા લીધું તે નિમિત્તે. લખતર
૧૦૦/- પરમાર રણછોડભાઈ કરશનભાઈ નવી દુકાન લીધી તે નિમિત્તે — અમદાવાદ-બળોલવાળા
૧૦૦/- સિંધવ કશુભાઈ કાનાભા ચિ. જીતુભાઈને ત્યાં પુત્ર જન્મપ્રસંગે — બળોલ-હાંસોલ
૧૦૧/- ઝિંઝુવાડીયા નટવરલાલ લલ્લુભાઈ જન્મદિન નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- અ.નિ. શાંતિલાલ નાનાલાલ દરજી દ્વારા પુણ્ય તિથિ નિમિત્તે — સાદરા
૧૦૧/- ભાવસાર સુશીલાબેન વનમાળીદાસ જન્મદિન નિમિત્તે — ગાંધીનગર

૧૦૧/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ ચાતુર્માસ નિમિત્તે — બાવળા
૧૦૦/- પટેલ ભગાભાઈ ચિ. જીનીત તથા ભૂમિકા માટે એકટીવા લાવ્યા તે નિમિત્તે — સોજા
૧૦૧/- સોલંકી રોનક સુરેશકુમાર ધો-૧૨ માં ૭૪% આવ્યા તે નિમિત્તે — અમદાવાદ
૧૧૧/- સોની કિંજલ હિતેશભાઈ એમ.કોમ. પાર્ટ-૧ માં પાસ થયા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- વિજય વિડીયો વિઝન ચાતુર્માસ પ્રારંભે મેધરાજાના આગમન નિમિત્તે — વડુ
૧૦૧/- કુકડીયા શિલાબેન પ્રવિણભાઈ એમ.બી.બી.એસ.માં વડોદરા એડમીશન નિમિત્તે — નવસારી
૧૦૧/- પટેલ હિતકુમાર મુકેશભાઈ જન્મપ્રસંગે — ઉનાવા
૧૦૦૦/- અ.નિ. પ.ભ. વસંતલાલ મંગળદાસ મુખી શ્રીહરિ સ્મરણાર્થે — મેતપુર
૧૦૦/- વંદન તથા વદાંત ધો-૧૦ અને ૧૨ માં પાસ થયા તે નિમિત્તે — ગોધરા
૧૦૧/- ચૌધરી હીર પરેશભાઈ જન્મદિન નિમિત્તે — બાપુનગર
૧૦૦/- પટેલ મીનાબેન રાજેન્દ્રભાઈ ૨૫ મી લગ્ન તિથિ નિમિત્તે
૧૦૧/- રાઓલ ઉમાબા બહાદુરસિંહ પી.ટી.સી.માં પાસ થયા તે નિમિત્તે — સોઢીભાલ
૧૦૦/- પટેલ ધૃનાલ ઘનશ્યામભાઈ ૧૦ મી જન્મતિથિ નિમિત્તે — અમદાવાદ
૧૫૧/- પટેલ માધવલાલ મથુરદાસ એસ.ટી. નિગમમાંથી નિવૃતિ નિમિત્તે — રિદ્રોલવાળા
૧૦૧/- સોની બાબુલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૧/- પટેલ નિમિષાબેન વાસુદેવભાઈ એમ.એડ.ની ડીગ્રી મળી તે નિમિત્તે — દાંતીવાડા
૧૦૧/- વ્યાસ મનસુખલાલ નાગરદાસ શ્રીજી પ્રસન્નાર્થે — કાંકેર
ગત અંકના સુધારા
૧૦૧/- ચૌધરી નવ્ય હરેશભાઈ તા. ૮-૨-૧૦ જન્મ પ્રસંગે સાકર તુલા નિમિત્તે — બાલવા

અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

વાઘોડીયા (જી. વડોદરા) : સંપ્રદાયના બન્ને દેશ અમદાવાદ અને વડતાલના પૂ. આચાર્યશ્રી તથા બ્રહ્મનિષ્ઠ સંતો તથા હરિભક્તોનો પ્રેમસંપાદન કરનાર તથા (મૂળી ચરાડવા વાળા) પૂજ્ય શાસ્ત્રી સ્વામી ગોપાળચરણદાસજીના યોગમાં આવતા છેલ્લા પાંચ દાયકાથી સત્સંગમાં સક્રિય રહી તન, મન અને ધનથી દરેક મંદિરોમાં ખૂબજ સેવા કરાવતા હતા. તથા દેશ અને વિદેશમાં અમેરિકા, આફ્રિકા, સ્વીડન, ઈંગ્લેન્ડ આદિ દેશોમાં ફરીને હરિભક્તોને સર્વોપરિ પણાનો મહારાજનો અદ્‌ભુત નિશ્ચય કરાવતા તથા બન્ને આચાર્ય મહારાજશ્રીના અત્યંત કૃપાપાત્ર એવા પ.ભ. ધીરૂભાઈ હરજીવનદાસ સોની (વાઘોડીયા) જેઠ વદ-૧ ને તા. ૨૭-૬-૨૦૧૦ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે, જેમના અક્ષરવાસથી સત્સંગમાં મોટી ખોટ પડી છે.

બાલવા (ઉનાવા) : પ.ભ. જેશંગભાઈ રામાભાઈ ચૌધરી તા. ૮-૭-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

માણસા : પ.ભ. પુરીબેન વિઠ્ઠલદાસ હરગોવનદાસ પટેલ તા. ૧૪-૬-૨૦૧૦ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

માધવગઢ (તા. પ્રાંતિજ) : પ.ભ. લલીબેન રણછોડભાઈ પટેલ તા. ૨૩-૬-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ-સાબરમતી : પ.ભ. કાંતાબેન ગાંડાલાલ મોદી તા. ૨૪-૫-૨૦૧૦ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

નાંદોલ : પ.ભ. રાવજીભાઈ મંગળદાસ પટેલ તા. ૧૦-૬-૨૦૧૦ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ (સોજાવાળા) : પ.ભ. જગદીશકુમાર પરસોતમદાસ પટેલના ચિ. સુપુત્ર ઉત્સવકુમાર ખૂબજ નાની ઉંમરે શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૧૮-૭-૨૦૧૦ના રોજ અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : આપણા અમદાવાદ સ્વા. મંદિર પ્રેસના કારીગર પંડ્યા કિશનભાઈ મગનભાઈ તા. ૧-૭-૨૦૧૦ના રોજ અક્ષરનિવાસી થયા છે.

અંબાપુર : પ.ભ. ડાહ્યાભાઈ ચુંથાભાઈ પટેલ ચૈત્ર સુદ-૧ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સુરત (રોહીશાળાવાળા) : પ.ભ. ધરમશીભાઈ મનજીભાઈ ટાંક તા. ૧૪-૭-૨૦૧૦ને બુધવારના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ગત અંક જુલાઈ-૨૦૧૦નો સુધારો

મહેસાણાના શ્રી નરનારાયણદેવ દેશના પરમઆશ્રિત પ.ભ. નટુભાઈ મોદીના ચિ. સુપુત્ર જિકેશભાઈ તા. ૨૧-૬-૨૦૧૦ના રોજ ખૂબજ નાની ઉંમરે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. (હ. જયેશભાઈ મોદી)

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.









૧. વડનગર સ્વા.મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક કરતાં પ.પૂ.મહારાજશ્રી અને પૂજારી સ્વા. અભિષેકપ્રસાદદાસજી અને સભામાં શ્રી સોમાભાઈ મોદીને આશીર્વાદ આપતાં પ.પૂ. મહારાજશ્રી

૨. પ્રાંતીજ મંદિરમાં પાટોત્સવની આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી અને સભામાં પ.પૂ. મહારાજશ્રીની નિશ્રામાં ઉદ્‌બોધન કરતાં શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી તેમજ સભામાં બિરાજેલા પૂ. પી.પી.સ્વામી સાથે સંતમંડળ

૩. ખાવડ ગામે નૂતન સ્વા.મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાની આરતી ઉતારતાં અને સભામાં આશીર્વાદ આપતાં પ.પૂ. મહારાજશ્રી

૪. છપૈયાધામમાં ગુરુ પૂર્ણિમા પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીની પ્રતિમાનું પૂજન કરતાં હરિભક્તો

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003/9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011













૧. સીડની શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સમૂહ મહપૂજામાં લાભ લેતાં હરિભક્તો
૨. એટલાન્ટા શ્રીસ્વામિનારાયણ મંદિરના ત્રીજા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને અન્નકૂટ ધરાવીને સમૂહ મહાપૂજા વિધિ કરાવતા પૂ. શ્રીજી પ્રકાશદાસજી સ્વામી અને પૂ. જે.પી. સ્વામી
૩. સીનેમેન્શન શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ગુરુ પૂર્ણિમા પ્રસંગે કીર્તન સંધ્યા કાર્યક્રમમાં કીર્તન ભક્તિ કરતાં ગવૈયા ચંદ્રપ્રકાશ સ્વામી , શા.વી.પી.સ્વામી અને હરિભક્તો.

Museum Year
March 2010 - March 2011

ઈ.સ.૨૦૧૦-૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ"

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી માર્ચ ૨૦૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ" તરીકે જાહેર કરવામાં આવે છે.

ઉદ્‌ઘાટન ૮મી માર્ચ ૨૦૧૧

સંવત ૨૦૬૭ ફાગણસુદ ૭ જી શ્રી નરનારાયણ દેવનો પાટોત્સવ

www.swaminarayanmuseum.com/org

AGADISH OFFSET